ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Vol No.:9 - ISSUE : 11 • February 2022 • PAGES : 56 • PRICE 30/-

ગુજરાતી અંગ્રેજી વર્ષ : ૯ (કુલ વર્ષ ૯૩) અંક : ૧૧ • ફેબ્રુઆરી ૨૦૨૨ • પાનાં : ૫૬ • કિંમત : ૩૦/-



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન: ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન: ૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ:**



- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.



- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરનાં સરનામા પર જ કરવો.


## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | સલામતી અને અસલામતીની વચ્ચે | સેજલ શાહ | ૦૩ |
| ૨. | એકલવ્યની આરાધના અને અર્જુનનો સાક્ષાત્કાર! | કુમારપાળ દેસાઈ | ૦૭ |
| ૩. | નાનીને આજેય શ્રદ્ધા છે કે.. | ભદ્રાયુ વછરાજાની | ૧૦ |
| ૪. | 'સ્વરાંક્તિ પરંપરિત જૈન-પૂજા-સંગ્રહ' અને શ્રી હસુ યાજ્ઞિકના સંગીત વિષયક પુસ્તકો | અભિજિત વ્યાસ | ૧૧ |
| ૫. | રાજા રવિ વર્માનું જીવનચરિત્ર : સદાબહાર રંગોથી અંકિત | સેજલ શાહ | ૧૩ |
| ૬. | રંગ વાસ્તવનો રાજવી : વિન્સેન્ટ વાન ગોઘ | કનુ સૂચક | ૧૫ |
| ૭. | વાત આ મહિનાની | આચાર્ય વિજય શીલચંદ્રસૂરિશ્વરજી મહારાજ | ૧૮ |
| ૮. | નિયમ અને સહજતા | મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજી | ૨૦ |
| ૯. | સર્વ માંગલ્યના પદો | જૉની શાહ | ૨૩ |
| ૧૦. | અજ્ઞાન અને દુઃખની સમસ્યા | ભાણદેવજી | ૨૭ |
| ૧૧. | સૂફીગ્રંથ સૂફી સંદેશની મીમાંસા | મહેબૂબ દેસાઈ | ૨૯ |
| ૧૨. | જૈન ભૂગોળ-ખગોળ અને બ્રહ્માંડ | શ્રી વિજયનંદિઘોષસૂરિજી મહારાજ | ૩૧ |
| ૧૩. | મણિબહેન વલ્લભાઈ પટેલ એક સમર્પિત જીવન વિશેની મારી અનુભૂતિ | મેધા ત્રિવેદી | ૩૩ |
| ૧૪. | તિરૂક્કુરળ ચિંતલિકા-૪ | પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ. સા. | ૩૬ |
| ૧૫. | જ્ઞાન સંવાદ - ૧૪ | પાર્વતીબેન ખીરાણી | ૩૭ |
| ૧૬. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન છાડવા | ૩૯ |
| ૧૭. | મૈત્રીથી પ્રેમ તરફની પાવક યાત્રા | તખુભાઈ સાંડસુર | ૪૧ |
| ૧૮. | Lokaswaroop Bhavana : Reveal The True Nature Of the Universe | Prachi Shah | ૪૨ |
| ૧૯. | Upadhyaya Yasovijayaji Maharaja - A Thinker | Kamini Gogri | ૪૫ |
| ૨૦. | સલાહ | રતિલાલ બોરીસાગર | ૫૩ |
| ૨૧. | ભાવ-પ્રતિભાવ | – | ૫૪ |
| ૨૨. | અતીતની બારીએથી આજ | બકુલ ગાંધી | ૫૫ |
| ૨૩. | અંતિમ ક્ષણ માટે વિચારો અને અમલ કરો | તત્વચિંતક વી પટેલ | ૫૬ |


**નોંધ: 'પ્રબુદ્ધ જીવન' મુખપૃષ્ઠ પર મૂકવામાં આવેલ ચિત્ર, ચિત્રકાર રવિ વર્મા દ્વારા દોરાયેલ છે.**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૮ • વીર સંવત ૨૫૪૮ • મહા સુદ - ૧૫

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## સલામતી અને અસલામતીની વચ્ચે

મનુષ્ય માત્રની ખેવના શાંતિમય જીવન અને વધુ સુખમય જીવનની હોય છે. સુખ અંગેની વ્યાખ્યા મનુષ્યે-મનુષ્યે બદલાતી જાય છે. ઘરેથી નીકળ્યા હો ત્યારે ગરમીના દિવસોમાં છત્રી ન જ લીધી હોય અને અચાનક વરસાદ તૂટી પડે તો પોતાની યાદશક્તિને ન જ કોસાય. સંજોગો મુજબ અચાનક વધુ બદલાય અને જે સ્વીકારી શકે અને આગળ વધે તે સાચો મનુષ્ય ગણાય.

આજે જે સમયમાં આપણે જીવી રહ્યા છીએ, તેમાં ભૌતિક સંસ્કૃતિનો અનેરો મહિમા થઈ રહ્યો છે. ધર્મ, શ્રધ્ધા અંગે કટોકટી વર્તાઈ રહી છે. શાશ્વતા મૂલ્યને શંકાથી જોવાય છે. શિક્ષણ, કેળવણી સાચા સમાજની વ્યાખ્યા કરનારા અને કેળવણી દ્વારા ઉત્તમ નાગરિક તૈયાર કરવામાં નિષ્ફળ ગયા છે. શિક્ષણ ક્ષેત્રે જે નિષ્ફળતા મળી છે, તેનું પરિણામ સમગ્ર દેશે ભોગવવું પડે છે. ટૂંકા ગાળાના પરિણામલક્ષી ધોરણોને નજરમાં રાખી લાંબાગાળાના મૂલ્યો જોખમમાં મૂકાયા છે.

આખા વિશ્વે છેલ્લા બે વર્ષમાં કોરોની કટોકટીમાંથી પસાર થયા બાદ શું, તે સમજવાની જરૂર છે. ફરી પાછા 'જૈસા થે'ની સ્થિતિમાં આવતાં પહેલાં જે શીખી લેવાયું છે, તેને બદલાવવાની ઉતાવળ શા માટે? મનુષ્ય પાસે આશા-નિરાશા છે, શ્રીમંત અને ગરીબ અવસ્થા છે, સફળતા અને અસફળ પરિણામો છે, પણ શું મનુષ્ય પાસે પોતાની યાત્રાનો હિસાબ છે? શું તેને તે સમજવામાં રસ છે? યાત્રાનો અંતિમ હંમેશ મહત્વનો નથી હોતો, પ્રવાસ, યાત્રાના દરેક મુકામ મહત્વના હોય છે.

મનુષ્યને પોતાની ઓળખ, પોતાની સ્પષ્ટતા આપી દેવાની ઉતાવળ છે. નિર્ણય પર આવીને પોતાની હાથવેંત સ્થિતિને વધુ

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી દીનાબેન ચેતનભાઈ શાહ અને**
**શ્રી ચેતનભાઈ નવનીતલાલ શાહ**
**પુણ્યસ્મૃતિ**
**માતુશ્રી હીરાલક્ષ્મી નવનીતલાલ શાહ**

**આ અંકના સૌજન્યદાતા**
**બંસરીબેન એમ. પારેખ**
**પુણ્યસ્મૃતિ**
**સ્વ. જ્યોતિબેન મોહનલાલ પારેખ**
**(પ્રજ્ઞાચક્ષુ)**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બૅન્ક ઑફ ઈન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

ઉપર મૂકી દેવી છે. પોતાને સિદ્ધ કરવાની કાયર ઉતાવળમાં જે ગુમાવાઈ રહ્યું છે, તેને ઉઘાડી આંખે સ્વીકારવાનું છે. સત્યની સાથે ઊભા રહેવા માટે આકરી હિંમત જોઈએ, પ્રાપ્તિ માટે, સ્વાર્થ માટે હંમેશા જીવાતું નથી, જીવાય છે મૂલ્ય માટે, વિચાર માટે, ઈમારતની એક મજબૂત ઈંટ બનવા માટે. આશાવાદ મને ખૂબ ગમે છે પણ ભ્રામકતા, પોકળતા કદી નહીં! કોઈના ચશ્મા પહેરીને નહીં પણ મારા પોતાના પારદર્શી વિચારો સાથે, જૂથ ન હોય તો પણ એકલા-અટૂલા ઊભા રહેવાની તાકાત કેળવી છે. પોતાનાં બાવડાંના જોરે સમુદ્ર પાર કરવો છે. કોઈને કારણે અને કોઈનાથી નહીં પણ સ્વના બળ પર, એમાં અહંકાર નહીં શક્તિ છે. એક શિક્ષક, તંત્રી, આયોજક, માનવીય સેવા સાથે જોડાયેલા દરેકમાં આ બાબત હોવી જોઈએ. દરેક ગૃહિણી, દરેક નાગરિક **સ્વ-તેજ ઝળકે અને તેઓ એની ઉપાસના કરે એ જ ધર્મ.**

સંપ્રદાય, જૂથમાં રહેવા માટેનો નિયમ જ એ હોવો જોઈએ કે તમે આ જૂથમાં સમાઈ જવા નહીં, તમારા અંકુર દ્વારા જૂથને સમૃદ્ધ કરવા આવો છો. આપણે આવરણ ઉભું કરી દીધું. સ્વતેજને આવરણ પહેરાવી સલામતીનો ભ્રમ ઊભો કર્યો, 'બધા સાથે રહેવું' એમ કહેવાતાં વાક્ય પાછળ 'સ્વ'નો નાશ નહોતો જોડાયો. બધાની સાથે રહીને પણ 'સ્વ'ને વિકસાવી શકાય. સ્વનો વિકાસ કરીને સહુ સાથે ભળી શકાય. ભળી જવું એટલે એક જૂથ જેમાં શબ્દો ઝીલાય અને લીડર જે આદેશ આપે. આમ બે વર્ગ નક્કી થયા, આદેશ આપનાર અને આદેશ ઝીલનાર! આપણને આ વ્યવસ્થા ફાવી ગઈ છે અને એમાં આપણે એટલા પાવધરા થઈ ગયા કે દરેકની અંદર સત્યાગ્રહી જેવી નિષ્ઠા અને તેજ ન જન્માવી શક્યા. વ્યક્તિ વિકાસને બદલે જૂથ વિકાસમાં પડી ગયા. અનુસરનારાઓનું જૂથ હોય, વિચારશક્તિ કરનારાઓનું નહીં.

એક વિચાર કરો. રાષ્ટ્રને સ્વતંત્રતા માટે તૈયાર કરી ગાંધીજીએ કોંગ્રેસને વિખેરી દેવાનું સૂચવ્યું હતું, શા માટે? કોઈ નેતા પોતાના અનુયાયીના ટોળા ઊભા નથી કરતો, તે વિચાર મૂકે છે, તે વિચાર તેની ઉપયોગીતા મુજબ સમાજને ઉજાળે છે. વિચાર મહત્વનો છે, તેના દ્વારા સમાજ કેટલો આત્મનિર્ભર બને છે તે મહત્વનું છે. આપણે કોઈને પરાવલંબી બનાવવાનું પાપ કેવી રીતે વ્હોરી શકીએ? અંગ્રેજી શિક્ષણ પદ્ધતિમાં કારકુન બનાવવાની આખી પદ્ધતિ અંગેના વિરોધ પાછળનું મૂળ કારણ માણસને તાબેદાર ન બનાવવો, એ હતું. દરેક સ્વાવલંબી બને અને દરેક પોતાના કૌશલથી આગળ વધે. બુદ્ધિનો પ્રયોગ કર્યા વિના માત્ર અનુસરણ કરતા રહેવું, એ અપેક્ષિત નહોતું.

એ માણસ છે, મશીન નહીં, એ વિચારે છે, બોલે છે ત્યારે તેને વિરોધી ન સમજો, એ તમારા શબ્દોનું અનુસરણ કરનાર સિપાઈ નથી, એ સ્વ-તેજથી દૈદીપ્યમાન આત્મા છે, એને એના કર્મ, જીવન માટે અવકાશ આપો.

એક રાજાના દરબારમાં એવો નિયમ હતો કે વર્ષમાં ચાર વાર જાહેર જનતાને બોલાવીને મંતવ્ય લેવા અને જે મંતવ્ય આપે તેને પુરસ્કાર આપવો. પહેલીવાર જનતા દરબાર ભરાયો, બધાએ રાજાના ખૂબ વખાણ કર્યા, પુરસ્કાર મેળવ્યા, બીજીવાર, ત્રીજીવાર એમ થયું! હવે તો વિશેષણાત્મક શબ્દોની જાણે સ્પર્ધા ન હોય! રાજાનું વજન વધવા લાગ્યું, રાણી ચતુર હતી તેને સમજાઈ ગયું કે આવનારો સમય વિકટ થવાનો. રાજાની આસપાસ સાકરના ગાંસડાની દીવાલ બંધાઈ રહી છે, હવે રાજાના કર્ણને વિપરીત વાત સાંભળવી નહીં ગમે. તેને તાબોડતોબ મંત્રીને બોલાવ્યો અને ચોથી વખતે જે દરબાર ભરાવાનો હતો, તેની કાર્યવાહી પોતે હાથમાં લીધી. દસેદસ નાગરિકોએ છેલ્લા નવ મહિના દરમ્યાન રાજ્યમાં થયેલ નુકસાનની વાત કરી. બધાએ રાજાના વખાણ કરવાને બદલે રાષ્ટ્રના પ્રશ્નો અને રાજાની ભૂલોનો હિસાબ આપ્યો.

રાજ્યમાં ગણગણાટ વધી ગયો, આમ ન કરાય, રાજાની વિરુધ્ધમાં ન કહેવાય, વગેરે વગેરે. રાજાની નજર આમતેમ ફરી રહી હતી, ગયા ત્રણ દરબાર વખતે જે જનતાએ બડાઈ હાંકી હતી, તે બધાને તેની આંખો શોધી રહી હતી. રાજાના જીહજૂરિયાએ આજના દસ નાગરિકોને રાજ્ય બહાર કાઢવાની ધમકી આપી, મંત્રીએ કહ્યું કે રાજ્યનું બંધારણ લોકશાહી. છે પણ હવેથી એ નહીં ચાલે. આજથી લોકશાહી પ્રથાને બદલે ભક્તપ્રથા ચાલશે! આમ જનતાને બોલવાની, વિચારવાની છૂટ ન આપવી. બીજા જીહજૂરિયાએ કહ્યું કે રાજ્યમાં ટેક્સ વધારી દો, જે રાજા વિરુધ્ધ બોલશે તેને ગુનેગાર ગણવામાં આવશે. ધીરે ધીરે રાજાનું અભિમાન પાછું ફરવા માંડ્યું, હવે થોડાક જીહજૂરિયાને કારણે રાજાને કળ વળી અને તે પોતાની ભૂલ દર્શાવનારને ફાંસીએ ચડાવવા તૈયાર થયો. રાજા ઊભો થયો, ત્યારે તેના માથાનો તાજ જરા ડગમગું થયો, ધરતી ધ્રુજી, તેના જીહજૂરિયાઓ અડધા ધરતીમાં ઉતરી

ગયા. જેને રાજાની ભૂલ દેખાડી હતી તેઓ ધરતી પર વેંત ઊંચા થયા. હવે રાજા આભો બનીને જોયા કરતો હતો. તેને સમજાતું નહોતું કે આ શું થઈ રહ્યું છે!

હવે દરબારમાં રાણી પ્રવેશે છે, તેને રાજાને કહ્યું કે તમે આ દસને રાજ્ય બહાર કાઢવા ધારો છો, કારણ એમણે તમને તમારી ભૂલ દર્શાવી, તમારી વિરુધ્ધ બોલ્યા, એમ તમે ધારો છો. અને એટલે તમે તેને રાજ્ય બહાર કરવા ધારો છો, તમે એમ કરો તે પહેલાં હું તમને એમનો પરિચય આપી દઉં, પછી તમે જરૂર એમ કરજો.

રાજા રાણીના પ્રવેશથી ચોંકી ઉઠ્યો, રાણીએ રાજાને કહ્યું કે જેમને તમે રાજ્યમાંથી બહાર કાઢવા ધારો છો, તે લોકો આ રાજ્યમાંથી જશે એટલે એમની સાથે જશે, વિનય, વિવેક, સત્, વિદ્યા, લક્ષ્મી, સુંદરતા, સમભાવ, ન્યાય, પ્રેમ અને ધર્મ! આ બધું જ જશે. જ્યાં માત્ર અને માત્ર અજ્ઞાનતા છે, ભ્રમ છે ત્યાંની ભૂમિ અચેતન બની જતાં વાર નહીં લાગે.

એના પછી આ રાજ્ય જીવ વગરનું મકાન બની જશે, શું તમે આને નિર્જીવ દેહનો આકાર બનાવવા ઇચ્છો છો કે જીવંત સદ્‌થી ભરેલ સમાજ! રાજાને ક્ષણમાં પોતાની ભૂલ સમજાઈ, તેમનો દુરાગ્રહ ખોટા માર્ગે લઈ જઈ રહ્યો, તેને એ મારગ છોડ્યો અને પોતાની ભૂલ સ્વીકારી.

આજે રાજા મળતા નથી, ભૂલ સ્વીકારનાર મહાત્મા મળતા નથી, ભૂલનો ન્યાય કરનાર ન્યાયાધીશ મળતા નથી, વિચારને શુધ્ધ કરનાર પ્રયોગશાળા મળતી નથી, સમજને વિકસાવનાર શિક્ષણસમાજ મળતા નથી, એવી અઢળક ફરિયાદ કરવાને બદલે ચાલો, આપણે જ આરંભ કરીએ, અસલામતીની નિરર્થકતામાં ફસાવાને બદલે સલામતીનો સ્વરમાં શોધવાનો!

સત્ય, સાહસ અને સદ્ સલામતી આપે છે. જેને આપણે સલામતી સમજીએ છીએ, તે આપણો સ્વાર્થ તો નથી ને, જરા તપાસી લઈએ! અસલામતી એ તો અવસ્થા છે. કશુંક ગુમાઈ જશે, હાથમાંથી ચાલી જશે એની. પણ શું ચાલી જશે? સંપત્તિ, અનુયાયી કે સત્તા! તેની જ મહત્વકાંક્ષા છોડી દઈએ. પછી કોને ગુમાવાનો ડર રહેશે? આપણે આપણી યાત્રા પોતાની જાત સાથે કરીએ, નિજાનંદ માટે કરીએ. સુખ અને દુઃખ આપણા પોતાના ઉછેરલા છોડ છે, આપણે જ નક્કી કરવાનું છે કે કોને પાણી પીને આપણે ઉછેરવા ધારીએ છીએ! આપણી વીણાનું સંગીત કેટલું મધુર બને છે તેનો આધાર આપણે વીણાના તાર કેવી રીતે છેડીએ છીએ, તેના પર છે, આજે આ સંવાદ કરવાનું મન થયું તેના બે કારણે, એક હાલમાં એક મિત્રે Evan klimeનું પુસ્તક Security & in Security મોકલ્યું અને બીજું ઉપાધ્યાય ભુવનચંદ્ર મહારાજ સાહેબનું એક પદ વાંચવામાં આવ્યું,

**જીવનપોથી**

થોથી જીવનપોથી એનાં,
ભરચક ભરિયા પાનાં,
પાને પાને લીટા દોર્યા,
મીંડા માતર કાના... મીંડાં...

ભૂતકાળની ધૂળ ચડી છે,
યાદોંનાં છે જાળાં,
બાવનનો છે બોજ ઘણો ને,
ના પામ્યા અજવાળાં,
સમજણ નામે મોટું મીંડું
પૂર્યાં કેવળ ખાનાં... મીંડાં...

પોપટ પેઠે પાઠ કર્યો ને
ધોળા ઉપર કાળું,
ઢાઈ અખ્ખર ના સમજાણા,
અક્કલનું દેવાળું,
પઢી પઢીને પથ્થર થાશો,
વાંચો કોરાં પાનાં... મીંડાં...

ભાગાકાર થયા સરવાળે ને
ગુણાકાર તો બાકી,
ગાયો કોકની, ગણ્યા શીંગડાં,
રહ્યા છેવટે થાકી,
બે લીટીની વચ્ચે વાંચો,
થાશે સારાં વાનાં... મીંડાં...

– **'ચિન્મય'**

આ જીવનની પોથી પર આપણે બાંધેલા બધા પૂર્વગ્રહો માન્યતાઓનાં લીટોડાં કરીને પારદર્શી જીવનને મેલું કરી દીધું છે. શબ્દ અને સમજણની દૃષ્ટિએ આ કાવ્યને દરેકે પોતાના જીવનમાં

કોતરીને અનુસરવું જોઈએ.

જીવનના પસાર થઈ ગયેલા વર્ષોમાં યાદોની ક્ષણને જાળવીને રાખી છે અને એના ભારથી વર્તમાનને કાબરચીતરો કરી દીધો છે. જીવનના દિવસો-વર્ષોને પાનાંનું રૂપક આપીને સુંદર નિરીક્ષણ પ્રસ્તુત કર્યું છે. માણસ ભાષા શીખ્યો પણ અર્થને નથી પામી શક્યો, બૌદ્ધિકતાનો અર્થ સર્વભાવથી દૂર થવું એમ નથી હોતો. મનુષ્ય પોતાનું જીવન કારણ વગરના પૂર્વગ્રહો, ગમા-અણગમામાં વેડફી દે છે. ચોકડીઓ અને મીંડા કરીને ખાના ભરી દઈએ પણ જીવનનું સારાભૂત તત્વ જો પામીએ નહીં તો ભણતર શું કામનું? આચાર્યશ્રીએ 'ચિન્મય' નામે 'જીવનપોથી' કાવ્ય રચના કરી છે. માણસને પોતાની ભવાઈ સમજાવવાનો પ્રયત્ન કરે છે કે જીવનને 'બાવનનો વિસ્તાર'નું રૂપક આપી કવિએ આખા જીવનને વ્યર્થ બાજીમાં પલટાવી દેતો માણસ આમ જ ઢેબા ખાધા કરશે. જ્યારે તે સાચા અર્થને સમજશે, માણસ માટે ભાવ કેળવશે, બહારની નિયોન લાઇટને બદલે અંતરના અજવાળાને પામશે ત્યારે તેનું જીવન આપોઆપ મીંડા અને ચોકડીની રમત બહાર એક સાર્થક ઉપવન બનશે.

માણસ પોતાના ભૂતકાળને છોડી શકતો નથી, યાદોના જાળા જકડી રાખી જીવનના અજવાળાંને દૂર કરે છે. કોઈકની ગાયો અને કોઈકના શીંગડાં ગણીને તાળો બેસાડી શકતો નથી, પણ માણસ એમ જ કરવા મથે છે. જ્યારે બે લીટી વચ્ચેના અર્થને પામશે ત્યારે તેને સૌંદર્ય, પ્રેમ અને જીવનનો સાચો અર્થ સમજાશે. માત્ર ખાનાં ભરીને નહીં, સમજણને વિકસાવીને આગળ વધવાનું છે. જો ખોટેખોટાં લીટોડાંથી આ પાનાંઓ ભરાઈ જશે તો ફરી એક 'માનવભવ' નિષ્ફળ જશે, તેને સાર્થક કરવા જીવનના થોથાને સાર્થકપોથી બનાવવા કવિશ્રી 'ચિન્મય'ની વાત સરળ, સહજ પણ માર્મિક રીતે આ કાવ્ય દ્વારા સમજાય છે.

સલામતી અને અસલામતી આર્થિક, સામાજિક બને પહેલા માનસિક હોય છે. આટલું ભણ્યા, અક્ષરો, ઉકેલ્યા પણ પ્રેમની ભાષા સમજવામાં માણસ ઊણો ઉતર્યો છે. બીજા પાસે શું, બીજા સામે આંગળી કરતો માણસ પોતાનામાં જોવાનું ભૂલી ગયો છે, જો એકવાર જોઈ લેશે તો એની સલામતી એને અંદર જ મળશે!

પ્રયોગ કરતા રહો, સત્યના, નહીં કે અસત્યના!


❑ **ડૉ. સેજલ શાહ**

સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨

sejalshah702@gmail.com



પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરો :
કાર્યાલયની ઓફિસ અથવા મેલ કરો,

(૧) sejalshah702@gmail.com

મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.

પ્રબુદ્ધ જીવન સામયિક માટેનો સમગ્ર પત્રવ્યવહાર, લેખ તંત્રીના સરનામે મોકલવા.

**સરનામું :**
૧૦/બી, ૭૦૨, અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્ષ, આકુલી રોડ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

ભારત માટેના લવાજમના દર

| | | |
|---|---|---|
| ✦ | **વાર્ષિક લવાજમ** | ₹ ૩૦૦ |
| ✦ | **ત્રણ વર્ષનું લવાજમ** | ₹ ૭૫૦ |
| ✦ | **પાંચ વર્ષનું લવાજમ** | ₹ ૧૨૫૦ |
| ✦ | **દસ વર્ષનું લવાજમ** | ₹ ૨૫૦૦ |

પરદેશ માટેના લવાજમના દર

| | | |
|---|---|---|
| ✦ | **1 વર્ષનું લવાજમ** | **$ 30** |
| ✦ | **3 વર્ષના લવાજમ** | **$ 80** |
| ✦ | **5 વર્ષના લવાજમ** | **$ 130** |
| ✦ | **10 વર્ષના લવાજમ** | **$ 250** |

વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર)માં મોકલાવો તો **$** પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બેન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

# મારો અસબાબ -૧૦

# એકલવ્યની આરાધના અને અર્જુનનો સાક્ષાત્કાર!

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

**એ**કલવ્ય અને અર્જુનના બંનેના ચિત્તમાં વિદ્યાપ્રાપ્તિના સમયે ગુરુ દ્રોણની કેવી છબી હશે? એકલવ્ય સમક્ષ ગુરુ પ્રત્યક્ષ નહીં, કિંતુ એમની વિદ્યા અને નિપુણતાથી હાજરાહજૂર હતા. એ ગુરુપ્રતિમા પાસે રહીને જ્ઞાનપ્રાપ્તિ કરતો હતો, જ્યારે અર્જુન પાસે તો ગુરુની સાક્ષાત્ ઉપસ્થિતિ હતી. એકલવ્ય એના ચિત્તમાં ગુરુ પાસેથી પ્રાપ્ત થતાં ધનુર્વિદ્યાના જ્ઞાનની કલ્પના કરીને સજ્જ થતો હશે, તો અર્જુન ગુરુ સમીપ રહીને એમની પાસેથી એ જ્ઞાન ઉપાર્જિત કરતો હશે.

જીવનમાં માર્ગદર્શક અને વિદ્યાદાતા ગુરુ વિશે વિચારીએ, ત્યારે ક્યારેક એ ગુરુ એકલવ્ય સમાન હોય છે. એ પ્રત્યક્ષ હોતા નથી, પરંતુ એમના વિચારો, સાહિત્ય અને એમના જીવનની ઘટનાઓ શિષ્યના મનમાં ગુરુની છબી સર્જતી હોય છે.

શિષ્યને માટે ગુરુની સૃષ્ટિ એ એના જીવનનો વિચાર અને આધાર બનતો હોય છે. ગુરુના વિચારો પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષરૂપે શિષ્યના માનસનું ઘડતર કરતા હોય છે. વળી જેમ જુદા જુદા ક્ષેત્રોમાં ગતિ કરો, ત્યારે એ ક્ષેત્રમાં પણ કોઈ પથદર્શક તમને મળે છે, જે એક યા બીજી રીતે તમારા જીવનકાર્યને, વિચારજગતને કે એ આગવા ક્ષેત્રમાં તમારા કાર્યને ઘડે છે. કોઈ શિલ્પી મૂર્તિ રચે અને એનાં ટાંકણાથી એક એક અંગને ઘાટ આપે, તે રીતે 'ગુરુમૂર્તિ' માત્ર એક વ્યક્તિની વિચારસૃષ્ટિની ઘડાયેલી હોતી નથી, પણ પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ અનેક વ્યક્તિઓનાં કાર્ય અને ભાવનાઓથી ઘડાયેલી હોય છે. આમાં પ્રથમ સ્મરણ થાય છે પંડિત સુખલાલજીનું. ભારતવર્ષના દાર્શનિક વિદ્વાન પંડિત સુખલાલજી સાથે મારા પિતાશ્રી 'જયભિખ્ખુ' અને કાકાશ્રી રતિલાલ દેસાઈને ગાઢ સંબંધ હતો. મને પણ પ્રજ્ઞાચક્ષુ પંડિતજી પાસે બેસીને એમની જ્ઞાનવાણી સાંભળવાનો લ્હાવો પ્રાપ્ત થયો હતો. ક્યારેક એમની પાસે બેસીને ગ્રંથવાચન કરવાની તક મળી હતી, તો ક્યારેક મારા નિવાસસ્થાને આવીને નિરાંતે પારિવારિક સ્નેહ સાથે એમની સાથે વાતચીત કરી હતી. આ બધી બાબતોને કારણે મનોમન એમની પાસેથી ગુરુશિક્ષા પામતો રહ્યો.

એમણે કેટલાય તરુણોના જીવનમાં વિદ્યાવ્યાસંગ જગાવ્યો હતો. પદ્મભૂષણ શ્રી દલસુખભાઈ માલવણિયા, ડૉ. પદ્મનાભ જૈની, ડૉ. ઇન્દુકલાબહેન ઝવેરી, ડૉ. નગીનભાઈ શાહ જેવાં કેટલાય વિદ્વાનો એમણે સમાજને આપ્યાં. વળી આ દરેક વિદ્વાનની સાથે અંગત રીતે મળવાનું બનતાં એમનાં દર્શન, વ્યવહાર અને વિચારમાં પંડિતજીના ગુરુતત્ત્વનો સ્પર્શ અનુભવાતો હતો. ક્યારેક તો એમ થતું કે ગ્રીસમાં જે રીતે પ્લેટો, સૉક્રેટિસ અને એરિસ્ટોટલે પોતાની વિદ્વાન શિષ્યો તૈયાર કર્યા એવી જ પરંપરા એમણે આ યુવાનોને આપી અને એમના જીવન, વિચાર, શિક્ષણ અને સમગ્ર વ્યક્તિત્વ પર પ્રભાવ પાડ્યો.

એમના એ શિષ્ય વિદ્વાનોને મળું, ત્યારે પંડિત સુખલાલજીનું સ્મરણ થતાં એમની આંખોમાં એક ચમક આવતી. એ દિવસથી સમજાયું કે જગતમાં શિક્ષક પાસે સૌથી મોટી સમૃદ્ધિ અને એના વિદ્યાર્થીની આંખમાંથી શિક્ષક જોઈને વરસતો પ્રેમ છે. એ સમયે શિક્ષકની આંખમાંથી વરસતું વાત્સલ્ય એ એની સૌથી મોટી પ્રાપ્તિ છે. પંડિત સુખલાલજીને મળતાં જ મનમાં સતત એક સાતત્ય જાગતું હતું. મહાવીરની આગમવાણી કે પછી મહાત્મા ગાંધીની વાણીમાં અને જીવનમાં પ્રગટ થતી સત્યનિષ્ઠાનું એમના જીવન, વચન અને કવનમાં પ્રતિબિંબ જોવા મળતું. એમાં પણ પંડિતજીએ તો સત્યના સથવારે અસત્યનો સામનો કરવાનું પ્રચંડ સાહસ દાખવ્યું હતું. જૈન સમાજમાં એવા પરિબળો હતાં (અને આજે પણ છે) કે જે રૂઢિચુસ્તતાને એટલી બધી ચુસ્તતાથી વળગી રહેતા કે એમના કાન કોઈ વિરોધી વાત સાંભળવા કે અન્યથા વિચારવા તૈયાર હોતા નથી, પરંતુ એમના હાથ વિરોધીનું ગળું ટૂંપી દેવા માટે તત્પર હોય છે. આવી રૂઢિચુસ્તતાની આંખો સત્યના પ્રકાશથી અંજાઈ જતી હોય છે. સત્યના પ્રાગટ્યને માટે પંડિત સુખલાલજી સૉક્રેટિસની જેમ ખાંડાની ધારે સત્યની ખેવના કરી.

ધર્મના સત્ય પર સમય જતાં અંધશ્રદ્ધા, આડંબર, જડ આચાર અને અજ્ઞાનનો કાટ લાગી જાય છે, તો બીજી બાજુ સત્યને કદી કાટ લાગતો નથી, પરંતુ અંધશ્રદ્ધાના કાટમાળથી સત્યને દબાવી દેવાનો, રહેંસી નાખવાનો કે નષ્ટ કરી દેવાનો પ્રયાસ થતો હોય છે.

જૈન સમાજમાં ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર સમાન વીરચંદ રાઘવજી ગાંધીને આવા અંધશ્રદ્ધાળુઓએ અને જડ માન્યતામાં ખૂંપેલાઓએ કેટલા પરેશાન કર્યા હતા, તેઓ જીવંત ઇતિહાસ આપણી પાસે છે. પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસજી કે પંડિત દલસુખભાઈ માલવણિયાએ સત્યનો પ્રકાશ દર્શાવવાનો પ્રયત્ન કર્યો. પોતાની સ્પષ્ટ માનવસંવેદનાથી સભર અને બાંધછોડ વિનાની તાર્કિકતાથી તેઓ સ્વતંત્ર ચિંતન આપતા રહ્યા. સાંપ્રદાયિકતાની સંકીર્ણ દીવાલોએ સર્જેલા બંધિયારપણામાં આવી સત્યનિષ્ઠા પ્રગટ કરવી એ મહાસાહસ કહેવાય અને પંડિતજીએ અને એ પરંપરાના પંડિતોએ એવું સાહસ કરી બતાવ્યું. એને માટે જે કંઈ સહેવું પડે તે સહન કર્યું. એ અંગે કશી ફરિયાદ કરી નહીં, પણ સત્ય સાથે કોઈ બાંધછોડ કે તડજોડ પણ કરી નહીં.

એમની આ સત્યોપાસના મર્મસ્પર્શી, સર્વસ્પર્શી અને સર્વગ્રાહી હતી. તેઓ માનતા કે સાચું જ્ઞાન તેને કહેવાય કે જેના ઉદય પછી રાગ-દ્વેષ વગેરેની પરિણતિ મંદ પડવા લાગે. વિરોધીઓએ આ વિદ્વાનોને પરેશાન કરવામાં પાછું વાળીને જોયું નહીં, પરંતુ એવી પરેશાની સહન કરીને પણ એમણે ક્યાંય પલાયનવૃત્તિનો આશરો લીધો નહીં. અનેકાંતવાદની વિચારધારામાં માનતો અહિંસક સમાજ કેટલો હિંસક અને અસહિષ્ણુ બની શકે છે એનાં ઉદાહરણો તો આ વિદ્વાનો પર થયેલા જીવલેણ હુમલા સમયે જોવા મળ્યાં, પરંતુ પંડિતજીના 'ન દૈન્યમ્ ન પલાયનમ્' વિચાર, આચાર, લેખન અને વક્તવ્યમાં 'ન દૈન્યમ્, ન પલાયનમ્' જોવા મળે છે. અત્રે એમની જૈન વિશેની એક વ્યાખ્યા જોઈએ,

'જે પારકાના શ્રમનો ઉપયોગ કરવાની વૃત્તિથી મુક્ત હોય, જે શ્રમનું મૂલ્ય પિછાણતો હતો અને જે લોભ-લાલચની વૃત્તિ ઉપર વિજય મેળવી શકે તે જૈન.'

*('જૈન ધર્મ અને દર્શન' ભાગ-૨, પંડિત સુખલાલજી પૃ. ૩૧૯)*

ધીરે ધીરે એમના ધર્મવિષયક વિચારો મારા ચિત્તને સ્પર્શવા લાગ્યા અને એને પરિણામે ધર્મને સત્યનિષ્ઠ વ્યાપક દૃષ્ટિએ જોવાનો પાઠ શીખવા મળ્યો. તેઓ કહેતા કે, 'ધર્મના બે પ્રકાર છે : એક છે એનો દેહ અને બીજો છે એનો આત્મા. બાહ્ય ક્રિયાકાંડ અને વિધિવિધાનો એ ધર્મનો દેહ છે, જ્યારે સત્ય, પ્રેમ, ઉદારતા, વિવેક, વિનય આદિ સદ્‌ગુણો એ ધર્મનો આત્મા છે. ગમે તેવો મહાન ધર્મ હોય, પણ જ્યારે તે બાહ્ય ક્રિયામાં અટવાઈ જાય છે, ત્યારે એનો આત્મા વિલીન થવા લાગે છે અને ધીરે ધીરે એનું અસ્તિત્વ ગુમાવે છે.' વળી તેઓ એમ માનતા હતા કે, 'સત્યની જિજ્ઞાસા અને શોધ કોઈ પણ એક સદીને વરેલી નથી. દરેક સદી અને યુગમાં ઇચ્છે તેને માટે તેનો સંભવ છે અને બીજાને માટે ગમે તે સદીમાં અને ગમે તે યુગમાં પણ એનાં દ્વાર બંધ જ છે.'

આજે આપણે જોઈએ છીએ કે વ્યાપાર-ઉદ્યોગમાં નિપુણતા ધરાવતા જૈન સમાજની પરિસ્થિતિ એવી સર્જાઈ કે ભાગ્યે જ કોઈને ખ્યાલ હોય છે કે જૈન સમાજમાં વીરપુરુષો થયા છે. જૈનોએ દેશને માટે કુરબાની આપી છે, અંગ્રેજો સામેના સ્વાતંત્ર્યયુદ્ધમાં ફાંસીના ફંદા પર પણ લટકી ગયા છે. ઘણી વાર સમાજ એકાક્ષી માત્ર એક આંખે જોનારો હોય છે અને પરિણામ એ આવ્યું કે આ સમાજની કાયર, બીકણ અને રાષ્ટ્રપ્રેમનો દ્રોહ કરનારા સમાજ તરીકે વગોવણી થઈ. એક વિચારકે તો એમ કહ્યું કે , 'આ દેશને વર્ષો સુધી ગુલામ રહેવું પડ્યું, તેની પાછળનું કારણ જૈનસમાજ અને એની અહિંસા છે.'

આવી ખોટી અને આક્ષેપયુક્ત વિચારધારા અને લખાણો સામે મેં સખત વિરોધ કર્યો, પરંતુ મારા એ વિરોધની પાછળ ગુરુ પાસેથી મળેલો એ વિચાર હતો કે 'દાર્શનિકતા એ રાષ્ટ્રના વાસ્તવિક પ્રશ્નોથી ક્યારેય વિમુખ રહી શકે નહીં.' અને પ્રજ્ઞાચક્ષુ પંડિતજીએ સ્વયં એમના જીવનકાળમાં પણ રાષ્ટ્ર વિશે ચિંતન કર્યું હતું અને એમના એ વિચારો મારા ચિત્તને સતત પ્રભાવિત કરતા રહ્યા. તેઓ ભારતના આઝાદી આંદોલનના પ્રત્યેક તબક્કાઓને સારી રીતે જાણતા હતા. એમણે ૧૯૩૮ના પર્યુષણ પર્વના વ્યાખ્યાનમાં એમ કહ્યું હતું, 'બધા સંપ્રદાયોએ પોતાના ચોકામાં રહીને અથવા તો ચોકામાંથી બહાર નીકળીને વાસ્તવિક ઉદારતા સાથે આઝાદીના આંદોલનની આગેવાની સંભાળતી રાષ્ટ્રીય મહાસભા સાથે સહયોગ સાધવો જોઈએ.'

દર્શન અને તત્ત્વજ્ઞાનના પારગામી પંડિત સુખલાલજી વિશ્વચેતના સાથે સતત અનુબંધ ધરાવતા હતા. એમના વિચારજગતનું વૈવિધ્ય પણ સ્પર્શી ગયું અને કદાચ એથી જ મનમાં માત્ર એક જ વિષયને બદલે જુદા જુદા વિષયોમાં ગતિ કરવાની વ્યાપક્તાથી વિચારવાની ઇચ્છા જાગી. નવ વર્ષ સુધી કાશીમાં રહીને અભ્યાસ કરનારા પંડિતજી વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોશ, સાહિત્ય અને ધર્મશાસ્ત્રના સમર્થ વિદ્વાન હતા. દર્શન અને તત્ત્વજ્ઞાનના પારગામી પંડિત

તરીકે પ્રસિદ્ધ હતા, પણ એ સાથે બાળશિક્ષણની મૉન્ટેસોરી પદ્ધતિ અને સ્ત્રી-પુરુષની સમાનતા જેવા વિષયો પર પણ વિચારણા કરતા અને વખત આવે તે અંગેના વિચારો વ્યક્ત કરતા.

૧૯૫૬ના મે મહિનામાં 'ગૃહમાધુરી' સામયિકમાં એમણે લખ્યું, 'સ્ત્રી અને પુરુષનાં જીવનક્ષેત્રો અમુક અંશે જુદાં હોવા છતાં તે બંનેની સમાન શક્તિઓને દબાયા વિના કામ કરવાની બધી તકો પૂરી પાડવી. પુરુષની અવિવેકી સત્તાનો ભોગ બનવું ન પડે. વળી, સ્ત્રી કમાઈ શકતી હોય તો એને પુરુષોપાર્જિત ધન ઉપર કબજો મેળવવાની દૃષ્ટિએ અનેક કૃત્રિમ આકર્ષણો ઊભાં કરવાં ન પડે, સાથે જ પુરુષનો બોજ પણ હલકો થાય.'

આમ તેઓ માત્ર ગહન દાર્શનિક પ્રશ્નો જ નહીં, બલ્કે સામાજિક વિષયો અને વ્યક્તિગત જીવનને લગતા પ્રશ્નોની વ્યવહારુ ચર્ચા કરી શકતા. એમના જીવનમાં 'પળનો પણ પ્રમાદ નહીં' એ સિદ્ધાંત સદૈવ જોવા મળ્યો. કોઈ પણ પ્રસંગે કે કોઈ પણ સમારંભમાં એમનામાં સતત જાગૃતિ જોવા મળતી અને તેથી અહર્નિશ જાગૃતિને કારણે જ જીવનભર કોઈ લોભ, લાલચ કે પ્રશંસા એમને સ્પર્શ્યા નહોતા.

એક વાર વડોદરામાં મહાવીર જયંતી (ભહાવીર જન્મકલ્યાણક)ના પ્રસંગે પ્રો. નરસિંહરાવ દોશી પં. સુખલાલજીનો પરિચય આપવા ઊભા થયા. આ સમયે પં. સુખલાલજીએ પોતે ઊભા થઈને એમને પરિચય આપતાં અટકાવ્યા અને પોતાના ભાષણમાં કહ્યું, 'મારે પ્રો. દોશીને રોકવા પડ્યા તે માટે મને તેઓ માફ કરે, પણ આજે તો મહાવીરજયંતી છે. એમાં મારી પ્રશંસા શા માટે હોય? મારી સામે જ મારી પ્રશસ્તિ ગવાય તે ઉચિત નથી.'

ભગવાન મહાવીરે કહ્યું હતું કે, 'સમગ્ર મનુષ્યજાતિ એક થાવ' એ ભાવનાનું પ્રથમ રમણીય દર્શન પં. સુખલાલજીના વિચારોમાં થયું, કોઈ મહાન વ્યક્તિ હોય અથવા તો કોઈ મહાન ગ્રંથ હોય એ જો માનવ-માનવ વચ્ચે વર્ણ, જાતિ, ધર્મ વગેરેના ભેદભાવની ખાઈ ઊભી કરતો હોય તો પં. સુખલાલજી એનું આક્રોશપૂર્વક ખંડન કરતા. તેઓ કહેતા કે આવી પ્રવૃત્તિનું કે આવા ગ્રંથનું એમને મન લેશમાત્ર મૂલ્ય નથી. જોકે બીજી બાજુ મનુષ્યજાતિને પ્રેમ, મૈત્રી કે બંધુત્વથી જોડવાનો પ્રયાસ કરનાર સામાન્યમાં સામાન્ય વ્યક્તિ કે નાનામાં નાની પ્રવૃત્તિને તેઓ બિરદાવતા હતા. તેઓ આવા સમષ્ટિદ્રષ્ટા હોવાને કારણે જ મહાત્મા ગાંધીજીને અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરને એમના પ્રત્યે અગાધ સ્નેહ હતો.

એક વાર યુવાન વાડીલાલ ડગલી પં. સુખલાલજીને લઈને મહાત્મા ગાંધીજીને મળવા ગયા હતા. ગાંધીજીની તેઓએ વિદાય લીધી, ત્યારે ગાંધીજીએ યુવક વાડીલાલ ડગલીને કહ્યું, 'છોકરા, એમનો હાથ છોડતો મા. એ તો આપણી ચાલતી-ફરતી વિદ્યાપીઠ છે.'

આ જ સમષ્ટિદ્રષ્ટા પં. સુખલાલજીને ભારતીય તત્ત્વજ્ઞાનમાં એમણે આપેલા પ્રદાન માટે સુવર્ણચંદ્રક અપાયો, ત્યારે એમણે એક કૉલેજિયનને એ સુવર્ણચંદ્રક આપીને કહ્યું, 'જા, સોનીને જઈને આ વેચી આવ. એના જે પૈસા આવે તે આદિવાસીનું કલ્યાણ કરતી સંસ્થાને આપણે મોકલીશું.'

હજી આજે પણ મને એ સમયે ધાર્મિક ક્રિયાકાંડો પાછળ થતા લખલૂટ ખર્ચને જોઈને તેઓને થતી વેદનાનું સ્મરણ થાય છે. તેઓ કહેતા કે વ્યક્તિના વિકાસ અને તંદુરસ્તીને માટે આ સઘળું બાધક છે. આજે પણ આપણે આવી દુઃખદ પરિસ્થિતિઓનું પુનરાવર્તન જ જોઈ રહ્યા છીએ.

પંડિતજી પાસે બે જોડી કપડાં અને પુસ્તકો સિવાય કોઈ દુન્યવી મિલકત નહોતી. અમદાવાદમાં એમનું પોતાનું ઘર પણ નહોતું અને જ્યારે પરિચિતો એમની સમક્ષ ઘર બાંધવાનો પ્રસ્તાવ મૂકે, ત્યારે હસતાં હસતાં કહેતા, 'હું જ્યાં બેસું ત્યાં જ મારું ઘર.' પંડિત સુખલાલજીના સમગ્ર જીવનમાં અનેકાંત વિહાર જ જોવા મળે છે. એ દર્શનશાસ્ત્રમાં ભેદને બદલે અભેદને શોધે છે અને સમન્વયને દર્શાવે છે. ખંડન-મંડનને બદલે તુલનાત્મક અધ્યયનથી સમન્વયથી ભૂમિકા રચી આપે છે. જ્યારે એની સામે તેઓ વિરોધ કે વૈમનસ્ય જગાડનારાં તત્ત્વોને બુલંદ પડકાર ફેંકે છે. એમણે જૈનદર્શનના મર્મોની સાથે સમગ્ર રાષ્ટ્રની ચિંતનધારાનું પોતિકી દૃષ્ટિથી સામંજસ્ય શોધ્યું હતું. એક વિરાટ આકાશનો એમનામાં અનુભવ થતો. જૈન દર્શન અને ભારતીય દર્શન તો ખરાં જ, પરંતુ એથીયે વિશેષ ખ્રિસ્તી અને ઇસ્લામનાં દર્શનોનો પણ એમણે અભ્યાસ કર્યો.

આમ પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીના દર્શન, તત્ત્વજ્ઞાન અને જીવનલક્ષી વિચારોની પ્રાપ્તિ થઈ, તો ક્યાંક એમના પરિચયથી એમની ભાવનાઓ સમજાઈ, પણ પ્રત્યક્ષ અને પરોક્ષ બંને પરિચયને પરિણામે આજે આ 'ગુરુ' પ્રતિ એકલવ્ય જેવો આદર અને અર્જુન જેવી નિષ્ઠા અનુભવું છું.


✦ ✦ ✦

સંપર્ક : ૦૭૯૨૬૭ ૬૨૦૮૨, અમદાવાદ

# નાનીને આજેય શ્રદ્ધા છે કે...

ભદ્રાયુ વછરાજાની

ગુજરાતની સાચી અસ્મિતા તો ક્યાંક ખૂણામાં બેઠી છે ને કોઈક ઝૂંપડીનો દીપક ઉજાળવાની ખેવના લઈને જીવે છે. એમને ભાષણ કરતાં ન ફાવે પણ એના કરુણાભર્યા બે શબ્દો છેવાડામાં વસતી આદિવાસી દીકરીનાં હૃદયમાં સોંસરવા ઊતરે. એ નક્કી, વર્ષોથી પ્રસિદ્ધિ કે પ્રચારથી દૂર રહી કેવળ જીવન-ઘડતરની પાયાની કેળવણી આપી અનેકાનેક કુટુંબોની 'મા' બનીને શ્વસી રહેલ 'નિરંજના ઉત્તમચંદ શાહ' અને 'નિરંજના મુકુલ કલાર્થી'નો દિવ્ય-સરવાળો એટલે 'નાની' કે 'મા'. હા, એ 'નાનીની નિશ્રામાં..' રહીને જે જોયું, જે જાણ્યું જે સાંભળ્યું, જે 'સંવાદ્યું' તે આ પુસ્તકમાં નોંધ્યું! લેખક તરીકે હું તો 'લહિયો' માત્ર બન્યો છું, પેલા ગણેશજીની જેમ, જેમણે શ્રીમદ્ ભાગવતજી લખ્યું! 'નાનીની નિશ્રા'માં પુસ્તકમાં લહિયા તરીકે મેં નાની સાથે બેસીને ખૂબ વાતો કરી, કેટલાય પ્રશ્નો પૂછ્યા, કેટલીય ઘટનાઓ યાદ કરાવી અને કેટકેટલા જીવનપ્રસંગો યાદ આપી આપીને બોલાવ્યા ને તે સઘળું ચીવટથી લખી લીધું. શ્રી ગણેશજીને તો સાંભળીને નોંધવાનું હતું કારણ ભાગવતજીની કથા અવિરત ઉચ્ચારાતી હતી. અહીં 'નાની'ને કશી ઇચ્છા નહીં કે એમના વિશે કંઈ કહેવાય, પણ નાની પાસે બાપુ કે સરદારસાહેબ કે ઉત્તમદાદા કે પૂજ્ય શ્રી મોટા કે ચાચાજી કે જુકાકા કે સ્વામીદાદા કે પછી એમની પાંચેક હજાર દીકરીઓ વિશે કંઈક બોલો એટલે નાની ખીલે અને વાતોની ગોઠડી માંડે. ક્યારેક તો ભાવાવેશમાં આવીને એવી રીતે વિગતો કહે કે આપણને અહેસાસ થાય કે નાની અત્યારે સરદારસાહેબની આંગળી પકડીને સ્વરાજ આશ્રમની ફૂલવાડીમાં વિહરે છે!




એંશી વર્ષ વટાવ્યાં પછી પણ 'મા'નાં અવાજની બુલંદી કે 'નાની'ની ખુલ્લા પગે સરદાર કન્યા વિદ્યાલય, બારડોલીનાં રમણીય ને દર્શનીય પરિસરમાં તેજીલી ચાલ એવી કે વીસ વર્ષના યુવાનને હંફાવે! જ્યાં કોઈ માટે પહોંચવું લગભગ કઠિનતમ છે ત્યાં નાની જીપમાં બેસી પહોંચે અને ઝૂંપડીમાંથી દીકરીને સાથે લાવી ભણાવે-ઘડે ને જીવાડે! પિતાશ્રી ઉત્તમચંદદાદાએ નીડરતાપૂર્વક અડગ રહી દોડતાં શીખવ્યું તો જીવનસંગાથી બનીને મુકુલભાઈ કલાર્થીએ ધૈર્ય અને સંતસંગનાં માર્ગે ગતિ અપાવી. કબીરદાસ કહે છે તમે 'નાની' નામના ઘડાને ઘડવામાં અંદરનો હાથ સંતો બન્યા તો બહારનો ટપલાં મારતો હાથ વિપત્તિઓ બની... 'નાની' તો પોતાનાં ધ્યેય પર જ નજર રાખી સતત કાર્યરત હતાં, છે અને 'પૂજનીયો'ની કૃપાથી રહેશે.

દૂર દૂરથી તો હું 'નાની'ને અને તેમના જેવી જ પ્રત્યેક જીવપ્રત્યે માયાળુ દીકરી પ્રજ્ઞાને જોયા કરતો ને શાંતચિત્ત વ્યક્તિત્વો કેવાં હોય તેનું આશ્ચર્ય અનુભવ્યા કરતો. પણ અમારો નાતો બાંધી આપ્યો અમારા બન્નેના પૂજ્યને પ્રિય મોરારિબાપુએ. આમ પણ પ્રિય બાપુ તો અનેકોના સેતુબંધ બની રહ્યા છે ને! બાપુની કરુણા જ્યાં જ્યાં વહી છે ત્યાં મંગલને દિવ્ય માહોલ બન્યો છે. બારડોલીના સ્વરાજ આશ્રમનો એ ખૂણો પણ સતત સુવાસિત સંબંધોનું સ્થાનક બની ગયો અને એમાંથી 'નાની'નું સાનિધ્ય પ્રાપ્ત થયું. એ સન્નિધિની ફ્લશ્રુતિ તે આ પુસ્તક 'નાનીની નિશ્રામાં...'

એક નાની શી વાત... મેં નાનીમાં રહેલી શ્રદ્ધાને સદાય નિહાળી છે અને તે જ મારું બારડોલી વારંવાર દોડી જવાનું કારણ છે. બાપુની વાત કરે તો નાનીની શ્રદ્ધા એવી કે ગાંધીબાપુ અહીં આજે પણ છે. સરદારસાહેબ તો નાનીની સાથે ને સાથે છે એવી પ્રબળ શ્રદ્ધા. નાનીને ઊઠતાં-બેસતાં-દીકરીઓની મુશ્કેલી ફેડતાં ભાળું ત્યારે નાનીમાં જાણે પૂજ્ય મોટા હાજરાહજૂર... કદાચ, આ અતૂટ શ્રદ્ધા જ નાનીનું ચાલકબળ છે. હું પ્રાર્થના કરું કે અપાર શ્રદ્ધાનો અમૃતકુંભ લઈને શ્વસી રહેલ 'નાની' સૌ વંચિતોમાં શ્રદ્ધાનાં અમૃત છાંટણાં અવિરત કરતાં રહે.

'મા' તુઝે પ્રણામ.

આ પુસ્તક મેળવવા માટે સંપર્ક કરો :

ZCAD Publication Phone No. 6358852437


✦ ✦ ✦

સંપર્ક : bhadrayu2@gmail.com

# 'સ્વરાંકિત પરંપરિત જૈન–પૂજા–સંગ્રહ' અને શ્રી હસુ યાજ્ઞિકના સંગીત વિષયક પુસ્તકો

અભિજિત વ્યાસ

**શ્રી** હસુ યાજ્ઞિક એક બહુમૂખી પ્રતિભા હતા. સાહિત્ય ઉપરાંત કલાના અનેક ક્ષેત્રમાં એમને અવર્ણનીય કાર્ય કર્યું છે. શ્રી વિજયશીલચન્દ્રસૂરિ એમના વિષે લખે છે, 'સ્વ. હસુભાઈ એક સરસ વિદ્વજ્જન હતા. તેઓ સંશોધક હતા, સંગીતજ્ઞ હતા, સાહિત્યકાર હતા, વિવેચક હતા, અને તે ઉપરાંત તેઓ ઘણું ઘણું હતા. તેમનું બહુઆયામી વ્યક્તિત્વ સૌને સ્પર્શતું, હેરત પમાડતું.' (પૃ. ૩ – સ્વરાંક્તિ પરંપરિત જૈન–પૂજા-સંગ્રહ).




હસુભાઈએ અનેક વિષયોમાં અને અનેક વિષયો વિશે લખ્યું છે. તેમાંનો એક વિષય સંગીત કલા છે. સંગીત એ એમના રસનો જ નહીં, પણ પ્રિય વિષય પણ છે. હસુભાઈ 'ગુજરાત'નું સંગીત પ્રસ્તાવના લખે છે, 'નવલકથા, ટૂંકી વાર્તા, મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, વિવેચન અને લોકવિદ્યાનાં ૧૩૫ જેટલા પુસ્તકોનાં પ્રકાશન છતાં મારે મન વિશેષ મહત્વના તો મારાં સંગીત પરનાં પુસ્તકો છે. કારણ સંગીત મારો પ્રથમ પ્રેમ છે.'

કેટલા બધા સંગીત વિષયક પુસ્તકો એમણે આપ્યા, તેની યાદી પણ જોવા જેવી ખરી. આ પુસ્તકોમાં 'રાગદર્શન', 'સંગીતશાસ્ત્ર', 'વાયોલિન વાદન', 'હાર્મોનિયમ વાદન', 'બાંસુરી વાદન', 'તાલ વાદ્ય', 'સંગીતશાસ્ત્ર', 'કેશિયો-ઓર્ગનવાદન', 'અભિવન ગિટાર વાદન', 'સિતાર વાદન', 'શાસ્ત્રીય રાગ દર્શન' 'સંગીત વિષે' આમ ડઝનેક પુસ્તકો એમણે આપ્યા છે. હસુભાઈ પોતે સ્વયં એક બહુ સારા વાયોલિન વાદક હતા. એઓ વાયોલિન વાદન કરતા, પણ એમણે જાહેરમાં કદાચ ભાગ્યે જ વગાડ્યું હશે. અને આટલા બધા સંગીત પુસ્તકો હોવા છતાં એઓ ઓળખાયા તો એક સાહિત્યકાર અને સંશોધક તરીકે જ. એમના સાહિત્યિક પ્રદાનના પડછાયામાં જ આ સંગીત પુસ્તકો રહ્યા એમ કહું તો ચાલે. કારણ કે ભાગ્યે જ એમના સંગીત વિષયક પુસ્તકોની કોઈ ચર્ચા ક્યારેય કોઈ સામયિકોમાં થઈ હોય તેની નોંધ લેવાઈ હોય.

આપણે ત્યાં સંગીત અને અન્ય લલિત કલા ઉપરના પુસ્તકો બહુ ઓછા પ્રગટ થાય છે. અને થાય છે તેની ખાસ નોંધ લેવાતી પણ નથી. એટલે હસુભાઈએ કરેલ સંગીત પરના કામની ખાસ નોંધ નથી લેવાઈ. અહીં એક વાત ખાસ નોંધવી રહી તે એમણે કેટલાક પુસ્તકો ખાસ વાદન શીખવા માટે લખ્યા છે. જે ગુજરાતી પુસ્તકોમાં અનન્ય છે. કારણ કે ગુજરાતીમાં આ પ્રકારના પ્રકાશન ખાસ પ્રગટ થયા નથી. વળી આપણે ત્યાં સ્વરાંકન (Notetion) કરવાની ખાસ પ્રણાલી બહુ પ્રચલિત પણ નથી. આમ જોઈએ તો આપણે ત્યાં સ્વરાંકન (Notetion) લખવાની પદ્ધતિ જ સૌ પ્રથમ ગુજરાતીમાં પંડિત આદિત્યરામ વ્યાસે શરૂ કરેલી. જે પરથી ગુજરાતનો એક માત્ર ઘરાનો 'આદિત્ય' ઘરાના તરીકે ઓળખાય છે. એટલે આમ તો હસુભાઈ એ પરંપરાના સંગીત લેખક થયા. તે ઉપરાંત એમણે જેમની પાસેથી પ્રેરણા લીધી તે તેમના પ્રથમ ગુરુ શ્રી ભગવતીપ્રસાદ ભટ્ટ પણ આદિત્યરામ પરંપરાના ગાયક હતા. અને એમણે પણ સ્વરાંકનનું મહત્વનું કાર્ય કરેલું છે. હિન્દીમાં પણ સ્વરાંકન લેખનની પરંપરા ગુજરાતી પછી શરૂ થયેલી જોવામાં આવે છે. અને આજે તો હિન્દીમાં સંગીત રચનાઓના સ્વરાંકનના અનેક પુસ્તકો ઉપલબ્ધ છે. અને હિન્દી કરતાં પણ ગુજરાતીમાં સ્વરાંકન લખવાનું પહેલા શરૂ થયેલું હોવા છતાં ગુજરાતીમાં આ પ્રકારના સ્વરાંકનો લખેલા પુસ્તકો બહુ ઓછા જોવામાં આવ્યા છે. એટલે પણ હસુભાઈના પુસ્તકનું મહત્વ અનેરું છે. એમણે જે રીતે સ્વરાંકનો (Notetion) આપ્યા છે તે ગુજરાતી વાચકોને માટે મહત્વના છે. સ્વરાંકનો એ જ વ્યક્તિ આપી શકે જે ગાયન કે વાદ્ય સાથે સક્રિય રીતે સંકળાયેલ હોય.

'સ્વરાંક્તિ પરંપરિત જૈન–પૂજા–સંગ્રહ' એ હસુ યાજ્ઞિકનું સંગીત ઉપરનું તાજેતરમાં જ પ્રગટ થયેલું પુસ્તક છે. જે આમ તો મરણોત્તર પ્રકાશન છે.

# પુસ્તક વિશ્વ

આપણે ત્યાં સંગીત ભક્તિ સાથે સંકળાયેલું છે. અને એટલે જ એક ખાસ શબ્દ 'ભક્તિસંગીત' પ્રયોજાય છે. ભક્તિસંગીત એટલે ઈશ્વરની આરાધના સંગીત દ્વારા કરવી. ઈશ્વરની જે સ્તુતિઓની રજૂઆત મંદિરોમાં થાય તેની સંગીતીક રજૂઆતને આપણે ભક્તિસંગીત તરીકે ઓળખીએ છીએ. અને આ પ્રકારની સ્તુતિઓ કે ભક્તિસંગીત બધા જ ધર્મમાં થતી હોય છે. સ્તુતિઓની રજૂઆત ઘણી વખત પરંપરાગત હોય છે. એના રચનાકાર કોણ હોય છે તેનો ખ્યાલ પણ નથી હોતો. વળી પ્રત્યેક પ્રહર અને પૂજાના સંદર્ભમાં તેની ચોક્કસ રજૂઆત માટેની પ્રણાલીઓ હોય છે. આ હસુ યાજ્ઞિકે જૈન ધર્મમાં ખાસ કરીને દેરાસરોમાં રજૂ થતી સ્તુતિઓ કે ભક્તિસંગીતના પદોનું તેના મૂળ ઢાળ (composition) સાથે જે તે રાગમાં થતી પ્રસ્તુતિઓનું સંપાદન કર્યું છે. અહીં સંપાદનમાં મહત્વની વાત એ છે કે હસુભાઈએ આ બધી જ સ્તુતિઓને સ્વરાંકિત (Notetion) કરીને પ્રસ્તુત પુસ્તકમાં સમાવી છે. આ સ્વરાંકન સાથે એમણે રાગ અને તાલની ત્રણ માહિતીઓ આપી છે જેથી તેની પ્રસ્તુતિ એક સમાન જળવાઈ રહે. એમાંની અનેક રચનાઓને સ્વરબદ્ધ કરવાનું કાર્ય જેમણે કર્યું છે તેવા એમના ગુરુઓ શ્રી ભગવતીપ્રસાદ ભટ્ટ અને શ્રી પ્રવીણસિંહજી જાડેજાની પાસેથી જ એમણે આ સ્વરાંકનો મેળવેલા છે.

આ અત્યંત મહત્વનું કાર્ય થયું છે. કારણ કે આપણે ત્યાં સંગીતની શિક્ષા અને રજૂઆત મુખોમુખ શ્રુતિ પરંપરાથી થઈ છે. એટલે કેટલુંય લુપ્ત થઈ ગયું છે. પુસ્તકની પ્રસ્તાવનામાં હસુભાઈ લખે છે, 'મુંબઈથી આવેલા કોઈ જૈન મુનિ શાસ્ત્રીય સંગીતના જ્ઞાતા હતા અને ભગવતીભાઈ ભટ્ટથી પરિચિત અને પ્રભાવિત હતા. એમણે જણાવ્યું કે દરેક પૂજાની રચનામાં ક્યો ભાગ ક્યા રાગ આધારિત ઢાળ પર ગાવો તેના સ્પષ્ટ સૂચનો હોય છે, પરંપરામાં આવા મૂળ રાગ અને એના ઢાળ જળવાયા પણ છે, છતાં સંગીતના જ્ઞાન અને કેળવણીના અભાવે કેટલુંક લુપ્ત થયું છે, આવી સ્પષ્ટતા કરી ઢાળના લિખિત-મુદ્રિત સૂચન અને તેનાં વર્તમાન ઢાળને લક્ષમાં લઈ આ પૂજા કમ્પોઝ કરી ગવડાવો! (પૃ. ૬) આમ શ્રી ભગવતીપ્રસાદ ભટ્ટ જે રચનાઓ અને ઢાળને ગવડાવતા હતા તે જ રચનાઓ અને ઢાળને હસુભાઈએ સ્વરાંક્તિ કરેલા છે. આમ દેરાસરમાં રજૂ થતા અનેક પદને એમણે સંગ્રહિત કરીને સ્વરાંક્તિ કર્યા છે. આવું ભગીરથ કાર્ય કોઈ સંગીતકાર જ કરી શકે. આ ન થયું હોત તો કદાચ કેટલુંય લુપ્ત થઈ જાત. આ બધા પદ સાથે જે રીતે સ્વરાંકનો મળે છે તેથી કોઈ પણ સ્થળે કોઈ પણ સમયે તેની પ્રસ્તુતિમાં પૂર્ણ અધિકૃતતા જળવાશે જે આવનારા અનેક વર્ષો સુધી આ પરંપરાને આગળ ધપાવશે. આવા પુસ્તકોથી હવે આવનારી પેઢીઓને માર્ગ બતાવશે.

શ્રી હસુ યાજ્ઞિકે સંગીતના પુસ્તકો લખવાનું જે કાર્ય કર્યું છે તે સાહિત્ય અને મધ્યકાલીન લોકસાહિત્યના ક્ષેત્રમાં એમણે જે કામ કર્યું છે તેવું મહત્વનું અને અમૂલ્ય કાર્ય છે. જેની નોંધ ખાસ લેવી રહી.

આ પુસ્તક મેળવવા માટે સંપર્ક કરો :

શ્રી વિજયનેમિસૂરી જ્ઞાનશાળા, શાસન સમ્રાટ ભવન, અમદાવાદ

ફોન : ૯૭૨૬૫ ૯૦૯૪૯

✦ ✦ ✦

☞ ''જ્ઞાની પુરુષો બીજાને મદદ કરે છે, પણ મદદ કરવાના વિચાર વગર જ તે કામ થયા કરે છે.''

☞ હાલના કાળમાં ઘણા માણસોને લોકોનું કલ્યાણ કરવાની ઘણી ઇચ્છા થાય છે, પણ પૂર્વનો ઇતિહાસ જોતાં એ વાત એટલી જોવામાં આવતી નથી.

☞ તેનું એક કારણ એમ પણ માની શકાય કે હાલ વેપારીઓના રાજ્ય હોવાથી સ્વાર્થ અને અનીતિ વધી ગયેલાં છે. વળી સંચાની શોધ થયાં પછી વેપારીઓને ધન વધારવાની સગવડ થઈ ગયેલી છે, તેની સાથે માણસો પણ સંચા જેવા થવા લાગ્યા છે, તેથી સુધારા ઉપર સુધારા કરવા છતાં સુધારાનો અંત આવતો નથી.

☞ બીજાને મદદ કરવાના વિચારમાં જ આપણે દ્વૈતની ભાવના ખડી કરીએ છીએ.

☞ જેમ સ્વપ્નમાંથી જાગેલા માણસને સ્વપ્નમાં જોયેલા માણસોને મદદ કરવાની ઇચ્છા થતી નથી, તેવી જ રીતે બ્રહ્મદશામાં આવેલા માણસને પણ બીજાને મદદ કરવાની ઇચ્છા થતી નથી.

☞ જ્યાં અદ્વૈતભાવ છે, ત્યાં સેવાના વિચાર વિના જ સેવા થતી રહે છે.

હસ્તાક્ષરનું અક્ષયપાત્ર - ૧૧/૧૦૮

www.bhadrankar.com


– રોજનીશીમાંથી અવતરણો;

પૂ. પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મ.સા.

# રાજા રવિ વર્માનું જીવનચરિત્ર : સદાબહાર રંગોથી અંકિત

સેજલ શાહ

ચિત્રકલાસમ્રાટ રાજા રવિ વર્માએ દોરેલા અનેક ચિત્રોની દુનિયામાં આપણે જીવીએ છીએ, પરંતુ એમના જીવનના પટને ખોલી આપતું કલાકારના સાંવેદિક અને સામાજિક રંગોનો ઉઘાડ કરતું પુસ્તક એટલે રાજા રવિ વર્મા. કવિ-અધ્યાપક ભરત ખેનીએ ચિત્રકાર રવિ વર્માના સમગ્ર જીવન પટને આલેખતું પુસ્તક હાલમાં પ્રકાશિત કર્યું છે.




કલાકારોના જીવન ચરિત્ર વિશે સામાન્ય રીતે ઓટ વર્તાતી હોય. ખાસ કરીને સંગીતકાર કે ચિત્રકાર કે શિલ્પી આદિ. વર્ષો પૂર્વે ભરત ખેનીએ વડોદરા લક્ષ્મીનિવાસ પેલેસમાં જઈને જોયેલા રવિ વર્માના ૩૦ જેટલા ચિત્રોને હૃદયમાં ભરી રાખ્યા હતા. આ ચિત્રોના આકર્ષણથી તેમને ચિત્રકારના જીવનને સમજવાનું, જાણવાનું મન થયું અને તેમાંથી આપણને પ્રાપ્ત થયું આ પુસ્તક! અંગ્રેજીમાં ચિત્રકાર રવિ વર્મા વિશે પુસ્તકો ઉપલબ્ધ છે પણ ગુજરાતીમાં આવું પુસ્તક નહોતું, જે ખોટ આ પુસ્તક દ્વારા પૂરાઈ છે.



એક ચિત્રકારનું બાળપણ, કેળવણી, સંઘર્ષો મનુષ્યને પ્રેરણા આપતા હોય છે. રવિ વર્મા ભારતીય તૈલરંગી ચિત્રકળા જગતના વિશ્વવિખ્યાત ચિત્રકાર છે. માતા અને પિતા પાસેથી કળાના સંસ્કાર પ્રાપ્ત થયા અને ભાઈઓની અને પરિવારજનોની હૂંફમાં તેમનું આ કૌશલ વિકસ્યું. એ સમયે રાજા તરફથી પણ ચિત્રકળાના વિકાસ માટે સાનુકૂળ પરિસ્થિતિ સર્જી આપવામાં આવી. તેમની અંદર જે હીર હતું, તે પ્રસંગે પ્રસંગે કઈ રીતે ઝળકતું છે, તેની અનેક રસિક વાતો આ પુસ્તકમાંથી મળે છે. એકવાર રાજાના કહેવા છતાં યુરોપીયન ચિત્રકાર સ્પર્ધાના ભયે કળાની ટેકનિક રવિ વર્માને શીખવવા તૈયાર નથી થતાં પણ ચિત્રકામ દરમ્યાન રવિ વર્માને ત્યાં હાજર રહેવાની પરવાનગી અપાય છે. અને રવિ વર્માની સજાગ નજર ચિત્રકળાના મહત્વના વિગત આ પુસ્તકમાં તત્વોને પકડી લે છે, તે આવા અનેક પ્રસંગો અને તેની વિગત આ પુસ્તકમાં મળે છે, તે જાણવામાં, વાંચવામાં વાચકને રસ પડે છે.

રવિ વર્મા જીવન સફર દરમ્યાન અનેક રાજા-મહારાજાઓને મળ્યા, તેમના તૈલચિત્રો બનાવ્યા. પણ જીવનમાં પ્રામાણિક્તા અને નીતિની મૂડી કદી ન છોડી. પોતાના ચિત્રોની ગણતરી કરવા અને એમનો હિસાબ-કિતાબ રાખવાનું સાહસ એમણે ક્યારેય કર્યું નથી. તેમને રચનાનિર્માણનો આનંદ અનુભવ્યો છે. આ એક એવા ચિત્રકાર હતા જેમને ભારતીય પૌરાણિક સાહિત્યના અનેક પાત્રોને ચિરંજીવતા અર્પી છે. કાવ્યફૂલોના સંદર્ભોને, પ્રશિષ્ટ

કૃતિઓના પ્રસંગોને અમર કરવાનું કાર્ય આ ચિત્રકારે કર્યું છે.

આ પુસ્તક દ્વારા રાજા રવિ વર્માના જીવન અંગે, તેમના સંઘર્ષો, નિયતિ વિશે માહિતી તો મળે જ છે પણ સાથે તેમના ઐતિહાસિક પ્રદાનને સમજવા માટે પણ આ પુસ્તક કેટલીક ભૂમિકા પૂરી પાડે છે. એ સમયનો ઇતિહાસ, રાજકીય પલટાઓ, રાજાઓની જીવનશૈલી, વિદેશી કલાકારો માટે ભારતના રાજાઓનો આદર, વિદેશી પ્રજા દ્વારા રાજા રવિ વર્માની કદર થવી, અનેક ભારતીય રાજાઓ દ્વારા રાજા રવિ વર્માના ચિત્રોને ખૂબ માન-સન્માન પ્રાપ્ત થવું, જેવી અનેક વિગતો આ પુસ્તક દ્વારા મળે છે.



રવિ વર્મા એક એવા સમયનું અંકિત ચિહ્ન છે જેને તૈલીચિત્રો, છબીઓ, પૂર્ણકદના ચિત્રોથી એક નવા યુગનો આરંભ કર્યો. ચિત્ર અને રંગના મિશ્રણના સિધ્ધાંતો શીખી, તેમણે કેન્વાસ પર તેલરંગી માધ્યમ સફળતાથી આલેખ્યું.

આ પુસ્તક વાંચતા રવિ વર્માને માત્ર એક ચિત્રકાર તરીકે નહીં પરંતુ, એમના સ્વભાવ, મૂલ્યો, વિશેષતા આદિને સમજી શકાય છે. આ પુસ્તક જીવનના પ્રસંગો ઉપરાંત ઇતિહાસને પણ પૂરતી ચોકક્સાઈથી આલેખે છે. સંસ્કૃત, નાટકો, પૌરાણિક ગ્રંથો, સાહિત્યને ચિત્રના કેન્વાસ પર ચિરંજીવી રાખવાનું કાર્ય આ ચિત્રકારે કર્યું છે. રવિ વર્માએ કેટલી બધી બાબતોને પ્રથમ વખત રજૂ કરી અને તે સાર્વત્રિક પોષક બની ગઈ છે, તે બાબત પણ અહીં જાણવા મળે છે. પુસ્તકમાં પાનાં નં. ૧૭૨ પર, રવિ વર્માએ 'વસંતીકા' નામના ચિત્રમાં નવગજની સાડીનો ઉપયોગ કરીને પહેલી વખત એવું મોહક અને સુંદર રૂપ આપ્યું હતું કે એ ધીરે ધીરે તે ભારતીય મહિલાઓનો સાર્વત્રિક પોષાક બની ગયો.




ભારતીય ચિત્રકળા જગતના એક અનોખા અને એક નવી શરૂઆત કરનાર આ ચિત્રકારની જીવનયાત્રાને સમજવી રસપ્રદ છે. જે પૌરાણિક પાત્રો, દેવી-દેવતાઓને આપણે જોયા નથી, તેમને આપણે રવિ વર્માની કલમે જોતા થયા, રવિ વર્માની કલમે આ શ્રધ્ધાને આકાર આપી આપણી સમક્ષ એક છબી મૂકી આપી. આ એક ખૂબ મોટી બાબત હતી, વળાંક હતો. આજે જ્યારે કેન્વાસની દુનિયામાં અનેક બદલાવો આપણે જોઈએ છીએ ત્યારે આપણને ઘણીવાર આ છબીચિત્રો સામાન્ય લાગે અને આપણે એમ માનવાની ભૂલ કરી શકીએ. પણ દૃશ્યભાષાની સ્થાપના કરનાર આ ચિત્રકારને ઇતિહાસ કદી નહીં ભૂલી શકે.

પુસ્તકના આરંભમાં ડૉ. નરેશ વેદની પ્રસ્તાવના, પરિશિષ્ટ-૨માં રવિ વર્માનાં ચિત્રોની આંશિક માહિતી આદિ બાબતો ભરત ખેનીની સંશોધનાત્મક દૃષ્ટિને સુપેરે વ્યક્ત કરે છે. સર્જકે શ્રમ લઈને આ જીવનચરિત્ર આલેખી સાહિત્ય-કળા જગતની વિશિષ્ટ સેવા કરી છે. સરળ શબ્દોમાં સાર્થક ચિત્ર રજૂ કર્યું છે. પુસ્તકમાં મૂકવામાં આવેલા ચિત્રો પણ મન પ્રસન્ન કરી દે

છે. ભરત ખેની જીવનચરિત્ર આલેખન વધુને વધુ કરે, એવી અપેક્ષા રાખવી અસ્થાને નથી.

સાહિત્ય, કલાના ચાહકોને રાજા રવિ વર્માનું ચરિત્ર વાંચવું, મમળાવવું ગમશે.




***(નોંધ : 'પ્રબુદ્ધ જીવન' મુખપૃષ્ઠ પર મૂકવામાં આવેલ ચિત્ર, ચિત્રકાર રવિ વર્મા દ્વારા દોરાયેલ છે.***

આ પુસ્તક મેળવવા માટે સંપર્ક કરો :

**જ્ઞાનની બારી**

જી-૧, લાભ કૉમ્પલેક્ષ સત્તર તાલુકા સોસાયટી,

સી. યુ. શાહ કૉલેજ સામે,

ઇન્કમટેક્ષ, અમદાવાદ-૦૭

મો. ૯૪૦૮૩ ૭૧૨૦૬

✦ ✦ ✦

## રંગ વાસ્તવનો રાજવી : વિન્સેન્ટ વાન ગોઘ

**કનુ સૂચક**

***નોંધઃ*** *સામાન્યતઃ માનવચરિત્રની ઓળખ તેના ઉછેર, તે કાળની સામાજિક પરિસ્થિતિ, તેનું કાર્ય વિગેરેના સંદર્ભોને લક્ષ્યમાં લઈ થતી હોય છે પરંતુ સૌથી વધુ મહત્વનું તો અસંપ્રજ્ઞાત માનવમન છે જેની ઓળખ મનુષ્ય સ્વયંને પણ પૂરી હોતી નથી. વિન્સેન્ટ વાન ગોઘ પણ તે બાબતે અપવાદ નથી. એટલે અહીં મૂકેલા તેમના ચિત્રો પણ અસંપ્રજ્ઞાત મનના ધ્વન્યાત્મક પ્રતીકો માત્ર છે.*



**ક**લાપ્રાપ્તિ આયાસનું પરિણામ હોય છે. જન્મથી કોઈ કલાકાર હોય તેવું બનતું નથી. બાળપણથી કલાદષ્ટિનું ઘડતર થતું રહે કે સંસ્કારપૂત વાતાવરણ મળે. બાળકના વયવિકાસના સમયે તેનામાં વિકસતી માનસિકવૃત્તિ તેને પ્રેય તરફ આકર્ષે અને અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિને કારણે જાણે-અજાણે તે તરફ દોરવાય તેવા અનેક પૃથક્કરણો જરૂર મળે. એટલે સ્વાભાવિક રીતે જ કારણો શોધવા મહાન કલાકારોના જીવનવૃત્તાંત તરફ નજર નાખવાનું વલણ છે. આજે એક એવા સુપ્રસિધ્ધ કલાકારનો પરિચય આપવો છે પરંતુ જે પ્રસિધ્ધ જ હોય તેની ઓળખ આપવાનું કામ અત્યંત અઘરું. એટલે એક અસ્થાયી પ્રદર્શનના સંદર્ભ સાથે માત્ર આનુસંગિક સંક્ષિપ્ત વાત કરવી છે. કલાપ્રેમીઓ વાન ગોઘને તેની ચિત્રકૃતિઓથી જાણે જ જાણે. પ્રદર્શનગૃહો, કલાસંગ્રહસ્થાનો અને કલાકૃતિઓના વ્યાપારીઓને તો વોન ગોઘના ચિત્રો મહામૂલી મૂડી. અહીં ઉપક્રમ વાન ગોઘના જીવન ઘડતરના પ્રભાવમાં બનેલ કૃતિઓ અને કૃતિઓના



પ્રભાવમાં તેના જીવનની વાત મારી સમજ ક્ષિતિજની મર્યાદામાં કરવાનો છે. આ રંગીન પ્રકૃતિના વ્યક્તિત્વની રંગસૃષ્ટિમાં પ્રવાસ કરવામાં મને અપૂર્વ આનંદની અને અકાળ મૃત્યુના ઉદાસ આગોશમાં અસ્ત પામેલા એ માનવી માટે ખિન્નતાની અનુભૂતિ થઈ છે. ઇચ્છું કે

મારા શબ્દો વાચકને સહભાવક બનાવી શકે. વોન ગોઘની કૃતિઓ અને તેના વૃત્તાંતને અનેક સંગ્રહસ્થાનો સાચવે છે અને તેના પ્રદર્શનો પણ થતાં રહે છે. અમેરિકાના લોકોએ તેના કાર્યને મનભરી પ્રેમ આપ્યો છે અને વોન ગોઘને તેના જીવનકાળમાં યોગ્ય ઓળખ ન આપવામાં નિમિત્ત ન બન્યા તેના પશ્ચાત્તાપરૂપે હોય તેમ આ કલાપ્રિય પ્રજા તેને સ્થાયી રીતે સંગ્રહસ્થાનોમાં સાચવી અને અસ્થાયી રીતે તેની કૃતિઓને અવારનવાર વિશેષ કાર્યક્રમો આયોજિત કરી અંજલિ આપવાનું કામ કરે છે.






ડચ ચિત્રકાર વિન્સેન્ટ વાન ગોઘ (૩૦મી માર્ચ ૧૮૫૩-૨૯ જુલાઈ ૧૮૯૦) એની સત્તાવીસ વર્ષની ઉંમરથી એ મૃત્યુ પામ્યો તે સાડત્રીસની ઉંમર સુધી પાગલની જેમ ચિત્રકામ કરતો રહ્યો. એણે જીવન ચિત્રકલાને સમર્પિત કરી દીધું ને સરસ ચિત્રો બનાવ્યાં પણ એના જીવનકાળ દરમિયાન કોઈએ એની ન તો પ્રશંસા કરી કે ન એને ચિત્રકાર તરીકે યોગ્ય આદર આપ્યો. એ સમયકાળમાં એક જ ચિત્ર માંડ વેચાયું. તેની કૃતિઓમાં તે કાળની કૃતિઓ કરતાં કંઈક વિશેષ હતું તેની કેટલાંકે નોંધ લીધી પરંતુ સ્વીકાર્ય કે આવકાર ન મળ્યો. પરંતુ એના મૃત્યુ પછી એની ભરપૂર પ્રશંસા થઈ અને કરોડો રૂપિયામાં એનાં ચિત્રો વેચાયાં. જીવનકાળ દરમિયાન ઘોર ઉપેક્ષા થઈ તો પણ વિન્સેન્ટ કામ કરતો રહ્યો, કારણ કે એનો માંહ્યલો સાબૂત હતો. આત્મસન્માન પ્રબળ હતું. પણ સંઘર્ષનું પલડું સતત નમ્યા કરતું હતું.



બાળપણ આર્થિક રીતે સાધારણ ખેડૂત કુટુંબમાં માતાપિતાને ત્યાં વીત્યું. શ્રમનો મહિમા ગળથૂથીમાં જ આદત રૂપે મળ્યો. બાળપણથી જ થોડો એકલસૂડો, વિચારોમાં મશગુલ, ગંભીર પ્રકૃતિવાળો હતો. પ્રકૃતિ અને પ્રવાસ તેને ગમતાં. આંખોથી હૃદયમાં પ્રવેશી જાય તેવાં ઉજાસી રંગો તેને ખૂબ ગમે. ચિત્રો બનાવવા તરફની તેની પ્રવૃત્તિમાં આ પસંદગીએ મોટો ભાગ ભજવ્યો. ચિત્રો બનાવ્યા તે અને અન્યોએ બનાવેલાં ચિત્રો વેચવાનો વ્યવસાય તેણે અપનાવ્યો. સફળતાનું વરદાન તેને ક્યારે પણ મળ્યું હોય તેવું તેનું જીવન તપાસતાં લાગતું નથી. લોકો સંકટ સમયની સાંકળ જેમ ધર્મ અને તેમાં આસ્થા રાખવાનું કામ સદીઓથી કરતાં આવ્યાં છે તેમાં વિન્સેટ પણ અપવાદ ન હતો.



નાનાભાઈ થીઓએ તેનો સાથ જીવનભર નિભાવ્યો. આર્થિક રીતે અને સંબંધનો શાલિન સ્નેહ તેને સદૈવ મળ્યો. આ સંબંધની સાક્ષીરૂપ તેના ભાઈ સાથેનો લાંબો પત્રવ્યવહાર છે. જે તેના મૃત્યુ પછી પ્રસિધ્ધ પણ થયો છે. (તેના નાના ભાઈનું નામ થીઓ વિન્સેન્ટ ગોઘ. બે ભાઈઓના પત્રવ્યવહારના દળદાર પુસ્તકનું નામઃ Ever Yours: The Essential Letters)

આધુનિક ચિત્રકલાની દીવાદાંડી સમો ગોઘ પોતાની દિશા નિર્ધારિત ક્યારેય ન કરી શક્યો. તેની આર્થિક, માનસિક, શારીરિક સ્થિતિ માટે અન્યો પર દોષારોપણ કરી શકાય તેવું નથી. તેનામાં રહેલો તરવરાટ અને તરખાટ તેને કોઈ પણ રીતે સ્થિર થવા દે તેમ જ ન હતો. તેણે જગતમાં કોઈનું કંઈ બગાડ્યું નહીં પરંતુ અન્ય તેનું સારું






કરી શકે તેવી સાહજિકતા અને સમાધાન સાધવાની તેની પ્રકૃતિ જ ન હતી. એટલે તે જીવનભર અસફળ રહ્યો તેવું કહેવાય છે. તેના જીવન અને તેમાં બનેલી ઘટનાઓ જાણવા ઉત્સુક કલારસિકો ઉપલબ્ધ આધુનિક અનેક માધ્યમો દ્વારા જરૂર જાણી શકશે એટલે એ વિગતો અહીં વિસ્તારથી પ્રસ્તુત કરી નથી.

જીવનકાળ દરમિયાન તેણે ૨૧૦૦ ચિત્રો દોર્યાં જેમાં ૮૬૦ તૈલચિત્રો દોર્યાં. તેમાં પ્રાકૃતિક, અચેતન સૃષ્ટિ, માનવછબીઓ, પોતાની સ્વયંની છબીઓ પણ છે. ચિત્રોમાં આંતરાનુભૂતિ, આવેગ અને લાગણીજન્ય સ્પર્શને તેણે વાસ્તવરંગોથી આલેખ્યા છે. કલાકારની આ કૃતિઓનો આસ્વાદ એ વર્ણનનો નહીં અનુભૂતિનો જ વિષય છે. તેની રેખાઓ, રંગો સાધ્ય દર્શાવવા માટેના સાધનો છે. ભાવકે કલાકારની અનુભૂતિ અને સાધ્યને પોતપોતાની કલાસૂઝથી પામવા પ્રયાસ કરવો રહ્યો. ઉત્તમ ચિત્ર કલાકૃતિ વાચાળ નથી હોતી પરંતુ રંગોના પ્રદેશનો પ્રવાસ અજાણપણે જે દૃશ્યમાન છે તેના ઉંડાણમાં દોરી જવા સક્ષમ હોય છે. આ પછી જે અનુભૂતિ થાય તે ભલે વર્ણાનાતીત હોય પરંતુ કૃતિનું હાર્દ આપણી સાથે મૂક અનુસંધાન સાધે અને ભાવકને માત્ર કૃતિના ઊંડાણમાં નહીં કલાકારના ભાવમાં રમમાણ કરી દે.



અમારા અમેરિકામાં અસ્થાયી નિવાસ દરમ્યાન ઘણાં સંગ્રહસ્થાનોમાં અમે વોન ગોઘને અને અન્ય કલાકારોની કૃતિઓને આંખથી હૈયે ભરતા રહ્યા છીએ. આમાં મુખ્યત્વે ફિલાડેલ્ફીયા શહેરનું અને ન્યુયોર્કનું ત્યાંના નિવાસ સમયે શહેરોની ધાંધલથી મુક્ત કલાકો અમારી આંખનો વિરામ બની જાય.





આજે મારે વાત કરવી છે એક એવાં અસ્થાયી આયોજન ''The Van Gogh: ''The Immersive Experience'' ૨૬મી સપ્ટેમ્બર ૨૦૨૧ના અદ્‌ભૂત પ્રવાસની. આ પ્રવાસ વાન ગોઘનો પરિચય કરાવતી કે તેની કૃતિઓના દર્શનથી પણ અધિક કલાકારના જીવનમાં અને કાર્યમાં આપણા અસ્તિત્વની પળેપળને તેમાં ઓગાળતી અનુભૂતિનો છે. વાન ગોઘની સંવેદનામાં પીગળી જવાની આવી હૃદય શૂન્યતામાં શમી જઈ સમસંવેદન એ પળોનો અનુભવ પામવાની વાત શક્ય બનાવી છે આજની વૈજ્ઞાનિક યંત્રણાએ. ''The Immersive Experience'', ''નિમજ્જન અનુભવ'' એ એક ભ્રામક વાતાવરણ છે જે તમને સંપૂર્ણપણે ઘેરી લે છે અને આપણને લાગે છે કે આપણે તેની અંદર છીએ અને તેનો એક ભાગ છીએ.

આ ઓગળવાની પ્રક્રિયાના કારણમાં ચિત્રકાર વિન્સેન્ટ વાન ગોઘની ચિત્રસૃષ્ટિ અને તેના જીવનને આવરતી ઘટનાઓ સાથે અમે એ રીતે એકાકાર થયા કે કલાકારની સંવેદનાઓ સાથે જાણે રડ્યાં, હસ્યા, આવેગથી ગાંડપણમાં સર્યા. કહેવાય છે કે કલાકાર કૃતિના સર્જન વખતે પરકાયા પ્રવેશ કરતો હોય છે પરંતુ અમે ''The Immersive Experience'' ''નિમજ્જન અનુભવ'' સમયે કલાકારના અંશ બની ગયા. તે દર્શનના અંશોમાં સહભાગી કરવા અહીં વોન ગોઘના થોડાં ચિત્રો અહીં મૂક્યા છે. અપેક્ષા છે કે વાચકને એ અંશદર્શન વોન ગોઘને માણવા અને પામવા પ્રેરણારૂપ બને. અસ્તુ!

✦ ✦ ✦

સંપર્કઃ kanubhai.suchak@gmail.com

# વાત આ મહિનાની

## આચાર્ય વિજય શીલચન્દ્રસૂરિશ્વજી મહારાજ

મહાશુદિ ૨, ૨૦૭૮

ધર્મલાભ. કુશળ હશો.

અહીં આનંદ વર્તે છે. હાલ ગોધરા સ્થિરતા છે. ઉત્સવાદિ ચાલતું રહે છે. અત્યારે અહીંની જીવકલ્યાણ પાંજરાપોળમાં નવનિર્મિત દેરાસરના પ્રતિષ્ઠામહોત્સવમાં વ્યસ્ત છીએ. મ. શુ. ૬ની પ્રતિષ્ઠા થયા બાદ, અહીંથી એક મુકામ દૂર ઓરવાડા ગામે શેઠ શ્રી સંવેગભાઈ તરફથી નવનિર્મિત 'શ્રી સૂર્યોદય વિહારધામ'નું ઉદ્‌ઘાટન તથા ત્યાંના ગૃહજિનાલયમાં શ્રી અજિતનાથજીની ચલ સ્થાપના થશે, મ. શુ. ૯ના.

અમદાવાદથી વિચરતા સાધુ-સાધ્વી મહારાજ ગોધરા તરફ પસાર થાય ત્યારે કેટલાંક ક્ષેત્રોમાં રોકાવાની ઘણી અગવડ પડતી હતી. ગોધરાની અમદાવાદ તરફની દિશામાં તેમ જ મધ્યપ્રદેશ તરફની દિશામાં – બન્ને તરફ મળીને છએક વિહાર ધામોનું નિર્માણ થતાં તે અગવડ લગભગ દૂર થઈ શકી છે. હવે વિહાર કરતાં મહાત્માઓને આશ્રય અને આહારાદિની અનુકૂળતા સચવાઈ જશે. ગોધરાથી બધી વ્યવસ્થા કરવાની થતી હતી તે મહદંશે નહીં કરવી પડે.

વિહારનાં ક્ષેત્રોમાં સંયમીઓ તરફથી જે કેટલીક સમસ્યાઓ સર્જાય છે તેની વાત કરીએ તો, ઘણીવાર ઘણાં ગ્રુપો મોટા જથ્થામાં આવતાં જોવા મળે છે. હવે એટલા બધાનો સમાવેશ વિહારધામમાં ન થાય, એટલે અન્યાન્ય વ્યવસ્થા શોધવી તથા કરવી પડે છે. અમુક ગ્રુપ માટે તેમના ભક્તોની ટીમ સતત અને ગામેગામ ફરી વળે અને પૈસા, લાગવગ આદિના જોરે ધારી વ્યવસ્થા મેળવી લે છે. પરંતુ બધાં પાસે એવી સુવિધા નથી હોતી. આવાં મોટાં ગ્રુપો નીકળે ત્યારે સ્થાનિક સંઘો અને ગૃહસ્થો વિનંતિ કરતાં હોય છે કે મહારાજ, તમે લોકો સામટા જથ્થાને બદલે થોડા થોડા નીકળો તો અમને બહુ અનુકૂળ પડે; આમાં અમે પહોંચી નથી વળતા! જોકે આવી વિનંતી ભાગ્યે જ સ્વીકારાતી હોય છે.

બીજી વસમી સમસ્યા ઠલ્લા-માત્રાની છે. સ્કૂલ કે તેના અન્ય સ્થાનમાં જો ઉતારો મળ્યો હોય તો તેના પરિસરમાં જ મહાત્માઓ વગેરે ઠલ્લા માત્રા કરી દે છે અથવા ગમે ત્યાં પાઠવી દે છે. તેઓ તો વિહાર કરી જાય, પણ સવારે લોકો, શિક્ષકો, બાળકો વગેરે ત્યાં આવે અને અશુચિ ભરેલા પરિસરને દેખે, ત્યારે તેમના મનમાં જૈન સાધુઓ માટે અરુચિ, દુગંછા અને અભાવ પેદા થાય છે; તેઓ બધાં પછી બહુ અવર્ણવાદ અને ક્લેશ કરે છે; અને ફરીવાર આ લોકોને અહીં ન રહેવા દેવા – એવો નિશ્ચય કરી બેસે છે. શાસ્ત્રોમાં વર્ણવેલા વસતી ન મળવી, લઘુતા થવી, શાસનહીલના વગેરે દોષો ત્યારે પ્રત્યક્ષ અનુભવાય છે. શાસનની નિંદા એ તો સર્વોપરી દોષ મનાયો છે, અને તેમાં કારણ બનનારા દુર્લભબોધિ બને છે, એવું જ્ઞાનીઓએ ફરમાવ્યું જ છે; એ વાત આ બધા સંયમી જીવોને કેમ યાદ નહીં આવતું હોય? બન્યું છે એવું કે સંયમીઓ દ્વારા સતત થયા કરતી આ અનુચિત પ્રવૃત્તિને કારણે ગુજરાત, રાજસ્થાન પ્રદેશોમાં ક્યાંય મહાત્માઓને ઉતારો નથી મળતો. ઉપાશ્રય સિવાય રહેવાનું મુશ્કેલ બની ગયું છે. ભગવાનના સાધુની આ સ્થિતિ! અને તેનું કારણ માત્ર ને માત્ર સંયમીઓની અશિસ્ત તથા અનુચિત પ્રવૃત્તિ જ જણાય છે.

પંચમ સમિતિના પાલનમાં સંયમની આરાધના છે એ વાત ભલે સાચી હોય, પણ તેમ કરવા જતાં શાસનની અસહ્ય નિંદા, દુગંછા થાય તેનો દોષ તો તેનાથી કંઈક ગણો અધિક મોટો છે. સાધુનો વિનય અને ઔચિત્ય પાલન જગતમાં સર્વશ્રેષ્ઠ મનાયું છે, પણ તેનો ભંગ સાધુઓ દ્વારા જ થાય ત્યારે શું કરી શકાય?

શ્રી સંઘે અને વડીલ આચાર્યદેવોએ આ વિષયે કોઈ નક્કર નિયમો ઘડવા જ પડશે, અને ઉચિત વ્યવસ્થા યોજવી જ પડશે. અત્યારે તો ઘણાં ઘણાં સ્થાનોમાં ગૃહસ્થો પંચમ સમિતિ માટે કોઈ જ જોગવાઈ રાખતા-રખાવતા નથી, અને જો કરે છે તો તે અપવાદ માર્ગને ઉત્સર્ગ માર્ગ બનાવીને જ કરે છે. એક અંતિમ તે સંયમીઓની અશોભનીય ગેરશિસ્ત, તો બીજું અંતિમ તે ટ્રસ્ટીઓની જોહુકમી અને મનમાની વર્તણૂક. આ બે અંતિમો વચ્ચે વચલો માર્ગ કોણ શોધશે?

અનેક આચાર્યોએ કે ગૃહસ્થોએ આ વિષયે ભાતભાતના નુસખા રચ્યા છે અને તેનો પ્રયોગ પણ કર્યો – કરાવ્યો છે, પરંતુ તે બધાં ક્યાં તો નિષ્ફળ પુરવાર થયાં છે, અને કાં તો બિનઉપયોગી જણાયાં છે. નાછૂટકે, સંડાસની જેમ, તે બધાંનો સ્વીકાર કરવો પડે તે અલગ વાત છે, પરંતુ તે બધું હોવા છતાં કાયમ ચાલતી સ્વૈર

આ મુદ્દે આવતીકાલે સરકારી ધારાધોરણો સ્વીકારવાની ફરજ પડે તે પહેલાં જ, અત્યારે, ચેતી જવામાં અને કોઈક નક્કર પદ્ધતિ સૌ અપનાવે તેમાં જ શ્રેય લાગે છે. અન્યથા જાણેઅજાણે બધા જ શાસન-વિરાધનામાં નિમિત્ત બની જઈશું.

મૂળવાત : આ વિચારક્ષેત્રમાં મેવાલીયા, વેગનપુર, ટુવા, પીપલોદ, લીમખેડા અને હવે ઓરવાડા – એમ છ વિહારધામો થવાથી વિહારને અંગે પડતી અસુવિધા ટળી શકે છે. બધે પૂ. ગુરુભગવંતનું નામ લખાયાથી તેમનું સ્મારક પણ સહેજે થઈ ગયું છે. અન્યત્ર, મધ્ય પ્રદેશમાં 'દિઠાન' ગામે એક વિહારધામ થયું, તેમ જ શંખેશ્વરજી નજીક કુંવારદ ગામે પણ સાધ્વીજી મહારાજ માટેનો ઉપાશ્રય બની ગયો છે. પરોલી તીર્થમાં મોટો ઉપાશ્રય બનશે તેનો આદેશ પણ અપાઈ ગયો છે. આ રીતે ગુરુ મહારાજની સ્મૃતિ અને વિહારની સુવિધા – બન્ને કાર્યો યોગ્ય રીતે થયાં છે. આ ઉપરાંત ટુવામાં સ્થાન નાનું પડતું હતું. તેથી ત્યાં એક માળ સાથે ઉપાશ્રયનું વિસ્તરણ પણ થઈ રહ્યું છે, જેનું ઉદ્‌ઘાટન મહા વદ ૫ ના (૨૧-૨) થવાનું છે.

* * *

ગોધરાથી પરોલી જવાનું થશે. ત્યાં માગશર વદ ૧ (૧૭-૨)ના ત્રણ નૂતન દેવ કુલિકાની પ્રતિષ્ઠા કરાશે. ત્યારબાદ અમદાવાદ તરફ આગળ વધવાની ભાવના છે. ત્યાં ફાગણ શુદ ૧ (૩ માર્ચ)ના પહોંચાય. જોકે બધું જ 'કોવિડ'ની વધઘટ ઉપર જ નિર્ભર છે.

* * *

એક તરફ કોરોનાનું ત્રીજું મોજું આવ્યું છે. વિરોધાભાસી નિવેદનો, ધારણાઓ તથા વ્યવહારોને કારણે સામાન્ય જનતા અટવાય છે. આ વેળા ભયનું પ્રમાણ ઝાઝું નથી. પણ કોરોના કરતાં વધુ ડર સરકાર અને પોલીસનો જણાય છે. કોઈ એક જ ધોરણ કે માપદંડ નથી. દેશ-દેશ અને રાજ્ય-રાજ્યનાં જુદાં જુદાં ધોરણ જોવા મળે છે. આમાં સાચું શું? અને શું માનવું કે ન માનવું તે નક્કી કરવું બહુ અઘરું છે. છેવટે સરકારના નિર્દેશો જ આખરી અને પ્રમાણ બની રહ્યા છે.

મીડિયામાં રોજ નવા નવા આંકડા વાંચવા મળે છે. કેસ વધે ને ઘટે; વેરીઅન અનેક જાતના લાગુ પડતાં જાણવા મળે. એક જણે મજાની વાત કરી. કોરોના એ પહેલાં વૈશ્વિક ગોઠવણ છે, પછી રાજકારણ છે, પછી બિમારીનો એક પ્રકાર છે. જે ભાગ્યે જ ગળે ઊતરે. પ્રજાની પાયમાલી અને બેહાલી એ જ બધાંનો લક્ષ્યાંક હોઈ શકે. ખેર! ગમે તે માનો કે વિચારો, જે સ્થિતિ અને સંજોગ છે તેને સ્વીકાર્યે જ છૂટકો છે.

* * *

આપણે યુગ શબ્દોનો યુગ છે. મૌનના યુગને આથમી ગમે કેટલા યુગો વહી ગયા! વસ્તુતઃ હવે શબ્દ જ મૌનની પરિભાષા બની ગયો છે. શબ્દો વગર મૌન પણ સમજાય નહીં! પહેલાં શબ્દને સમજવા માટે મૌનનું સેવન થતું. આજે મૌનને સમજવા માટે શબ્દો ફંગોળાતાં રહે છે.

શબ્દ જોડે છે. તોડે છે. શબ્દ વાગે છે. શબ્દ કરડે છે. શબ્દ શાતા પણ આપે છે. જીવનના પ્રત્યેક ભાવને અભિવ્યક્ત કરવા માટે શબ્દ સિવાય કોઈ સાધન નથી એ વાત આપણે પાકી કરી લીધી છે. મૌનની શક્તિ શબ્દશક્તિ કરતાં અનેકગણી અધિક હોવાનું જાણવા છતાં આપણી બોલવાની ચળ આપણને પરાણે શબ્દ ભણી ધકેલતી રહે છે. ઉપનિષદમાં મૌનનો મહિમા ગાતું એક પદ્ય મળે છે : 'गुरोस्तु मौनं व्याख्यानं, शिष्यास्तु छिन्नसंशयाः' – ગુરુનું મૌન એ જ બને છે એમનું પ્રવંચન; જેને (હૃદયના કાન વડે) સાંભળીને શિષ્યોના સંશયોનું નિવારણ થાય છે.

શબ્દની એક ખાસિયત છે. એનું ઉચ્ચારણ મોટાભાગે પ્રશ્નો અને સંશયો વધારી આપે છે. બોલ્યા વિના જ જે વાત સહજતાથી સમજાવી શકાય, તે વાત શબ્દો બોલીને સમજાવીએ તો ભાગ્યે જ સમજાતી હોય છે. શબ્દનું કામ સંશય પેદા કરવાનું છે, અને વિભાજનનું છે. પણ 'બોલનાર' માણસ આ તથ્યને ભાગ્યે જ સમજે છે.

શબ્દોનો સમૂહ ને શાસ્ત્ર. કેટલાક લોકો શાસ્ત્ર ને શસ્ત્ર બનાવીને વાપરતાં હોય છે. એ લોકો પોતે સ્વીકારેલા એકએક શબ્દ ખાતર ઝઝૂમતા રહે છે, અને કોઈને બરબાદ કરવા માટે તે શબ્દોને જીભની મશીનગનમાં ભરીને જ્યાં ત્યાં ફેંકતા ફરે છે. શાસ્ત્ર એમને મન બંદૂક છે, અને શબ્દ ગોળી. અને તેમની વાતને ન માને તે બધા વિરોધીઓ, દુશ્મનો; ગોળીબારને લાયક!

શબ્દ મૂલ્યવાન જણસ છે. વજનદાર પણ. શબ્દ કોણ બોલે છે, ક્યારે બોલે છે, તે આધારે તેનું મૂલ્ય અંકાય અને વજન નક્કી થાય છે. શબ્દ આશીર્વાદ પણ પુરવાર થાય, અને શબ્દ શાપ પણ બની જાય. એક રૂઢિપ્રયોગ છે. શુકનથી શબ્દ આગળા. અર્થાત્ શુકન સારાં કે ખરાબ હોય તોય, જો શબ્દ સારો કે ખરાબ મળી જાય તો, શુકન નકામાં ઠરે અને શબ્દ લાભ કે હાનિ નક્કી કરી આપે.

આપણા શબ્દને વજનદાર અને મૂલ્યવાન બનાવવો હોય તો, આપણે મૌનના ઉપાસક બનવું જરૂરી ગણાય. મૌન આપણને સત્યની નજીક લઈ જાય. સત્ય અને મૌનનો ઉપાસક નકામું બોલે નહીં, તોછડું બોલે નહીં, ઈર્ષા અને દ્વેષથી ખરડાયેલું વેણ ઉચ્ચારે નહીં. પરિણામે તે જે બોલે તેનાં મૂલ્ય અંકાય, અને તેના પ્રત્યેક શબ્દમાં તેની સચ્ચાઈ અને મૌન ભરેલાં હોવાને કારણે તે વજનદાર પણ બને. (ક્રમશઃ)

**આપણો શબ્દ આપણામાં મૌન પ્રેરે.**
**આપણું મૌન આપણા શબ્દમાં સચ્ચાઈ ઉમેરો.**

◆ ◆ ◆

# નિયમો અને સહજતા

**મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજી**

નિયમો અને સહજતા – બંને એકબીજાના વિરોધી બને ત્યારે જીવન અસંતુલિત થઈ જાય છે. મૂળભૂત રીતે નિયમો જીવનને ઉન્નતિના માર્ગ પર આગળ વધારવા માટે હોય છે. જીવન સહજ બને, સંતુલિત બને, તો જ ઉન્નતિના પથ પર અગ્રેસર થઈ શકાતું હોય છે. આ દષ્ટિકોણથી જોઈએ તો, નિયમો જીવનની સહજતાને ટકાવવા માટે હોવા જોઈએ, અટકાવવા માટે નહીં. પરંતુ જે નિયમો જીવનની સ્વાભાવિકતાને પોષણ આપવાનું તો દૂર રહ્યું, ઉપરથી તેની સહજતાને પણ ખોરવી નાખતા હોય, તેમનું મૂલ્ય કેટલું તે વિચારણીય લાગે છે.

દા.ત. કોઈ શ્રમણ પોતાનાં માતા-પિતા સાથે પણ વાત નથી કરતા. આવા નિયમોની અનુમોદના ચોક્કસ કરીએ. પણ પ્રશ્ન એ થાય કે, જે શ્રમણ પોતાનાં માતા-પિતા સાથે, ધર્મ પમાડવાની બુદ્ધિથી કે કર્તવ્યપાલનના ભાવથી અથવા અન્ય કોઈ પણ રીતે, વાત કરે છે તેમને, આપણે શા માટે પેલા શ્રમણ કરતાં નીચા ગણીએ છીએ? કોઈ સાથે વાત ન કરવાના નિયમમાત્રથી ચઢિયાતા થઈ જવાય? કોઈની સાથે વાત કરવી કે ન કરવી એ સાધકનો નિજી પ્રશ્ન છે, પોતાની મરજીની વાત છે. સાધના સાથે એનો કયો સંબંધ? સાધના તો રાગ-દ્વેષ ઘટાડવા પર કેન્દ્રિત હોય છે. આ લક્ષ્ય અત્યારે મૌનથી જ સિદ્ધ થઈ શકશે એમ જો સાધકને કે તેના માર્ગદર્શને લાગે તો મૌનનો નિયમ કરાવી પણ શકાય છે. અને જો તેવી જરૂર ન વર્તાય તો વાર્તાલાપ ચાલુ પણ રાખી શકાય છે. કોઈ નિયમ જો લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સહાયક ન બને, અથવા સાધકને લીધેલા નિયમના મૂળ હેતુની જ જાણકારી ન હોય તો, તેવા નિયમો અર્થહીન જ બની જશે.

જીવન એ તો સહજ રીતે વહેતી પવિત્ર નદી છે. બિનજરૂરી નિયમોથી તો તે બંધાઈને ગંધાઈ ઊઠશે. નૈતિકતાને અવગણનારાં કે લોકમાં નિંદનીય ગણાતાં કુકૃત્યોના સમર્થનની આ વાત નથી. પરંતુ જે નિયમો ન તો સાધનાજગતમાં સહકારી ગણાયા છે અને ન તો લોકવિરુદ્ધ કાર્યો કરવાથી આપણને બચાવે છે, તેવા નિયમો લેવાથી તો જીવનની સહજતા જ ખોરવાઈ જશે. આવા નિયમો લેનારો સાધક આત્મા માનસિક રીતે પોતાની માન્યતાઓના કિલ્લામાં જ કેદ થઈ જાય છે.

જીવન અને સમાજ પ્રત્યેની નિષ્ઠાનું મજબૂત કવચ હોય તો, વ્યર્થ નિયમો વિના પણ શુદ્ધિ તથા પવિત્રતા જીવનમાં જળવાઈ રહે છે. અને તેવી નિષ્ઠા ન હોય તો, આવા નિયમો માનસિક રીતે બોજ બની જાય છે. એક એવો બોજ કે જેના ભાર હેઠળ સાધના ચગદાઈ જાય છે અને છતાં સાધકને 'આ બોજ છે' તેવો ખ્યાલ જ નથી આવતો! ભલે વ્યક્તિને પોતાને સહજતા ખોરવાઈ ગયાની કશી ખબર ન પડે, પરંતુ તેના વ્યક્તિત્વમાં અને વ્યવહારમાં સહજતાની ખામી – કોઈ પણ પારખુ વ્યક્તિ સરળતાથી પકડી પાડતી હોય છે. મુશ્કેલી ત્યારે અનુભવાય કે વ્યક્તિને આવા વ્યર્થ નિયમોના બોજામાંથી છોડાવવાના પ્રયત્નો પણ પ્રાયઃ તદ્દન નિષ્ફળ જ થતા હોય છે. આવી વ્યક્તિએ પોતાની આસપાસ એક આભાસી સાધનાનું એવું તો જાળું રચી દીધું હોય છે કે જે તૂટ્યું તૂટ્યું નથી. સોનાની બેડીથી બંધાયેલો કેદી બેડીને ઘરેણું સમજીને પંપાળ્યા કરે તો કરવું શું?

હમણાં સાંભળ્યું કે, એક સાધ્વીશ્રી તેમના સગા ભાઈમહારાજ સાથે ન બોલવાનો નિયમ છેલ્લા ૨૦ વર્ષથી અખંડપણે પાળતાં આવ્યાં છે. આવું કહેનાર વ્યક્તિને મારી પાસે આ વાત અંગે પ્રશંસાની અપેક્ષા હતી અને તે અપેક્ષા સંતોષવાનો મેં પ્રયત્ન પણ કર્યો. પણ મનમાં પ્રશ્ન એ થયો કે, જો એ સાધ્વીશ્રી અન્ય અનેક લોકો સાથે બોલતા જ હોય તો, સગા ભાઈ સાથે વાત ન કરવાથી સાબિત શું થાય? એનાથી એમની સાધનામાં ફરક પણ કયો પડે? જીવન એ હદે સહજતાએ પહોંચ્યું હોવું જોઈએ કે ભાઈ સાથે બોલવાની ન તો જરૂર વર્તાય અને ન તો બોલતી વખતે રાગદશાના

ઘરમાં પ્રવેશવાનું થાય. પરંતુ જો ૨૦-૨૦ વર્ષથી ન બોલવાનું માત્ર વ્રત જ છે, અને આટઆટલાં વર્ષોના વ્રતપાલન પછી પણ જો ભાઈ સાથે બોલવામાં રાગદશાનો ડર રહે જ છે, તો આ વ્રતે પ્રાપ્તિ શું કરાવી તે વિચારણીય તો બને જ છે. એક શ્રમણ કે શ્રમણી સમગ્ર જીવનમાં બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન કરે, રાગદશા ન જાગતી હોય તો પણ કરે, આ વ્યવહારશુદ્ધિ છે. વ્યવહારશુદ્ધિ તો ઇચ્છનીય જ છે. પરંતુ જેમાં સાધનાની સહાયકતા તો નથી જ, પણ વ્યવહારશુદ્ધિનું જે નિમિત્ત પણ નથી, તેવા નિયમો તો જીવનમાં અનિચ્છનીય દબાણ જ પેદા કરશે. આવા સાધકના જીવનમાં બહુ મોટી શક્યતા એ રહે છે કે, 'હું આવા-આવા નિયમો પાળું છું, માટે હું બીજાથી કંઈક વિશેષ છું, મહાન છું' આવી ગુરુતાગ્રંથિમાં મન અટવાઈ જાય. નિયમો નિર્ગ્રંથ બનવા માટે હોય છે. ગ્રંથિઓ સર્જવા માટે નહીં. સહજતાના મોલને સલામત રાખવા માટે નિયમોની વાડ રચવી પડે છે, પણ એ વાડ જ જો પાકને ખાઈ જાય તો!

એક દૃષ્ટાંતથી આ વાતને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કરું. પુરુષ અને સ્ત્રી વચ્ચેનો દરેક કાયિક સ્પર્શ અનૈતિક નથી જ હોતો. જેમ કે, માતા અને સંતાનનો સ્પર્શ. આ સ્પર્શ પણ એક રીતે તો પુરુષ અને સ્ત્રી વચ્ચેનો જ સ્પર્શ છે. તો પણ, અમૂર્ત એવી માતૃત્વની કે વાત્સલ્યની ભાવના જ આ સંબંધને નૈતિકતાનો દરજ્જો આપે છે. આ ભાવના ન હોય તો, સગા-દીકરા વચ્ચેના શારીરિક સંબંધો પણ અનૈતિક જ ગણાયા છે. જેમ કે કામલતા, કુબેરદત્તા વગેરેનાં કથાનકોમાં. અર્થાત્ નૈતિકતા-અનૈતિકતાની આધારશિલા ભાવનાઓ છે, નિયમો કે ધારણાઓ નહીં. અમૂર્ત ભાવનાઓ વિના તો નિયમો પણ કશું ફળ આપી શકતા નથી, તેથી નિયમો પર ભાર આપવાને બદલે ભાવના મજબૂત કરવા પર ભાર આપવો જોઈએ.

અતિશય કડક નિયમો પાળનારા આ સમાજમાં પૂજાય છે તે વાત નિઃશંક છે. પરંતુ સમાજની ગતિ તથા મતિ કોઈ દિવસ સાધનામાર્ગમાં મહત્ત્વની ગણાઈ નથી. સામાજિક ધારણાઓને કોરાણે મૂકીને, લીધેલા નિયમોની સાર્થકતા કઈ છે તે વિચારવું તો પડશે જ. આવી વિચારણા કર્યા વિના, નિયમોનું લક્ષ્ય સમજ્યા વગર જ, માત્ર દેખાદેખીથી જીવનને નિયમોથી ભરી દેવાનો મતલબ ખરો?

નિયમોની જટિલતામાં માનનારા વર્ગની હમેશાં એક દલીલ રહી છે કે, નિયમોના બંધન વગર તો સ્વચ્છંદતા પ્રવેશી જતી હોય છે. માની શકાય કે, પોતાની આ માન્યતાને પુષ્ટ કરનારાં દૃષ્ટાંતો પણ તે વર્ગે જોયાં જ હશે. પરંતુ, એ વર્ગને મારી વિનંતિ એ છે કે, જડ નિયમોને વળગ્યા પછી પણ આપણી પરિસ્થિતિ કઈ છે તે તો ક્યારેક તટસ્થ બનીને તપાસો. નિયમોની સજ્જડતા ધરાવતા જૈન ધર્મમાં પણ કેટલો અધર્મ ઊંડે સુધી પ્રવેશી ચૂક્યો છે! નિયમોની જટિલતાથી કોઈકનું આત્મકલ્યાણ થયું છે તેવું એક ક્ષણ પૂરતું સ્વીકારી લઈએ તો પણ, એવા જીવો થોડાક જ હોવાના. એની સામે આ જટિલતાને લીધે, બહોળો માનવસમૂહ પ્રભુ વીરના માર્ગથી વંચિત જ રહી ગયો છે, અને જે વંચિત નથી તે પણ વિમુખ થઈ રહ્યો છે – આ કારમા સત્યની ઘોર ઉપેક્ષા શા માટે કરવાની? 'નિયમોમાં જ ધર્મ છે' એવું માનવાથી મળતી નિષ્ફળતા તો આપણે અનુભવી લીધી! હજુ પણ આપણે અન્ય દૃષ્ટિકોણથી વિચારવાની જરૂરને નહીં સમજીએ? જૈન ધર્મનું લક્ષ્ય તો સ્પષ્ટ જ છે – જીવનની શુદ્ધિ અને પવિત્રતા. અને અનેક જૈનોના જીવન જોયા પછી, આ લક્ષ્ય સિદ્ધ નથી જ થઈ રહ્યું એવું કબૂલવું જ પડશે. આનું કારણ એ છે કે, આપણે સતત 'જે કરી રહ્યા છીએ' તેમાં ફેરફાર આણવાનો પ્રયત્ન કરીએ છીએ, જેની ખરેખર જરૂર જ નથી. જરૂર તો 'જે રીતે કરી રહ્યા છીએ' તેમાં ફેરફાર લાવવાની છે. જે લક્ષ્ય સહજ પ્રસન્નતાથી પણ નથી મળી રહ્યું, તે લક્ષ્ય સહજતાને ખોરવીને લદાતી અપ્રસન્નતાથી તો કઈ રીતે મળવાનું?

અત્રે એક વાત ખાસ સ્પષ્ટ કરું કે, નિયમોનો વિરોધ નથી, પરંતુ નિયમો પાછળની અણસમજને નિવારવાનો આ પ્રયાસ છે. નિયમ વગરનું ઉચ્છૃંખલ જીવન તો ઇચ્છનીય નથી જ, પણ લેવાતા નિયમો સમજણપૂર્વક લેવાય, લક્ષ્યની વિશદતાપૂર્વક લેવાય, જીવનની સહજતાને જાળવીને લેવાય તે માટે ધ્યાન દોરવાનો આ પ્રયત્ન છે.

નિયમ હોય છે શા માટે તે અંગે મારું દૃષ્ટિબિંદુ રજૂ કરું. કેટલાક ધર્મો સમષ્ટિગત હોય છે અને કેટલાક વ્યક્તિગત. સમષ્ટિગત ધર્મો એટલે સમાજમાં નૈતિકતા અને નિષ્ઠાનું પ્રમાણ જળવાઈ રહે અને સૌ કોઈ પોતાની રુચિ-શક્તિ-મતિ અનુસાર પોતાનો ભૌતિક તથા આધ્યાત્મિક વિકાસ અડચણ વગર કરી શકે તે માટે સમગ્ર સમાજે જાળવવાના આદર્શો. અને વ્યક્તિગત ધર્મ એટલે સમષ્ટિગત ધર્મોની જાળવણી માટે પોતાની ભૂમિકાને અનુરૂપ થતું વર્તન.

હવે, જો કોઈ વ્યક્તિ મંદસત્ત્વવાળી છે તો, તેનું સ્તર સ્વાભાવિક રીતે સમષ્ટિગત ધર્મોથી નક્કી થતા સ્તરથી ઘણું નીચું હોવાનું અને તેને સમષ્ટિગત ધર્મની જાળવણી માટે વિશેષ પુરુષાર્થ કરવાની જરૂર પડવાની. આ માટે તેને બહુ કડક નિયમો લેવા જ પડશે, કેમ કે, એને પોતાનું સ્તર ઘણું ઊંચું ચડાવવાનું છે. પરંતુ આવા કડક નિયમોને લીધે તે વ્યક્તિ મહાન ન થઈ જાય. ઉપરથી આના પરથી તો એવું ફલિત થાય કે, જે સ્તરે બીજી વ્યક્તિ ઘણી સરળતાથી પહોંચી શકે છે, ત્યાં પહોંચવા માટે આ વ્યક્તિને વધુ આધારની

આવશ્યકતા રહે છે. આ નિયમો પોતાના મંદ સત્ત્વને તીવ્ર બનાવવા માટે સ્વીકારેલા વ્યક્તિગત ધર્મ છે, સમષ્ટિગત ધર્મ નથી તે ભૂલવું ન જ જોઈએ. ભૌતિક પદાર્થો માટેની નિઃસ્પૃહતા તથા પોતાના શરીર સુદ્ધાંની નિરીહતામાંથી ઉદ્‌ભવતી અત્યંત આકરી સાધનાની વાત હું નથી કરી રહ્યો. આવી નિઃસ્પૃહતા કે નિરીહતા વગર જ પરાણે લાદેલા નિયમો અંગેની આ ચર્ચા છે.

લગભગ એવું બનતું દેખાય છે કે, સમષ્ટિગત ધર્મોને સિદ્ધ કરવા પોતે લીધેલા વ્યક્તિગત નિયમોને સમાજના માથે ઠોકી બેસાડવાનો પ્રયત્ન થાય છે. આવા નિયમોનું એવું તો પ્રશંસાસભર વર્ણન થાય છે, એના મહિમાને એવો તો મંડિત કરાય છે કે, સામાન્ય જીવ તો આ નિયમોને જ સર્વસ્વ સમજી બેસે છે અને નિયમોને જ જીવનભર આરાધતો રહે છે.

ધારો કે, કોઈ વ્યક્તિને કમરની પીડા રહે છે. તો વૈદ્ય એને એવી સલાહ આપશે કે, તમારે પથારી પરથી સીધા ઊભા નથી થવાનું, પડખું ફેરવીને જ ઊભા થજો. એ વ્યક્તિ આ સલાહને અનુસરે અને એવી જ રીતે ઊભા થવાનો નિયમ કરે તો એમાં ખોટું નથી. પરંતુ તે વ્યક્તિ આવો નિયમ અન્ય સાજી-નરવી વ્યક્તિને પણ કરાવવાનો પ્રયાસ કરે તે કેટલું ઉચિત કહેવાશે? 'મારે તો પડખું ફેરવીને જ ઊભા થવાનું વ્રત છે' એમ પોતાના આ નિયમનું તે મહિમાગાન કરે તે કેટલું સંગત ગણાશે? પરંતુ આજે આપણે ત્યાં તો આ જ થાય છે. વાસ્તવિકતા એમ છે કે, કડક નિયમોની જરૂર કોઈ વ્યક્તિવિશેષને હોઈ શકે છે, પરંતુ એથી કંઈ તે બધા માટે ધર્મ નથી થઈ જતો, અને એવો ધર્મ મહિમાસભર તો બિલકુલ જ નથી બનતો. આપણી અક્ષમતાને લીધે અપનાવા પડતા નિયમોને જ જો ધર્મ ગણાવવા જઈશું તો, એમાં સાચો ધર્મ તો ક્યાંયનો ક્યાંય ખોવાઈ જવાનો!

ધ્યાનમાં એ રાખવાનું છે કે, કોઈ બે વ્યક્તિના વ્યક્તિગત ધર્મોની તુલના કરીને તેમનામાં ઉચ્ચ-નીચના ભેદ ન જ પાડી શકાય. પેલી કથામાં આવે છે તેમ, મુનિ ભગવંતે એકાસણું કરવા છતાં પોતાને ઉપવાસી કહ્યા, કેમ કે, એમણે પોતાની આહારસંજ્ઞા પર જય મેળવ્યો હતો. ઉપવાસનું મહત્ત્વ નથી, મહત્ત્વ આહારસંજ્ઞા પર વિજય મેળવવાનું છે. કોઈ વ્યક્તિને એ જીત માટે ઉપવાસનું સાધન અજમાવવું પડે છે, તો કોઈને એ જીત સહજ રીતે જ હાંસલ થતી હોય છે. તો પછી, 'ઉપવાસ કરનારો વધારે ધર્મી' આવો માપદંડ રાખી શકાય ખરો? વ્યક્તિ સમષ્ટિગત ધર્મથી કેટલી દૂર છે કે નજીક છે એ જ તુલના માટેનો માપદંડ હોઈ શકે.

કોઈક વ્યક્તિ કૂદકો મારીને ઉપરના માળે ચડી શકે છે, કોઈકને એના માટે નિસરણીની જરૂર પડે છે. નિસરણી વાપરનારો કૂદકો મારનાર કરતાં વધુ મહાન નથી થઈ જતો. મહત્ત્વ ઉપર પહોંચવાનું છે, નિસરણી વાપરવાનું નહીં. નિયમો નિસરણી જેવા છે. જેનાથી સહજ રીતે જ ઉપરના સ્તરે નથી જઈ શકાતું તેવી વ્યક્તિ માટે નિયમો બહુ ઉપકારક છે. પરંતુ મહત્ત્વ ઉપરના સ્તરે પહોંચવાનું છે, નિયમો લેવાનું નહીં. નિસરણી વાપરનારો જો મહાન નથી થઈ જતો તો, નિયમો લેનારો કેવી રીતે મહાન થઈ જાય?

આહાર શરીરના પોષણ માટે છે, જીભના નહીં. તેથી 'ખાતી વખતે રાગ ન કરવો' આ સમષ્ટિગત ધર્મ બનશે. બનવાજોગ છે કે, ઘણીખરી વ્યક્તિ સહજતાથી આ ધર્મને અપનાવી ન શકતી હોય. તેથી અમુક વસ્તુ ન ખાવી, એક બાજુથી જ વાપરવું વગેરે નિયમો અપનાવવા પડે. પરંતુ આ નિયમો જો આત્મપ્રશંસાનું કારણ બની જતા હોય તો, આપણે ઊલમાંથી ચૂલમાં પડ્યા તેવું ન કહેવાય? આ તો એક ઉદાહરણ છે.

માગદર્શક પુરુષોએ આ વાત અવશ્ય ધ્યાનમાં રાખવી જોઈએ કે, વ્યક્તિગત ધર્મોની પ્રરૂપણા સમષ્ટિગત ધર્મોની સ્થાપના કરવાપૂર્વક જ કરવી. અન્યથા, એ વ્યક્તિગત ધર્મોનું કોઈ વિશેષ મૂલ્ય જ નહીં બચે. કારણ કે, વ્યક્તિ પોતે એ વ્યક્તિગત ધર્મોમાં જ અટવાઈ જશે અને સમષ્ટિગત ધર્મો સુધી પહોંચી જ નહીં શકે. વ્યક્તિગત ધર્મો સાધન છે અને સમષ્ટિગત ધર્મો એ સાધ્ય છે – આ વિવેક સ્પષ્ટ થવો જ જોઈએ. નહીં તો અનર્થ જ સર્જાશે. જેમ કે, કોઈને આયંબિલ કરવાની પ્રેરણા કરી, પણ એ આયંબિલ આહારસંજ્ઞા પર વિજય મેળવવા માટે છે એ સત્ય સ્પષ્ટ ન કર્યું. પરિણામ? એ વ્યક્તિ ૫,૦૦૦ આયંબિલ કરી લેશે. પરંતુ લક્ષ્યના અભાવે પેલા આહારસંજ્ઞાને જીતવાના સ્તર સુધી નહીં જ પહોંચી શકે. એની તપશ્ચર્યા ગણતરી, માનપાન કે રાગદશામાં જ અટવાઈ જશે!

સંક્ષેપમાં, નિયમો જો સમષ્ટિગત ધર્મોની જાળવણી માટે સ્વીકારાય, જીવનની સહજતાના જતન દ્વારા ઉન્નતિ માટે સ્વીકારાય તો, તે અભિનંદનીય છે. પરંતુ જો એ જ નિયમો માત્ર આગ્રહ કે કટ્ટરતાને જ પોષનારા બને તો, તે નિરર્થક અને આત્મઘાતક બંધન બને છે – આ સત્ય સાધક આત્માએ આત્મસાત્ કરવું જોઈએ.

આ એક વિચારણા છે, પ્રરૂપણા નહીં. આ વિચારણામાં કોઈને જો શાસ્ત્રનિરપેક્ષતા લાગે તો તેની ક્ષમાયાચના અને તે સૂચવવાની વિનંતિ સહ.

✦ ✦ ✦

# સર્વ માંગલ્યના પદો

**જૉની શાહ**

**मङ्गलसूत्र :**

**अरहंता मंगलं। सिद्धा मंगलं। साहू मंगलं।**
**केवलिपण्णत्तो धम्मो मंगलं।।**
**अरहंता लोगुत्तमा। सिद्ध लोगुत्तमा। साहू लोगुत्तमा।**
**केवलिपण्णत्तो धम्मो लोगुत्तमो।।**
**अरहंते सरणं पव्वाज्जामि। सिद्धेसरणं पव्वज्जामि।**
**साहू सरणं पव्वज्जामि। केवलिपण्णतं धम्मं सरणं पव्वज्जामि।।**

**આ** મઙ્ગલસૂત્રો તથા મહાપ્રભાવક નવકારમંત્રની એક વિશેષતા એ છે કે તે વ્યક્તિપૂજક નથી પરંતુ ગુણપૂજક છે. આ જૈનસૂત્રો માત્ર કોઈ સંપ્રદાય વિશેષનું મંગલ નથી વાંછતા પરંતુ સમગ્ર જગતનું, સમગ્ર જીવસૃષ્ટિનું મંગલ વાંછે છે.

'સમણસુત્તં' ગ્રંથમાં નવકાર મંત્રના બે સૂત્રો પછીના આ ત્રણ મઙ્ગલસૂત્રો આપ્યા છે. આ ગ્રંથમાં પ્રાકૃતગાથાઓનું સંકલન કરવામાં આવ્યું છે જે ગેય છે અને પારાયણ કરવા યોગ્ય છે.

ભગવાન મહાવીરની ૨૫મી નિર્વાણ શતાબ્દિ નિમિત્તે જે એક અદ્ભૂત અને અલૌકિક કાર્ય થયું તે 'સમણસુત્ત' ગ્રંથનું પ્રકાશન તથા વિવિધ નગરોમાં તેનું વિમોચન. જૈનોના બધા જ ફિરકાઓને માન્ય આ ગ્રંથના પ્રેરણાસ્ત્રોત હતા સંતશ્રી વિનોબા ભાવે. તેઓ કહેતાં કે 'ઈન દિનો સર્વધર્મ સમભાવ' એક નયા શબ્દ હમ લોગો કો મિલા હૈ. લેકિન મહાવીર કે વિચારો કા જિનકો પરિચય હૈ ઉનકે લિએ વહ કોઈ નઈ બાત નહીં હૈ, મેરી નિગાહ મેં મહાવીર 'સર્વધર્મ સમન્વયચાર્યા' હૈ.

અને કદાચ એટલે જ જૈનસાહિત્યમાં સર્વધર્મ સમન્વય સાધતી ઘણી રચનાઓ મળે છે.

વિશ્વનો ઇતિહાસ યુદ્ધોથી ભરેલો છે અને મહત્તમ યુદ્ધો ધર્મને નામે થયા છે. આ વિશ્વનું મંગલ ત્યારે જ શક્ય બને જ્યારે વિવિધ ધર્મ સંપ્રદાયો વચ્ચે સમન્વય સધાય. દરેક ધર્મના અનુયાયીઓ એકબીજાને આદર આપે. અને એટલે જ મુનિ સંતબાલજી રચિત સર્વધર્મ પ્રાર્થના ઘણી બધી શાળાઓમાં ગવાય છે. સંતબાલજીના ચિંતનમાં જૈન વિચારધારા અને ગાંધીવિચારનો સુંદર સમન્વય સધાયેલો જોવા મળે છે.

સવૈયા એકત્રીસા છંદમાં રચાયેલી આ સર્વધર્મ પ્રાર્થના વિશ્વશાંતિ માટેની પ્રાર્થના છે.

પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું, માન્યાં પોતા સમ સહુને,
પૂર્ણ અહિંસા આચરનારા, નમન તપસ્વી મહાવીરને... (૧)

જનસેવાના પાઠ શીખાવ્યા, મધ્યમ માર્ગ બતાવીને,
સંન્યાસીનો ધર્મ ઉજાળ્યો, વંદન કરીએ બુદ્ધ તને...(૨)

એક પત્નીવ્રત પૂરણ પાળ્યું, ટેક વાગી છે જીવતરમાં,
ન્યાય નીતિમાય રામ રહેજો, સદા અમારા અંતરમાં...(૩)

સઘળાં કામો કર્યા છતાં જે, રહ્યાં હંમેશા નિર્લેપી,
એવા યોગી પ્રભુમાં રહેજો અમ મનડાં ખુંપી...(૪)

પ્રેમરૂપ પ્રભુપુત્ર ઈશુ જે, ક્ષમાસિંધુ ને વંદન હો,
રહમ નેકીના પરમ પ્રચારક, હજરત મહમ્મદ દિલે રહો... (૫)

જરથોસ્તીના ધર્મગુરુની, પવિત્રતા ઘટમાં જાગો,
સર્વધર્મ સંસ્થાપક સ્મરણો, વિશ્વશાંતિમાં ખપ લાગે...(૬)

સામાન્યપણે જેઓ જૈનધર્મથી પરિચિત નથી એવા લોકોને જૈનધર્મનો પરિચય કરાવતાં લેખોમાં કે વિદ્વાનોના વક્તવ્યોમાં જૈનધર્મની ત્રણ વિશેષતાઓનો ઉલ્લેખ જોવા મળે.

૧) અહિંસા, ૨) અપરિગ્રહ અને ૩) અનેકાન્તવાદ. અહિંસાના પાલનથી વિશ્વમૈત્રી અને વિશ્વપ્રેમવિકસે છે. અપરિગ્રહને કારણે વિશ્વબંધુત્વની ભાવના વધુ દઢ બને છે. અનેકાન્તવાદને કારણે 'વસુધૈવકુટુંબકમ્' શક્ય બને છે.

મૈત્રી તથા કરુણા ભાવનાને વર્ણવતી કેટલીયે રચનાઓ જૈન સાહિત્યમાં મળે છે. ચિત્રભાનુજીની 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' તો એટલી બધી લોકપ્રિય છે કે ઘણી શાળાઓમાં તે મુખ્ય પ્રાર્થના તરીકે સ્થાન પામી છે. આ પ્રાર્થના પણ ૩૧ માત્રાના સવૈયા એકત્રીસા છંદમાં રચાયેલી છે.

અન્ય કેટલાક દૃષ્ટાંતો જોઈએ.

દિગંબર કવિ પંડિત જુગલકિશોરની કૃત 'મેરી ભાવના'ની બે કડીઓ જોઈએ.

જિસને રાગદ્વેષ સમાધિક, જીતે સબ જગ જાન લિયા,
સબ જીવોં કો મોક્ષમાર્ગ કા, નિસ્પૃહ હો ઉપદેશ દિયા.

બુદ્ધ, વીર, જિન, હરિ, હર, બ્રહ્મા યા ઉસકો સ્વાધીન કહો,
ભક્તિભાવ સે પ્રેરિત હો યહ, ચિત્ત ઉસી મેં લીન રહે...(૧)

મૈત્રીભાવ જગત મેં મેરા, સબ જીવોં સે નિત્ય રહે,
દિન-દુઃખી જીવોં મેર ઉરસે અરુણાસ્ત્રોત વહે.
દુર્જન ક્રૂર-કુમાર્ગરતોં પર, ક્ષોભ નહીં મુઝ કો આયે,
સામ્યભાવ રખું મૈં ઉન પર, એસી પરિણતિ હો જાવે...(૫)

આચાર્ય મોક્ષરતિસૂરીશ્વરજીએ પણ ૨૮ માત્રાના હરિગીત છંદમાં બન્ને ભાવનાઓ ઘૂંટતી સુંદર પંક્તિઓ રચી છે.

**મૈત્રીભાવના :**

ના વેર હો મુજ હૃદયમાં, કિન્તુ રહો શુભકામના!
ના કોઈ સાથે શત્રુતા, ના ક્યાંય હો દુર્ભાવના!
કલ્યાણ હો સૌ જીવનું – આ ભાવ હો મુજ હૃદયમાં!
હે દેવ! મૈત્રીભાવની સુરભિ વહો મુજ હૃદયમાં!
સૌનાં સકલ દુઃખડાં ટળો, સૌને અમર સુખડાં મળો!
ના પાપ કોઈ આચરો, સૌ ધર્મ નિશદિન આદરો!
સૌ જીવ મૈત્રીમય બનો – આ ભાવ હો મુજ હૃદયમાં!
હે દેવ! મૈત્રીભાવની સુરભિ વહો મુજ હૃદયમાં?

**કરુણા ભાવના :**

દઉં અન્ન ભૂખ્યાને અને દઉં નીર તરસ્યાને અને –
દીનહીનને દઉં આશરો, સન્માર્ગ દઉં સૌ જીવને!
બસ, અન્ય કાજે સર્વદા મુજ શક્તિનો ઉપયોગ હો!
હે દેવ! કરુણા ઝરણા મારા હૃદયમાં વહેતું રહો!

દુઃખ કોઈનું જીરવી શકે ના – એવું હો અંતઃકરણ!
દુઃખ કોઈનું જોઈ વહો મુજ નયનમાં અશ્રુઝરણ!
મુજ દુઃખ ભૂલી અન્યનું દુઃખ ટાળવા મુજ ભાવ હો!
હે દેવ! કરુણાઝરણ મારા હૃદયમાં વહેતું રહો!

આવી રચનાઓ ક્યાંક ને ક્યાંક આપણા હૃદયમાં દાનની ભાવનાને ઘૂંટે છે. આવી ભાવનાને કારણે જ જૈનો દાનેશ્વરી ગણાય છે. દાનવૃત્તિ એટલે કે બીજા સાથે Share કરવાની વૃત્તિ, બીજાને આપવાની વૃત્તિ, અપરિગ્રહમાંથી જન્મે છે.

સંગીત હૃદયને કોમળ બનાવે છે. અને કોમળ હૃદયમાંથી જ તો કરુણા સહજ રીતે વહેતી હોય છે.

બંધુત્રિપુટી મુનિશ્રી મુનિચન્દ્રજી મહારાજ 'કવિ આનંદ'ના ઉપનામે લખતાં. એમની પ્રાર્થનાની એક કડી જોઈએ.

**શીર્ષક : બસ એટલી છે પ્રાર્થના :**

વિશ્વવત્સલ હે વિભુ! બસ એટલી છે પ્રાર્થના
હૃદય-સરમાં રહે ખીલતાં પોયણાં કરુણાતણાં

જિંદગી અર્પણ કરું તુજ પ્રેમની કફની ધરું
દીન-હીનજનો તણાં કષ્ટો યથાશક્તિ હરું
ગીત ગૂંજે જિંદગીના સાજ પરથી પ્રેમનાં... હૃદયસરમાં...(૧)

બેસતા વર્ષે કે નૂતનવર્ષના પરોઢે કેવી ભાવના ભાવવી જોઈએ એ ખૂબ જ સરળ શબ્દોમાં મુનિમહારાજ એમની અન્ય એક રચનામાં કહે છે.

**શીર્ષક : "દિલના દીપ જલાઓ"**

પ્રકાશનું આ પર્વ પનોતું, દિલના દીપ જલાઓ
અંતરના અંતર ઓળંગી, એક થઈ સૌ ગાઓ... સાલમુબારક.

સહુના સુખની કરી કામના જગમંગલ સહુ ગાઓ
કલહ અને કંકાસો ભૂલી, સૌને ગળે લગાઓ
હોઠ ઉપર બે શબ્દો આજે 'સાલમુબારક' લાઓ
અંતરના અંતર ઓળંગી એક થઈ સૌ ગાઓ... સાલમુબારક

ઊગે સુખનાં ગુલાબ અહીંયા, દુઃખના કાંટા સાથે
માગું છું બસ, પ્રભુ આપજે, પ્રસન્નતા સંગાથે
સત્ય અને સંતોષની જગમાં નવી ઉષા પ્રગટાવો
અંતરના અંતર ઓળંગી, એક થઈ સૌ ગાઓ... સાલમુબારક.

અશ્રુ લૂછો રંકતણાં જ્યાં ટંક ટંકના સાંસા
જેનું કોઈ નથી દુનિયામાં, આપો જઈ દિલાસા
રુંધાયેલા કંઠોમાંથી ગાન નવાં રેલાવો
અંતરના અંતર ઓળંગી, એક થઈ સૌ ગાઓ... સાલમુબારક.

અંતરના અંતર ત્યારે જ ઓગળે છે જ્યારે અનેકાન્તવાદ માત્ર બુદ્ધિના સ્તરે ન રહેતાં આચરણમાં મૂકાય છે. એટલે જ મુનિમહારાજે પર્યુષણપર્વના એક ગીતમાં લખ્યું છે.

છે પર્યુષણા આતમાની વસંત, અહીં પ્રેમજળનાં ઝરણા જોઈએ.
ક્ષમા, નમ્રતા, ધૈર્ય, ઔદાર્યથી, વિરોધોતણા બસ શમન જોઈએ.

અનેકાન્ત દર્શન છે મહાવીરનું, બધાંને સમાવે છે આકાશસમ
ન વાદળને પકડી ઝઘડીએ હવે, ચાલો ગાઈએ કે 'ગગન જોઈએ.

આનું સ્વરાંકન રાગ દરબારી ઉપર આધારિત છે. સંગીત સમ્રાટ તાનસેને રાગ દરબારી બનાવ્યો છે, એવી માન્યતા છે. દરબારી ઉપરાંત રાગ મિયાંમલ્હાર, મિયાં કી તોડી અને મિયાં કી સારંગ પણ તાનસેન દ્વારા જ રચાયા છે એવું મનાય છે.

ભગવાન મહાવીરના અનેકાન્ત દર્શનને જો કોઈએ ગુજરાતમાં સ્થિર કર્યું હોય તો તે કવિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચન્દ્રસૂરિજીએ. મહારાજ સિદ્ધરાજ જયસિંહ અને મહારાજ કુમારપાળના તેઓ ગુરુ હતા. સોમનાથ મંદિરની જર્જરિત દશા જોઈને તેમને કુમારપાળને પ્રેરણા કરી, ''રાજન્ ! કાષ્ઠને બદલે હવે પાષાણનું મંદિર બનાવડાવો.'' અને આચાર્યશ્રીની પ્રેરણાની મંદિરનો જીર્ણોદ્ધાર થયો. તેને કારણે તેમની કીર્તિ ચારેબાજુ ફેલાઈ. જૈન અને જૈનેત્તરો બધાના હૃદયમાં તેઓ સ્થાન પામ્યા. કેટલાક ઈર્ષાળુઓ આ સહન ન કરી શક્યા અને એમણે કુમારપાળ રાજાની કાનભંભેરણી કરી, ''મહારાજ, આ જૈનાચાર્ય તો પાખંડી છે. ભલે સર્વધર્મ સમન્વયની વાતો કરે. પરંતુ આપણા સોમનાથ મંદિરમાં આવી મહાદેવને ના નમે.'' કુમારપાળ પણ તેમની વાતોમાં આવી ગયા. અને તેમને આચાર્યને સોમનાથ પધારવાની વિનંતિ કરી. આચાર્ય વિહાર કરીને સોમનાથ પધાર્યા અને મહાદેવ સમક્ષ મહાદેવસ્તોત્ર લલકાર્યું. આ સ્તોત્ર 'મહાદેવ બત્રીસી' તરીકે પણ ઓળખાય છે. ઉદાહરણરૂપે બે શ્લોક જોઈએ.

महारागो महाद्वेषो महामोहस्तथैव च।

कषायश्च ह तो चेन, महादेवः स उच्चते।।

અર્થાત્ મહારાગ, મહાદ્વેષ અને મહામોહ જેના વડે હણાયા છે તે જ મહાદેવ કહેવાય છે.

भवबीजाङ्कुरजनाना रागाद्या क्षयमुखागतापस्य

ब्रह्मा वा विष्णुर्वा हरो जिनोवा नमस्तस्मै।।

અર્થાત્ સંસારની પરંપરાને આગળ વધારનાર રાગ અને દ્વેષ જેમના નાશ પામ્યા છે એ કોઈ પણ હો – બ્રહ્મા હો, વિષ્ણુ હો, મહેશ્વર હો કે જિનેશ્વર હો – એમને મારા નમસ્કાર થાઓ! આ શ્લોક આર્યગીતિ છંદમાં છે અને ઘણા સાધુભગવંતો માંગલિક સંભળાવતી વખતે આ શ્લોક બોલે છે.

ભગવાન મહાવીરનું અનેકાન્ત દર્શન કેટલું વિશાળ છે એનો બીજો દાખલો જોઈએ.

ઉપાધ્યાય યશોવિજયજીએ 'અધ્યાત્મસાર' ગ્રંથની રચના કરી. એમાં તેમને શ્રીમદ્ ભગવદ્ગીતામાંથી ૧૯ શ્લોકો અક્ષરશઃ લીધા છે. ઉદાહરણરૂપે જોઈએ તો ગીતાજીના છઠ્ઠા અધ્યાયના શ્લોક ક્રમાંક ૩૪ તથા ૩૫ને અધ્યાત્મસારના સોળમા અધિકારના શ્લોક ક્રમાંક ૨૨ અને ૨૩ છે.

चंचलं हि मनः कृष्ण प्रमाथि बलवद् दृढम्।

तस्या हं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम्।।

અર્થાત્ હે કૃષ્ણ! મન તો ચંચળ, ક્ષોભ ઉપભવનારું, બળવાન અને દૃઢ છે. તેને વશ કરવું એ વાયુની જેમ અત્યંત દુષ્કર છે એમ હું માનું છું.

असंशयं महाबाहो मनोदुर्निग्रहं चलम्।

अभ्यासेन तु कौन्तेय वैराग्यपणे च गृह्यते।।

અર્થાત્ હે મહાબાહુ! મન ચંચલ અને સહેલાઈથી વશ ન થાય એવું છે, એમાં સંશય નથી. પરંતુ હે કૌન્તેય! અભ્યાસ વડે અને વૈરાગ્ય વડે તે વશ કરાય છે.

આ બન્ને શ્લોકો ૩૨ અક્ષરના અનુષ્ટુપ છંદમાં છે. વેદોમાં મુખ્યતયા સાત છ છન્દોનો પ્રયોગ જોવા મળે છે. ગાયત્રી છંદ, ઉષ્ણિક છંદ, અનુષ્ટુપ છંદ, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ છંદ અને જગતી છંદ. શ્રીમદ્ ભગવદ્ગીતામાં બે છંદોનો પ્રયોગ જોવા મળે છે – અનુષ્ટુપ છંદ (૩૨ અક્ષર) અને ત્રિષ્ટુપ છંદ (૪૪ અક્ષર)

શ્રીમદ્ ભગવદ્ગીતા અને જૈનધર્મના સિદ્ધાંતોની તુલના કરતાં કેટલાક મહત્વના પુસ્તકો પણ લખાયા છે. જેમ કે ડૉ. સાગરમલ જૈન લિખિત ''જૈન, બૌદ્ધ ઔર ગીતા કા સાધના માર્ગ'' અને ''જૈન, બૌદ્ધ અને ગીતા કે આચારદર્શનોં કા તુલનાત્મક અધ્યયન.'' મુનિ સંતબાલજીએ પણ ''જૈનદૃષ્ટિએ ગીતા દર્શન'' નામનું પુસ્તક લખ્યું છે.

દરેક ધર્મો વચ્ચે સમન્વય સાધવાનું કપરું, પણ અતિમહત્ત્વનું કાર્ય ગઈ શતાબ્દિમાં મહાત્મા ગાંધીજીએ કર્યું છે. એ માટે એમણે શહીદી પણ વ્હોરી. ૩૦ જાન્યુઆરીએ એટલે શહીદ દિન.

બાપુ પ્રાર્થનામાં ખૂબ જ શ્રદ્ધા ધરાવતાં. સાબરમતી આશ્રમમાં શ્રી નારાયણ મોરેશ્વર ખરે નામનાં વિદ્વાન સંગીતકાર રહેતા હતા. તેમણે પ્રાર્થનામાં ગાવા માટે વિવિધ ધર્મોના સંતોની રચનાનો સંગ્રહ કર્યો જે આશ્રમ ભજનાવલિ તરીકે જાણીતું છે. એમાં ત્રણ જૈનપદોનો પણ સમાવેશ કરાયો છે એની પ્રસ્તાવનામાં ખરે સાહેબ લખે છે કે, ''શ્રુતિ કહેતી હૈ કિ, ઈશ્વર એક હૈ, કિન્તુ ભક્ત લોગ અપની ચિત્તવૃત્તિ કે અનુસાર અલગ અલગ નામ – રુપ સે ઉસકી ઉપાસના કરતે હૈ.'' યહ સનાતન સત્ય જિન લોગોં ને પાયા, ઉન પર યહ જિમ્મેદારી આપકો હૈ કિ વે અપને જીવન મેં સર્વ-ધર્મ-સમભાવ ઔર વિશ્વ-બન્ધુત્વ કા વિકાસ કરે. 'સર્વ-ધર્મ' કે તત્ત્વ કા પાલન કરતે હુએ હમારે આશ્રમને સબ ધર્મો ઔર પન્થોં કે પ્રતિ

આદર રખને કા વ્રત લિયા હૈ. ત્યાં પ્રાર્થનામાં વિવિધ ભજનો ગવાતાં. એમાંથી અવધૂત આનંદઘનજીના એક પદનું આજે ગાન કરીશું.

રામ કહો, રહમાન કોઈ, કાન્હ કહો, મહાદેવ રી
પારસનાથ કહો, રહમાન કોઈ બ્રહ્મા, સકલ બ્રહ્મ સ્વયમેવ રી.

ભાજન–ભેદ કહાવત નાના, એક મૃત્તિ કા રૂપ રી
તૈસે ખંડ કલ્પનારોપિત, આપ અખંડ સરૂપ રી ॥૧॥

નિજપદ રમે રામ સો કહિયે, રહિમ કરે રહિમાન રી
કર્ષે કરમ કાન્હ સૌ કહિયે, મહાદેવ નિર્વાણ રી... ॥૨॥

પરસે રૂપ પારસ સો કહિયે, બ્રહ્મ ચિન્હે સૌ બ્રહ્મ રી
ઇહ વિધ સાધો આપ આનન્દઘન, ચેતનમય નિઃકર્મ રી ॥૩॥

**બીજું પદ ઉપાધ્યાય યશોવિજયજીનું છે.**

ચેતન! અબ મોહિ દર્શન દીજે ।
તુમ દર્શન શિવ સુખ પામીજે, તુમ દર્શન ભવભીજે ॥

અકલ અલખ પ્રભુ! તૂ સબ રૂપી, તૂ અપની ગતિ જાને,
અગમ રૂપ આગમ અનુસારે, સેવક સુજસ બખાને ॥૪॥

**ત્રીજું પદ છે શ્રીમદ્ રાજન્દ્રપ્રભનું 'અપૂર્વ અવસર'**
(દેશી-ઓધવજીનો સંદેશો)

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ક્યારે થઈશું બાહ્યાંતર નિગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચારશું કાલ મહત્વપુરુષને પંથ જો?
અપૂર્વ અવસર (૧)

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવ-ગોચર માત્ર રહે તે જ્ઞાન જો...
અપૂર્વ અવસર (૧૪)

આજે અગમ-અગોચર તત્વ છે એની પિછાણા કરવી, એની અનુભૂતિ કરવી અને સ્વભાવમાં સ્થિર થવું એ જ તો લક્ષ્ય છે ને અધ્યાત્મનું! આત્મસાક્ષાત્કાર આત્મ રમણતા અને મોક્ષપદ, નિર્વાણપદ પામવાની સાધનામાં નિરંતર રત રહે છે. સૌ સંતો, સાધુજનો! પરંતુ તેમના હૃદયમાંથી વહેતી કરુણા, મૈત્રીની ભાવના જીવમાત્રનું કલ્યાણ જોવા તત્પર હોય છે. અને એટલે જ જ્યારે પોતાની આજુબાજુ ક્રૂરતા, અત્યાચાર, સંપ્રદાયવાદને નામે ચાલતા આડંબર, ઢોંગ વગેરે જુએ છે ત્યારે ઉપાધ્યાય યશોવિજયજી જેવા કેટલાય સાધુ ભગવંતો શબ્દોના ચાલતા સમાજને જાગૃત કરવાનો પ્રયત્ન પણ કરે છે.

૧૯૯૨ના રામમંદિર-બાબરી મસ્જિદને કારણે થયેલા કોમી હુલ્લડને આપણામાંથી ઘણા બધાએ જોયો છે. સંકુચિત સંપ્રદાયવાદ અને સ્વાર્થને કારણે કંઈ કેટલાય નિર્દોષોના ખૂન થયા. બાળકથી માંડીને સ્ત્રી, પુરુષ અને વયોવૃદ્ધ માણસોની પણ હત્યા થઈ. કંઈ કેટલાય નિર્દોષ હિંદુ અને મુસલમાન ભાઈઓએ દાવાનળમાં હોમાઈ ગયા. આવી ઘોર ક્રૂરતા જોઈ મુનિશ્રી મુનિચન્દ્રજી મહારાજનું હૈયું વલોવાઈ ગયું. એ કવિ હૃદયમાંથી શબ્દો સરી પડ્યા.

'કૃષ્ણ જાગો કો'ક ફૂંકો શંખ યા તો બાંસુરી.'

કોઈપણ સંત કે સાધુજન પછી તે કબીર હોય, અખો હોય, યશોવિજયજી હોય કે મુનિચન્દ્રજી હોય, જ્યારે તે ચાલતા મારે છે, કટાક્ષ કરે છે ત્યારે તેમનો ઉદ્દેશ્ય માત્ર ને માત્ર આપણને જાગૃત કરવાનો જ હોય છે. એમના હૃદયમાં નિરંતર વહેતી કરુણાની ધારા, વિશ્વમૈત્રીની ધારા – એમાંથી જ આવી રચનાઓનો જન્મ થાય છે.

**કૃષ્ણ જાગો કો'ક**

**– મુનિશ્રી મુનિચન્દ્રજી મહારાજ ''આનંદ''**

જ્યાં જુઓ ત્યાં આગ, અંધાધૂંધ ચપ્પુને છૂરી
કૃષ્ણ જાગો કો'ક, ફૂંકો શંખ યા તો બાંસૂરી

કાળ કે આ કાળનાં ઝેરી થયાં માનવતણાં
શું સૂકામાં વ્હેણ સઘળાં ભીતરી કારુણ્યનાં
વૃત્તિઓ વંટોળ થઈને વિસ્તરે છે આસૂરી... કૃષ્ણ જાગો કો'ક...(૧)

જો પણે મૃગ-શિલ્પ પણ કેવું જુએ કૌતુક ભરી
માનવી માનવને હણવામાં બતાવે બહાદુરી
દુશ્મનાવટ, સ્વાર્થ ને ઇર્ષ્યાભરી નજરો બૂરી...
કૃષ્ણ જાગો કો'ક...(૨)

ચાલતા રે' નાચ ખુલ્લા ખંજરોના બેરહમ
ક્યાંયના શાંતિ, છે સન્નાટા, દહેશત હરકદમ
જાન લૈ નિર્દોષ છૂટવા, કેવી કેવી ચાતુરી...
કૃષ્ણ જાગો કો'ક...(૩)

આવી ભયંકર પરિસ્થિતિ જ્યારે જ્યારે પેદા થઈ છે ત્યારે સંતોએ, સાધુપુરુષોએ નંદવાયેલા, ઘવાયેલા એ લાચાર હૈયાઓના ઘા પ્રેમરૂપી જડીબુટ્ટી વડે રૂઝવ્યા છે. એ નિર્મળ અને પવિત્ર પ્રેમને કારણે જ તો માનવતા મહેંકી ઊઠે છે. ફરી એકવાર એ પ્રેમ-તત્વનું વર્ણન કરતું એક અદ્‌ભૂત પદ આચાર્ય શીલચન્દ્રસૂરીશ્વરજી મહારાજે રચ્યું છે. એમનો કાવ્યસંગ્રહ છે 'અવધૂ! તું જ થજે તુ જ ચેલો.' એમાંથી આ રચના લીધી છે. રાગભૈરવીમાં સ્વરાંકન કર્યું છે. ભૈરવીને સદાસુહાગીત રાગ કહેવાય છે અને એક મત પ્રમાણે કોઈપણ સમયે ગાઈ શકાય છે અવધૂ! પ્રેમનું નગર વસાવે

– આચાર્ય શીલચન્દ્રસૂરિજી

અવધૂ! પ્રેમનું નગર વસાવો
દિલની ધરતી ઉપર પ્રેમનું, મંદિર નવલું રચાવો...

પ્રેમનું ભોજન પીરસો સહુને, પ્રેમનું પાઓ પાણી
પ્રેમ ભવનમાં શુદ્ધ હૃદયના, પ્રેમની સેજ બિછાવો...

સૃષ્ટિના સહુ જીવો મારા, કોઈ નથી પરાયું.
સાચા દિલથી સહુને આવા, પ્રેમ-જલે ન્હવરાવો...

કરુણા, વત્સલતાને મૈત્રી, પ્રેમતણાં છે રૂપો
એના અલંબનથી મનનાં, મેલ તમામ મિટાવો.

કેવો અદ્‌ભૂત કર્મ છે જૈનધર્મ? કેટલો વિશાળ? ક્યારેક કાંઈ ધર્માંતરણની વાત નહીં. ડૉ. રાધાકૃષ્ણન, પૉંડેચૅરીના the motherથી લઈને આચાર્ય રજનીશજી કે જ્યૉર્જ બર્નાર્ડ શૉ જૈનધર્મ વિશે વિચારે વાંચીએ તો આપણને ય આપણા જ ધર્મને જોવાની એક નવી દૃષ્ટિ મળે – નાના નાના વાડાઓની ઉપર ઊઠીને જોવાની દૃષ્ટિ અને એ દૃષ્ટિ છલકાય છે. શાંતિલાલ શાહની એક રચનામાં આચાર્ય સોમન્દ્રસૂરીશ્વરજીને આ રચના ખૂબ પ્રિય હતી. એ ગવડાવતાં પહેલાં એ અચૂક કહેતાં કે ભગવાન મહાવીરનો ૨૪૦૦મી નિર્વાણ તીથિની ઉજવણીમાં દિલ્હીમાં ઈન્દિરાગાંધીની હાજરીમાં શાંતિલાલ શાહે આ ગીત રજૂ કર્યું હતું. એનું ગાન કરીએ.

**શીર્ષક : મહાવીર કેવળ જૈનોના નહીં...**

સૂર્ય, ચન્દ્ર, આકાશ, પવનને વર્ષા જેમ બધાના છે
મહાવીર કેવળ જૈનોના નહીં, પણ આખી દુનિયાના છે.

જન્મ ભલેને અહીં લીધો, પણ જ્યોત બધે ફેલાવી,
સૂર્ય ભલેને અહીં ઊગ્યો પણ, પ્રકાશ છે જગવ્યાપી,
પ્રાણી માત્રના પ્યારા એ, પયગંબર માનવતાના છે... મહાવીર...

સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા, ભાવ છે મંગલકારી
અનેકાન્તની વિચારધારા, સર્વ સમન્વયકારી
પતિતને પાવન કરનારા, પાણી જેમ ગંગાના છે... મહાવીર...

વિરાટ એવા વિશ્વપુરુષને વામન અમે કર્યો છે
વિશાળ એના વિશ્વધર્મને વાડા મહીં પૂર્યો છે
જીવનના જ્યોતિર્ધર એ તો, જગના જ્ઞાન ખજાના છે... મહાવીર...

આ સ્વાધ્યાય સત્રનું સમાપન પણ સંતવિનોબાજીના જ શબ્દોથી કરીએ. '"મૈં સબૂત કરતા હૂં કિ મુઝ પર ગીતા કા ગહરા અસર હૈ. ઉસ ગીતા કો છોડકર મહાવીર સે બઢ કર કિસી કા અસર મેરે ચિત્ત પર નહીં હૈ. મહાવીરને જો આજ્ઞા દી હૈ. વહ બાબાઓ પૂર્ણ માન્ય હૈ. આજ્ઞા યહ હે કિ સત્યગ્રાહી બનો. હર માનવ કે પાસ સત્ય કા અંશ હોતા હૈ. ઈસલિયે માનવ કા જન્મ સાર્થક હોતા હૈ. હમેં સત્યાગ્રાહી બનના ચાહિયે – યહ જો શિક્ષા હૈ ભગવાન મહાવીર કી, બાબા પર ગીતા કે બાદ ઉસી કા અસર હૈ. ગીતા કે બાદ કહા લેકિન જબ દેખતા હૂં તો મુઝે દોનોં મેં ફરક નહીં દિખતા હૈ.''

◆ ◆ ◆

# અજ્ઞાન અને દુ:ખની સમસ્યા

**ભાણદેવજી**

**૧. પ્રસ્તાવના :**

**ભા**રતીય મનોવિજ્ઞાનની દૃષ્ટિએ અજ્ઞાન જીવનની મૂળભૂત સમસ્યા છે. જીવનમાં અનેકવિધ સમસ્યાઓ ઊભી થાય છે, આ સર્વ સમસ્યાઓના આદિ કારણરૂપ મૂળભૂત સમસ્યા અજ્ઞાન છે. માનવના જીવનમાં અનેકવિધ ગૂંચવણો, પ્રશ્નો અને દુ:ખો જોવા મળે છે. આ સર્વ વિટંબણાઓનું કેન્દ્રસ્થ કારણ અજ્ઞાન છે. આ અજ્ઞાનને પરિણામે જે વિટંબણાઓ ઊભી થાય છે, તેને આપણે 'દુ:ખ' કહીએ છીએ. જીવનમાં ઊભી થતી અનેકવિધ વિટંબણાઓ, સમસ્યાઓ, ક્લેશો, વેદનાઓ અને મુશ્કેલીઓ માટે આપણે એક જ શબ્દનો પ્રયોગ કરવો હોય તો આપણે તેમને ''દુ:ખ'' કહીએ શકીએ. આમ અજ્ઞાન મૂળભૂત કારણ છે અને દુ:ખ તે કારણરૂપ અજ્ઞાનમાંથી ઊભી થતી વિટંબણા છે.

આમ અજ્ઞાન અને દુઃખ માનવજીવનમાં વ્યાપીને રહેલાં બે સમસ્યારૂપ તત્ત્વો છે. તેમની વ્યાપક્તા એટલી વિશાળ અને ઊંડી છે કે કોઈ પણ મનોવિજ્ઞાન પોતાના વિષયક્ષેત્રમાંથી તેમને બહાર રાખી શકે નહીં. તેમની અવગણના કરી શકે નહીં. આપણે અહીં ભારતીય મનોવિજ્ઞાનની દૃષ્ટિથી અજ્ઞાન અને દુઃખના સ્વરૂપને સમજવાનો પ્રયત્ન કરીએ.

**૨. અજ્ઞાન એટલે શું?**

જેને આપણે કોઈ વિષયનું અજ્ઞાન કે કોઈ જાણકારીનો અભાવ કહીએ છીએ તે અને આ મૂળભૂત અજ્ઞાન – આ બંને તદ્દન ભિન્ન છે. ભારતીય અધ્યાત્મવિદ્યા અને ભારતીય મનોવિજ્ઞાનમાં જેને અવિદ્યા કે અજ્ઞાન કહેવામાં આવે છે, તેનો અર્થ છે – સ્વરૂપનું અજ્ઞાન. પોતાના આત્મસ્વરૂપનું અજ્ઞાન તે જ મૂળભૂત અજ્ઞાન છે અને તે અજ્ઞાન જ સર્વ દુઃખોનું મૂળ છે. આ મૂળભૂત અજ્ઞાનને આપણી પ્રાચીન પરંપરામાં અવિદ્યા પણ કહેવામાં આવે છે.

કોઈ એવો પ્રશ્ન પૂછી શકે કે સર્વ સમસ્યાના મૂળરૂપ અને આદિ સમસ્યારૂપ આ અજ્ઞાન આવ્યું ક્યાંથી? અજ્ઞાનનો જન્મ કેવી રીતે થયો? ક્યારે થયો? શામાંથી થયો?

શ્રીમતી એની બેસેન્ટને કોઈકે પ્રશ્ન પૂછ્યો કે અજ્ઞાન ક્યાંથી જન્મ્યું? આ પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે શ્રીમતી એની બેસેન્ટે જે કહ્યું તે મૂલ્યવાન છે તેમણે કહ્યું, ''અજ્ઞાનની કોઈ શાળા હોતી નથી, જ્યાં અજ્ઞાન શીખવવામાં આવે. શાળા તો જ્ઞાનની હોય છે.''

અજ્ઞાન તો સૃષ્ટિના સર્જન સાથે સંકળાયેલું છે, જે જન્મથી આપણી સાથે હોય છે. પ્રાગટ્ય તો જ્ઞાનનું થાય છે, અજ્ઞાનનું પ્રાગટ્ય થતું નથી. ઉદય તો પ્રકાશનો થાય છે, અંધકારનો ઉદય થતો નથી. અજ્ઞાન અંધકાર જેવું છે, જે ક્યારેય જન્મતું નથી, જે કશામાંથી પ્રગટતું નથી, પરંતુ જ્ઞાનરૂપી પ્રકાશ પ્રગટતાં જ વિલીન થાય છે. અજ્ઞાન કોઈ સ્વતંત્ર તત્ત્વ નથી. પોતાના આત્મસ્વરૂપનું વિસ્મરણ તે જ અજ્ઞાન  છે.

ભગવાન આદિ શંકરાચાર્યે બ્રહ્મસૂત્ર પરના તેમના ભાષ્યમાં અજ્ઞાનના સ્વરૂપને સમજાવતું એક નાનું પરંતુ મૂલ્યવાન વિધાન કર્યું છે.

**नैसर्गिकोऽयं अध्यासः।**

''આ અજ્ઞાન નૈસર્ગિક છે''

નૈસર્ગિકનો અર્થ અને સ્વરૂપગત નથી, પરંતુ સૃષ્ટિગત છે.

ભારતીય મનોવિજ્ઞાનમાં આ આદિ અજ્ઞાન અર્થાત્ અવિદ્યાને સત્, અસત્ તથા સદસત્‌થી વિલક્ષણ અનિવર્ચનીય ગણેલ છે. તેથી અજ્ઞાનના જન્મ વિશે વિચારવું તે સર્વથા અપ્રસ્તુત છે.

**૩. અજ્ઞાન શા માટે?**

કોઈપણ વિચારશીલ માનવના મનમાં એવો પ્રશ્ન જરૂર થાય છે કે આ અજ્ઞાન અને તેના પરિણામ સ્વરૂપ દુઃખ જીવનમાં શા માટે છે? આ અસ્તિત્વ અને આ જીવનમાં સર્વત્ર અને અજ્ઞાન કેમ જોવા મળે છે? શું આ મૂલ્યવાન માનવજીવન અજ્ઞાન વિના ન હોઈ શકે? આ સુંદર પૃથ્વી અને પૃથ્વી પર વસતા આ માનવોનાં ચિત્ત અજ્ઞાનથી આચ્છાદિત કેમ રહે છે? આપણો જન્મ જ અજ્ઞાન સાથે થાય છે. આમ કેમ? અજ્ઞાન અને તેના સગાથી દુઃખની એવી શી આવશ્યક્તા છે કે તેઓ બંને આપણા જીવનનો ભાગ બની ગયા છે?

આ અસ્તિત્વ અને આ જીવન ભગવાનનું સર્જન છે; કોઈ શેતાનનું સર્જન નથી. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, એટલું જ નહીં પરંતુ કૃપાળુ પણ છે. સમગ્ર અસ્તિત્વ પરમાત્મામાંથી આવ્યું છે. પરમાત્માએ પોતાના સ્વરૂપમાંથી જ આ સમગ્ર સૃષ્ટિનું સર્જન કર્યું છે. આમ છતાં આ અસ્તિત્વમાં અને તેના ભાગરૂપે આપણા જીવનમાં આટલું ઘોર અજ્ઞાન કેમ છે? જ્ઞાન અને આનંદના સાગર સર્જનહારનાં સર્જનમાં આટલી વિસંવાદિતા કેમ નજરે પડે છે? અજ્ઞાનનો આ અંધારપછેડો શા માટે? કહેવાય છે કે પરમકૃપાળુ અને જ્ઞાનસ્વરૂપ પરમાત્માએ આ સમગ્ર અસ્તિત્વનું સર્જન આનંદલીલા માટે કર્યું છે, અને છતાં આ આનંદલીલામાં આટલું અજ્ઞાન અને આટલું દુઃખ શા માટે છે? ક્યા હેતુથી છે?

સંભવતઃ આ વિસંવાદિતાથી કંટાળીને જ અસ્તિત્વવાદીઓએ જાહેર કર્યું છે.

Life is absurd

''જીવન વિસંવાદી''

પ્રથમ દૃષ્ટિએ જોઈએ તો અસ્તિત્વવાદીઓનું આ વિધાન સાચું લાગે છે પરંતુ સદ્‌ભાગ્યે આ વિધાન સાચું નથી. 'Life is absurd' (જીવન વિસંવાદી છે) તે વિધાન નહીં, પરંતુ Life is full of harmony (જીવન સુસંવાદી છે) તે વિધાન સાચું છે.

સર્જનમાં કશુંયે અહૈતુક નથી, જીવનમાં કશુંયે અનાવશ્યક નથી, જીવન અકસ્માત પણ નથી અને વ્યર્થ પણ નથી. અજ્ઞાનનું પણ જીવનમાં સ્થાન છે. આ અસ્તિત્વમાં અને આપણાં જીવનમાં આ અજ્ઞાનનું પણ કોઈક સ્વરૂપનું વિધાયક મૂલ્ય છે.

સર્જનનો પ્રારંભ લીલાના આનંદ માટે થયો છે. લીલા માટે દ્વૈતની આવશ્યકતા છે. દ્વૈત માટે કોઈક સ્વરૂપના અજ્ઞાનની આવશ્યક્તા છે. માયાના તરંગથી સર્જનનો પ્રારંભ થાય છે. જે પૂર્ણ તે માયાનો આશ્રય લઈને સ્વસંકોચની પ્રક્રિયા દ્વારા આ જીવ અને જગતરૂપે

પરિણમે છે. માયા અજ્ઞાનરૂપિણી છે, તેથી સર્જનના પ્રારંભમાં જ અજ્ઞાનનું તત્ત્વ ભળે છે. શુદ્ધ સુવર્ણનો ઘાટ બની શકે નહીં. સુવર્ણનાં આભૂષણો બનાવવા માટે, સુવર્ણને ઘાટ આપવા માટે તેમાં થોડું તાંબું ઉમેરવું આવશ્યક છે. તે જ રીતે વિશુદ્ધ અને કેવળ બ્રહ્મમાંથી આ સર્જન નિષ્પન્ન થઈ શકે નહીં. સર્જન માટે બ્રહ્મ સાથે માયા અર્થાત્ અજ્ઞાનનું હોવું આવશ્યક છે. આમ સર્જન માટે, અસ્તિત્વ માટે અજ્ઞાન આવશ્યક બને છે.

જે પૂર્ણ છે, તે અજ્ઞાનનું આવરણ ઓઢીને અપૂર્ણનો સ્વાંગ ધારણ કરે છે. જે આનંદ છે, તે અજ્ઞાનના મિશ્રણ દ્વારા સુખ-દુઃખનું રૂપ ધારણ કરે છે. આમ સર્જનની પ્રક્રિયા માટે અજ્ઞાન પણ એક આવશ્યક તત્ત્વ તરીકે સ્થાન ધરાવે છે.

માત્ર સર્જન માટે જ નહીં, પરંતુ પછી લીલા માટે પણ અજ્ઞાનની કોઈક સ્વરૂપની આવશ્યક્તા રહે છે. લીલા માટે દ્વૈતની સંતાકૂકડીની રમત ચાલે છે. કોઈક સ્વરૂપના આવશ્યક્તા રહે છે. લીલા માટે દ્વૈતની સંતાકૂકડીની રમત ચાલે છે. કોઈક સ્વરૂપના અજ્ઞાન વિના સંતાકૂકડી રમાય કેવી રીતે? જો બધાંની આંખો ખુલ્લી જ હોય, જો બધાં પ્રગટ જ હોય તો સંતાકૂકડીની રમત અશક્ય બની જાય. આ લીલામય સંતાકૂકડી અસ્તિત્વની રમત છે અને રમતને ચાલુ રાખવા માટે અજ્ઞાનની આવશ્યક્તા છે.

હવે એવો પ્રશ્ન પૂછી શકાય કે શું અજ્ઞાન વિના સર્જન શક્ય જ નથી? અજ્ઞાન વિના સર્જન માટે કોઈ ઉપાય જ નથી? અજ્ઞાન વિના પણ લીલા થઈ શકે તેવો કોઈ વિકલ્પ જ નથી? શું અહીં આ જગતમાં સર્જન અને લીલા માટે અજ્ઞાન અનિવાર્ય છે? અજ્ઞાનનું સ્થાન સર્વત્ર અને સર્વથા અનિવાર્ય છે, તેમ તો ન કહી શકાય. અજ્ઞાન વિના લીલા હોય તેવા લોક પણ અસ્તિત્વમાં છે. ગૌલોક આદિ ભાવજગતના દિવ્યલોકોમાં લીલા છે, આંશિક સ્વરૂપનું એક દિવ્ય દ્વૈત પણ છે. આ દિવ્યલોકોમાં શુદ્ધ જ્ઞાન છે. દિવ્યલોકોમાં અજ્ઞાન વિના પણ લીલા શક્ય છે, તેમ અનુભવી પુરુષો કહે છે.

દિવ્યલોકોની પદ્ધતિ અને સ્વરૂપ અલૌકિક છે. પરંતુ આપણા આ ભૂલોક અર્થાત્ પૃથ્વી લોકનું સ્વરૂપ જ એવું છે કે અહીં સર્જન અને લીલા માટે અજ્ઞાન આવશ્યક તત્ત્વ છે. આમ હોવું તે આપણા આ પૃથ્વી લોકની લાક્ષણિક્તા છે. કોઈ એવો પ્રશ્ન પૂછે કે આપણાં આ પૃથ્વી લોકનું સ્વરૂપ આવું કેમ છે કે તેમાં સર્જન અને લીલા માટે અજ્ઞાનનું તત્ત્વ આવશ્યક છે, તો આવો પ્રશ્ન અતિપ્રશ્ન છે. પૃથ્વી લોક જેવો છે તે આવો છે અને તેનું સ્વરૂપ જ એવું છે કે અહીં આ ભૂલોકમાં સર્જન અને લીલા માટે કોઈક સ્વરૂપે અને કોઈક રીતે અજ્ઞાન આવશ્યક તત્ત્વ બની ગયું છે. અહીં આ પૃથ્વી પર અજ્ઞાનનું કોઈ સ્વરૂપનું વિધાયક મૂલ્ય છે. (ક્રમશઃ)

✦ ✦ ✦

# 'સૂફી સંદેશ'ની મીમાંસા

**ડૉ. મહેબૂબ દેસાઈ**

**પા**લેજ અને મોટા મિયા માંગરો સ્થિત સૂફી વિચારની ચિસ્તીયા પરંપરાના હાલના ગાદીપતી સૂફી ડૉ. મતાઉદ્દીન ચિસ્તી અને તેમના પિતા હઝરત સલીમ ચિસ્તીનું કાર્ય અને માન આજે પણ બરકરાર છે. હઝરત સલીમ ચિસ્તી સાહેબ હંમેશા પોતાના બુઝુર્ગોનું એક વાકય દોહરાવતા રહે છે,

**''ઈબાદત (ભક્તિ) સે ખુદા મિલતા હૈ**
**ખિદમત (સેવા) સે જન્નત મિલતી હૈ''**

તેમની ચાહના માટે એમનો આ વંશીય વારસો તો જવાબદાર છે જ. પણ તેમના સેવાકીય કાર્યોની સુવાસ પણ ચોતરફ પ્રસરેલી છે. વ્યસન મુક્તિ અભિયાન હોય કે શિક્ષણ અને સમાજ સેવા હોય દરેક ક્ષેત્રમાં નાત જાત કે ધર્મના ભેદભાવ વગર નાના મોટો સૌને સાદર પ્રેમ અને સેવા આપનાર આ નાની વયના સૂફી સંત ડૉ. મતાઉદ્દીન પીરઝાદા સાહેબ માનસશસ્ત્ર વિષયમાં પીએચ.ડી. થયા છે. હાલમાં જ તેમનો એક મારા વાંચવામાં આવ્યો. સૂફી વિચાર પર આધારિત આ ગ્રંથ ''સૂફી સંદેશ'' (અરુણોદય પ્રકાશન, અમદાવાદ) સાત્ત્વિક વિચારોના ચાહકોએ વાંચવા અને માણવા જેવો છે. ''સૂફી સંદેશ'' ગ્રંથની પ્રસ્તાવના ઇતિહાસવિદ ડૉ. મકરંદ મહેતા અને સંત સ્વામી સચ્ચિદાનંદે લખી છે. ડૉ. મકરંદ મહેતા તેમની પ્રસ્તાવનામાં લખે છે, ''મારા જીવનમાં શ્વાસની શરૂઆત જ સુફી રજમાં થઈ છે''.

આ યુવાન પ્રેમાળ અને સેવાભાવી ધર્મગુરુના ઉપરોક્ત ઉદ્‌ગારો ઉપર જો આપણે વિચાર કરીએ તો સાચે જ ખ્યાલ આવી શકે કે ખુદ તેમના પરિવારની સૂફી પરંપરા ૧૨૨૦ વર્ષો કરતાં પણ વધારે જુની છે. અહીં નોંધપાત્ર બાબત એ છે કે મોટા

મિયા માંગરોળની ગાદીના મહાન વડીલ સંતો લગભગ ઈ. સ. ૧૨૦૦થી ભારત વર્ષમાં પ્રવૃત્ત થયા હોવાથી એક સંગઠન, ફિલોસોફી, નૈતિક મૂલ્યો, નૈતિક આંદોલનનો અને તેની પ્રેક્ટિસની દૃષ્ટિએ ડૉ. મતાઉદ્દીન ચિશ્તી-પીરઝાદાના પૂર્વજો અને કુટુંબીજનો ઇતિહાસ સાચા અર્થમાં ૭૫૦ વર્ષો કરતા પણ વધુ સમય પહેલાની ભારતની ભૂમિમાં પ્રગટ થયેલ સંતો અને સૂફી આંદોલનનો ઇતિહાસ છે. તેનો આબેહૂબ પડઘો લેખકના આટલી નાની વયે સૂફીવાદ જેવા વિષય પર લખેલ ગ્રંથ પર પડે છે. તેમાંથી કેટલીક ચિંતનકણિકા પ્રગટ થાય છે અને તે સમજીને આચરણમાં મુકવા પાત્ર છે.

જેમ કે,

આતંકવાદ, જ્ઞાતવાદ કે કોમવાદના ઉકરડામાં
સૂફીવાદના બીજ રોપાય તો માનવતાવાદ
નામના ઉપવનનું સર્જન થઈ શકે છે.

સમજી જજો સમય સમજાવે એ પહેલા
થોભી જ જો શ્વાસો થંભી જાય એ પહેલા,
વિચારી લેજો વમળમાં વિખેરાય જાઓ એ પહેલા
જાગી જજો જડતા જમાનાની જકડે એ પહેલા
અવસર છે આત્માની ઓળખનો આ અત્યંત અનેરો
ઝડપી લેજો જીવનની જ્યોત બુઝાઈ જાય એ પહેલા

સમર્પણની સંવેદના જગાડે એ સૂફીવાદ
શ્રધ્ધાને શિખર સુધી પહોંચાડે એ સૂફીવાદ
ખુદી ભૂલાવી ખુદાને મેળવી આપે એ સૂફીવાદ
આત્માને આત્મજ્ઞાથી શણગારે એ સૂફીવાદ

''મોગરાના પુષ્પનું મહત્વ તેની સુગંધ છે, જે સુગંધ સ્પર્શી કે જોઈ શકાતી નથી, પરંતુ અનુભવી શકાય છે. એ જ રીતે 'સૂફીવાદ' પણ પુષ્પની સુગંધ સમાન અનુભૂતિનો વિષય છે.''

આવી ગહનતાની મધુરપ તેમના સમગ્ર પુસ્તકમાં વ્યાપેલી છે. એક સ્થાને તેઓ લખે છે,

''જે સમાજમાં હોય પરતું સમાજ જેનામાં ન હોય એ સાચો સૂફી છે.''

**'પ્રીત કરે તો એસી કર, જૈસે કરે કપાસ**
**જી તો જી તન ઢકે, મરે ન છોડે સાથ''**

વિખ્યાત સૂફી જાલાલુદ્દીન રૂમીના અવતરણને ટાંકતા લેખક નોધે છે,

''ગઈકાલ સુધી હું હોશિયાર હતો. એટલે દુનિયાને બદલવા ઇચ્છતો હતો, પણ આજે હું સમજદાર છું. માટે ખુદને બદલી રહ્યો છું.''

૧૬૩ પૃષ્ટોમાં વિસ્તરેલ ગ્રંથ ત્રણ વિભાગોમાં પથરાયેલ છે. પ્રથમ ગદ્ય વિભાગમાં સાત્વિક વિચારોને વિસ્તૃત છણાવટ સાથે અભિવ્યક્ત કરવામાં આવેલા છે. પ્રકરણોના વિષયોની પસંદગી આપણા રોજબરોજના આચાર અને વ્યવહારમાં જોવા મળે છે. જેમ કે ઉત્કૃષ્ઠ પ્રેમ, સંગનો રંગ, જડતાની હદ, શબ્દોની માયાજાળ, ક્રમ કુદરતનો, ૨૧મી સદીના અસાધ્ય રોગો, જેવા વિષયોને મુલાયમ, મધુર અને સરળ ભાષામાં રજૂ કરવામાં લેખક સફળ રહ્યા છે. પદ્ય વિભાગમાં લેખકની સુંદર રચનો મૂકવામાં આવી છે. જેમાં મૂલ્યો અને આધ્યાત્મનો સરળ સમન્વય જોવા મળે છે.

**''અંતિમ આ જીવનનો હેતુ તું જ છે**
**હેતુને પામવાનો સેતુ પણ તું જ છે**
**આ તો નાનકડો ફક્ત એક શબ્દનો ફેર છે.**
**ઈશ્વર પણ તું અને અલ્લાહ પણ તું જ છે.**
**મનમાં રાખી મેલ, ન જાણે કોઈ સ્થાન તારું**
**કોઈ કહે અહિયાં ને કોઈ કહે સર્વત્ર તું જ છે**
**વિવાદોની વિટંબણા એક દી' જરૂર વિસરાશે**
**આધાર જ્યારે સંપૂર્ણ અસ્તિત્વનો તું જ છે**
**જણાવવા આ તથ્યો જગતને માથે 'મતાઉદ્દીન'**
**દિવ્ય આ આત્માનો ભેદ પણ તું જ છે.''**

આજના યુગમાં ધર્મ સત્તા અને વિભાજનનું મૂળ બનતો જાય છે. ત્યારે આ સૂફી લખે છે, ''વિવાદો અને ઝગડાઓનું મૂળ કારણ ધર્મ નહિ, ધર્મની અજ્ઞાનતા છે.''

આવા વિચારોના ભંડાર સમો આ નાનકડો ગ્રંથ ધર્મની ગેરસમજના વાતાવરણમાં પ્રકાશનું કિરણ બની રહે એજ અભ્યર્થના સાથે વિરામ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૧૧૪૮૪૮

# જૈન ભૂગોળ-ખગોળ અને બ્રહ્માંડ : વિચિત્ર સમસ્યાઓ અને સમાધાન

**જૈન વિજ્ઞાની આચાર્ય શ્રીવિજયનંદિઘોષસૂરિજી મહારાજ**

*(આજની નવી પેઢીની શંકાઓ દૂર કરી, જૈન ભૂગોળ-ખગોળ અંગેની પ્રાચીન સમજ આપી ડગમગતી શ્રદ્ધાને દૃઢ કરતી લેખમાળા)*

**લેખાંક - ૨**

જૈન પરંપરાના બ્રહ્માંડ અંગે ઘણા વિજ્ઞાનીઓને શંકા હતી અને તેના સમાધાન માટે કોઈએ પ્રયત્ન કર્યો નહોતો તેમ કહી શકાય નહીં. પરંતુ જૈન સમાજ ખૂબ જ રૂઢિચુસ્ત હોવાના કારણે કદાચ પોતે કાંઈ પણ વિધાન કરે તો સમગ્ર જૈન સમાજનો વિરોધ સહન કરવો પડે, એવી આશંકાને કારણે કોઈપણ વિજ્ઞાની તે અંગે કોઈપણ જાતનો અભિપ્રાય આપવાનું ટાળતા હતા. ફક્ત ડૉ. જીવરાજ જૈન જ એક એવા વિજ્ઞાની સાબિત થયા કે તેઓએ તે અંગેના સમાધાન માટે જૈન સમાજ શું કહેશે તેની પરવા કર્યા વિના પોતાને જે યોગ્ય તથા વૈજ્ઞાનિક દૃષ્ટિએ ઉચિત લાગે તેવું સમાધાન મેળવવા પ્રયત્ન કર્યો છે. આ સમાધાન તેઓએ શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય, તેરાપંથી સંપ્રદાય, સ્થાનકવાસી સંપ્રદાય તથા દિગમ્બર સંપ્રદાયના ઘણા આચાર્યોને બતાવ્યું, સમજાવ્યું અને તે અંગે તેઓના અભિપ્રાય મેળવવાનો અથાગ પ્રયત્ન કર્યો. કેટલાકને તે પસંદ પડ્યું તો કેટલાકને પસંદ ન પણ પડ્યું. જો કે એ સમાધાનને સમજવા માટે પણ વૈજ્ઞાનિક દૃષ્ટિ હોવી જરૂરી છે. આજથી દશ વર્ષ પૂર્વે તેઓએ મને એ સમાધાન સમજાવ્યું હતું. તે સમજવા માટે મને ફક્ત દશ જ મિનિટ લાગી હતી. મને તે પસંદ પડ્યું અને ગમ્યું પણ હતું. એ સમાધાનને જૈન સાધુ સમાજમાં પ્રસ્તુત કરવા માટે મેં તેમને કહ્યું અને તેઓએ તે સ્વીકાર્યું. તેઓએ ચારે ફિરકાના અગ્રણી તથા વિદ્વાન સાધુઓ સમક્ષ તેમણે આપેલી જૈન લોકસ્વરૂપની સમજ સમજાવવાની શરૂ કરી તેના પરિણામે ઘણા બુદ્ધિમાન તથા વિજ્ઞાનને સમજનાર સાધુઓએ તેને યોગ્ય માની છે. અને તે સમજને વ્યાપક સ્વરૂપે પ્રચલિત કરવા માટેની યોજના બનાવી છે.

જૈન ભૂગોળ-ખગોળનો અભ્યાસ કર્યા પછી એવું લાગતું હતું કે જૈન ભૂગોળ-ખગોળને આધુનિક ભૂગોળ-ખગોળ સાથે સ્નાન-સુતકનો ય સંબંધ નથી.



ડૉ. જીવરાજ જૈને જૈન ભૂગોળ-ખગોળ અંગે નવા પ્રકારની થિયરી અર્થાત્ હાઈપોથિસિસ રજૂ કરી છે.

મને આશ્ચર્ય એ વાતનું થતું હતું કે ભૌતિકશાસ્ત્રના વિષયમાં આટલું વિશદ અને



વિસ્તૃત તથા સંપૂર્ણપણે વૈજ્ઞાનિક માહિતી આપનાર શ્રી તત્ત્વાર્થ સૂત્રના રચયિતા શ્રીઉમાસ્વાતિજી જૈન ભૂગોળ-ખગોળ અંગે કેમ કોઈ વિશેષ અને વૈજ્ઞાનિક માહિતી આપી નહીં? તેમાં પણ જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકી ખંડ, કાલોદધિ સમુદ્ર, પુષ્કરવર અર્ધ દ્વીપ, મેરૂપર્વત વગેરે અત્યારે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, જ્યોતિષકરંડક, તિલોયપન્નતિ વગેરે શ્વેતાંબર અને દિગમ્બર બંને પરંપરાના ગ્રંથોમાં પ્રાપ્ત થતું વર્ણન જ તેમાં આવે છે. તેઓએ પોતાના સ્વોપજ્ઞ ભાષ્ય કે ટીકાકાર શ્રીસિદ્ધસેન ગણિએ પણ તે અંગે વિશેષ કોઈ સ્પષ્ટતા કરી નથી. તે કારણથી વર્તમાન સંશોધકો વધુ મૂંઝવણ અનુભવે છે. આજની પરિસ્થિતિમાં આ વર્ણન જો સર્વજ્ઞપરિભાષિત હોય તો તે સત્ય જ હોય પરંતુ કઈ અપેક્ષાએ સત્ય છે, તે એક સંશોધનનો વિષય છે.

તેમાં ઈ. સ. ૧૯૮૮માં પરમ પૂજ્ય શાસનસમ્રાટ આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પરમ પૂજ્ય આચાર્ય શ્રીવિજય ઉદયસૂરીશ્વરજી મહારાજે લખેલ ''લઘુસંગ્રહણી પ્રકરણ''ની સંસ્કૃત ટીકા-વિવેચનનું સંપાદન કરવાનું કાર્ય મને સોંપવામાં આવ્યું અને ''લઘુસંગ્રહણી પ્રકરણ'' એટલે જેમાં જંબૂદ્વીપનું વર્ણન અર્થાત્ જૈન ભૂગોળ અંગેનું વર્ણન તેમાં આવતું હતું. આ ગ્રંથના સંપાદક તરીકે મારે તેની વિસ્તૃત પ્રસ્તાવના લખવાની હતી, તેમાં મેં જૈન ભૂગોળ-ખગોળના કેટલાક પ્રશ્નોની ચર્ચા કરી હતી, પરંતુ તે અંગે કોઈ ચોક્કસ વિધાન કરવાની મારી ક્ષમતા નહોતી. તેથી માત્ર કેટલાક સામાન્ય પ્રશ્નો રજૂ કરી સંતોષ માન્યો હતો.

''Times of India''ના લેખના સંદર્ભમાં પી. આર. એલ. ઈસરોના અગ્રણી વિજ્ઞાની પ્રો. નરેન્દ્ર ભંડારી, ડૉ. સુરેન્દ્રસિંહ પોખરણા, ડૉ. રજનીભાઈ પી. દોશી મને મળવા આવ્યા. આ રીતે વિશ્વપ્રસિદ્ધ વિજ્ઞાનસંસ્થાના વિજ્ઞાનીઓ સાથે સંપર્ક થયો. તેનાથી મને પણ ઘણો લાભ થયો અને તેઓને પણ જૈન દર્શનનાં વૈજ્ઞાનિક પાસાનો ખ્યાલ આવ્યો.

શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સાધુ પરંપરામાં પણ કેટલાક સાધુ ભગવંતો વિજ્ઞાનના અભ્યાસુ હતા અને છે, તેઓને પણ જૈન

ભૂગોળ-ખગોળ અંગે મારા મનમાં જે પ્રશ્નો ઉપસ્થિત થતા હતા, તે જ પ્રશ્નો તેમના મનમાં પણ ઉપસ્થિત થતા હતા, તેઓની સાથે ચર્ચા કરતા તેઓનો અભિપ્રાય એ હતો કે જૈન પરંપરા મૂળે તો નિર્ગ્રંથ શ્રમણ પરંપરા કહેવાતી હતી અને તેમાં અધ્યાત્મ જ મુખ્ય હતું. લૌકિક પરંપરા કે વિજ્ઞાનનું તેમાં કોઈ વિશેષ મહત્ત્વ નહોતું. કદાચ બ્રહ્માંડ કેટલું વિશાળ છે અને તેમાં આપણું એક ક્ષુદ્ર જીવથી વિશેષ કોઈ સ્થાન નથી, તેટલું જ બતાવવા પૂરતું હતું, એથી તેઓએ ભિન્ન ભિન્ન પ્રકારની ઉપમા અર્થાત્ તુલનાઓનો ઉપયોગ કરવા પૂરતું જ તે વર્ણન હતું.




જૈન ભૂગોળ-ખગોળ અંગે કેટલાક વિજ્ઞાનીઓ અને વિદ્વાન સાધુઓનો એવો અભિપ્રાય છે કે જૈન ભૂગોળ-ખગોળ સર્વજ્ઞકથિત નથી. તે અંગેના આગમગ્રંથો શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામીના નિર્વાણ બાદની રચના છે. કદાચ તે હિન્દુ પરંપરા સાથેના વાદવિવાદ દરમ્યાન તેમના બ્રહ્માંડ અંગેના ખ્યાલો, બ્રહ્માંડની ઉત્પત્તિ, અસ્તિત્વ અને નાશ જે રીતે દર્શાવેલ છે, તેના જવાબ સ્વરૂપે જૈન ભૂગોળ-ખગોળની રચના થઈ હોવી જોઈએ. તે રીતે તે કાળના કેટલાક જૈન આચાર્યો જેઓ છદ્મસ્થ હોવા છતાં અત્યંત બુદ્ધિશાળી હતા તેઓએ આ પ્રકારની કલ્પના કરી હશે. અલબત્ત, આ માત્ર કલ્પના જ છે. તેને કોઈ પણ પ્રકારના શાસ્ત્ર કે બીજા પ્રમાણોનો આધાર નથી. હું પણ શરૂઆતમાં આ પ્રકારની માન્યતા ધરાવતો હતો. પરંતુ તત્ત્વાર્થ સૂત્રમાં પણ આ પ્રકારનું વર્ણન પ્રાપ્ત હોવાથી અને તે લગભગ ઈ.સ.ની બીજી શતાબ્દિનો ગ્રંથ હોવાથી અને તે શ્વેતાંબર અને દિગમ્બર છૂટા પડ્યા તે પહેલાંનો હોવાથી બંને પરંપરામાં બ્રહ્માંડનું એકસરખું વર્ણન પ્રાપ્ત થાય છે તેથી તે આગમગ્રંથો લિપિબદ્ધ થયા તે પહેલાં પણ આ જ વર્ણન હોવાથી કદાચ છદ્મસ્થ લિખિત હોવાની સંભાવના જૂજ છે.



તો જૈન દર્શન અને વિજ્ઞાનના અભ્યાસુ એવા પ્રબુદ્ધ ઉપાધ્યાય શ્રીભુવનચંદ્રજી મહારાજ જેવા કેટલાક વિદ્વાન જૈન સાધુ એમ કહેતા હતા કે પ્રાચીન કાળના મહાપુરુષોની ગ્રંથરચનાની પદ્ધતિ એવી હતી કે તેઓ ક્યાંય પોતાના નામનો નિર્દેશ સુદ્ધાં કરતા નહોતા અને તે જ પદ્ધતિ પ્રમાણે તેઓએ સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વગેરે ગ્રંથોની રચનામાં આગમની પદ્ધતિ પ્રમાણે ખુદ સુધર્માસ્વામી પોતે જ પોતાના શિષ્ય જંબૂસ્વામીને ઉદ્દેશીને કહેતા હોય તે રીતે અર્થાત્ ''સુયં મે આઉસં તેણં ભગવયા એવમક્ખાયં'' અથવા ''સમણેણં ભગવયા મહાવીરેણ કાસવેણં પવેઇયા'' કહીને રજૂ કરેલ છે. આ રીતે રજૂઆત કરવામાં તેમનો બીજો કોઈ ઈરાદો નહોતો, માત્ર પોતાના નામ પ્રત્યેની નિર્મોહિતા જ હતી. તે જ રીતે મૂલ આગમોમાં પણ કેટલોક વધારો કરવામાં આવ્યો છે અથવા તે સર્વ આગમો દેર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે કરાવેલ સંકલન સ્વરૂપ છે. પશ્ચાત્વર્તી જૈન આચાર્યો અને વિદ્વાન સાધુઓએ આ પ્રકારના સર્વ ગ્રંથોમાં લોકનું સ્વરૂપ દર્શાવતા તથા તિર્ચ્છાલોકમાં જંબૂદ્વીપ, અઢી દ્વીપનાં ચિત્રો કરાવવાની શરૂઆત કરી. તે તેઓની મહામેઘાવી પ્રજ્ઞાની પ્રતીતિ કરાવે છે. આ રીતે વર્તમાનમાં પ્રચલિત જૈન ભૂગોળ-ખગોળનું સ્વરૂપ નિશ્ચિત થયું હોવાનું એક અનુમાન છે.

તો પરમ પૂજ્ય ઉપાધ્યાય શ્રીભુવનચંદ્રજી મહારાજ જેવા કેટલાક વિદ્વાન સાધુઓનું એવું પણ માનવું હતું કે આ ગ્રંથોનું આલેખન કરનાર વિદ્વાન સાધુઓ તે સમયના મહાન વિજ્ઞાની જ હતા. જે રીતે અત્યારના વિજ્ઞાનીઓ બ્રહ્માંડની ઉત્પત્તિ અને સ્વરૂપની બાબતમાં વિવિધ પ્રકારની થિયરી અર્થાત્ કાલ્પનિક વિભાવના રજૂ કરે છે તે જ રીતે તેઓએ તેમની મહામેઘાવી પ્રજ્ઞા અનુસાર આ વર્ણન કરેલું છે. અલબત્ત, આ બધાં માત્ર અનુમાન જ છે. તે અંગેની કોઈ નક્કર સાબિતી મળતી નથી. આ જ જૈન ભૂગોળ-ખગોળના આધારે જ આખું જૈન દર્શન છે અને જો આજની ભૂગોળ-ખગોળને જ સાચી માનવામાં આવે અને જૈન ભૂગોળ-ખગોળને ખોટી માનવામાં આવે તો જૈન દર્શનની ઘણી માન્યતા અને સાહિત્યમાં આવતા વર્ણનો તથા સિદ્ધાંતો અંગે પુનર્વિચારણા કરવી પડે અથવા તેને કપોળકલ્પિત માનવી પડે. જે કોઈ કાળે શક્ય નથી.

વર્તમાન પૃથ્વીને વિજ્ઞાનીઓ કહે છે તે જ સ્વરૂપમાં સ્વીકારવામાં આવે અને દડા જેવી ગોળ માનવામાં આવે તો દેવલોક ક્યાં? નરક ક્યાં? જો દેવલોક અને નરક ન હોય તો પૂર્વભવ અને પુનર્જન્મ અંગે પણ શંકા થાય. જો પૂર્વજન્મ અને પુનર્જન્મ ન હોય તો આત્માના અસ્તિત્વ અંગે પ્રશ્ન ઉપસ્થિત થાય. તો પાપ અને પૂણ્ય પણ ન હોય અને તો કર્મ અને સર્વ સૂક્ષ્મ સિદ્ધાંતોનું શું? કાળના વિભાગ, ચોવીશ તીર્થંકરના જીવન, શ્રીસીમંધરસ્વામી વગેરે વિહરમાન



તીર્થંકર પરમાત્માના અસ્તિત્વનું શું? આ બધા કારણસર પણ જૈન ભૂગોળ-ખગોળ અંગે કોઈ સંશોધન કે સમાધાન જરૂરી હતું અને છે.




હવે જ્યારે વિજ્ઞાને અકલ્પનીય પ્રગતિ કરી છે અને વિવિધ પ્રકારનાં સાધનો ઉપલબ્ધ કરાવી, વર્તમાન પૃથ્વીના આકાર અને સ્વરૂપનો નિશ્ચય કરી આપ્યો છે તથા તેની દૈનિક ગતિ દ્વારા થતા રાત-દિવસ અને વાર્ષિક ગતિ દ્વારા થતી ઋતુઓની સમજ આપી છે, એટલું જ નહીં પણ તે વાત પ્રાયોગિક રીતે કૃત્રિમ ઉપગ્રહ અને અવકાશયાન જેવા સાધનો દ્વારા પ્રત્યક્ષ બતાવી શકે છે ત્યારે તેનો નિષેધ પણ થઈ શકે તેમ નથી. તે કારણથી જ વર્તમાન યુવાપેઢી સમક્ષ જૈન ભૂગોળ-ખગોળ સંબંધી કોઈ નક્કર વિજ્ઞાનસંમત, તર્કસંમત અને આગમસંમત સમાધાન આપવું જરૂરી છે, અન્યથા બુદ્ધિમાન સાધુઓ અને વિજ્ઞાનીઓની માફક તે પણ જૈન ભૂગોળ-ખગોળને કાલ્પનિક અથવા તો ખોટી કહેતાં અચકાશે નહીં. આ જ કારણે તે શ્રદ્ધાથી વિચલિત થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આપણી રહેશે.

શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામી હતા ત્યારે જે પૃથ્વી હતી તે જ પૃથ્વી અત્યારે પણ છે. ૨૫૦૦ વર્ષમા એવો કોઈ ભયંકર ધરતીકંપ કે ઉલ્કાપાત થયો નથી કે જેના કારણે ભગવાન મહાવીરસ્વામીના વખતની પૃથ્વીનો સંપૂર્ણ પ્રલય થયો હોય અને નવી પૃથ્વીની ઉત્પત્તિ થઈ હોય. પ્રાચીન કાળના અર્થાત્ ૨૦૦૦ વર્ષ જૂના પૃથ્વીના નકશા પણ ઉપલબ્ધ છે, જેમાં પૃથ્વી પરના વિભિન્ન શહેરોના અંતર વગેરે અત્યારના નકશામાં જે રીતના બતાવ્યા છે તે જ રીતે બતાવ્યા છે. તેથી ભગવાન મહાવીરસ્વામીએ જે કાંઈ બતાવ્યું છે તેની તે વખતની જે નિરૂપણ શૈલી છે, તેને સમજવી આવશ્યક જણાય છે.

જૈન ભૂગોળ-ખગોળની ગૂંચ ઉકેલવા માટે ઘણા લોકો અને વિજ્ઞાનીઓએ પ્રયત્નો કર્યા છે પરંતુ તેમાં કોઈને સફળતા મળી નથી. કોઈકે જૈન ભૂગોળ-ખગોળને જ સંપૂર્ણ સાચી માની આધુનિક ભૂગોળ-ખગોળને ખોટી સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે, તો કેટલાક જૈન અથવા અજૈન વિજ્ઞાનીઓએ પૌરાણિક કથાઓના આધારે આધુનિક વિજ્ઞાનની પૃથ્વીને જ સાચી માની તેના ઉપર જૈન ભૂગોળ અર્થાત્ જંબૂદ્વીપના નકશાને બેસાડવા પ્રયત્ન કર્યો છે પરંતુ બંને પદ્ધતિથી પણ આ ગૂંચ ઉકેલી શકાઈ નથી. આ સંબંધી વિવિધ વિજ્ઞાનીઓની વિવિધ પ્રકારની કાલ્પનિક થિયરીઓ અંગે આગળ ચર્ચા કરવામાં આવશે. તેમ છતાં આ અંગે પ્રસિદ્ધ અજૈન ખગોળશાસ્ત્રી ડૉ. જે. જે. રાવલ જણાવે છે કે – ''હાલના ઘણા આચાર્ય ભગવંતો બ્રહ્માંડના આ સાંખ્યિકી ચિત્રને ખરેખર સમજતા નથી તેથી તેઓ વિજ્ઞાનને અસત્ય માની બેઠા છે અને વિજ્ઞાનીઓ બ્રહ્માંડના આ સાંખ્યિકી ચિત્રને સમજવા સમય આપતા નથી તેથી તે જૈન ભૂગોળ-ખગોળને અસત્ય માનતા હતા.''

જૈન ભૂગોળ-ખગોળ અંગેની નવી સમજ જો ન કેળવીએ તો કેવી તકલીફ ઊભી થાય છે તેનો પણ વિચાર કરવો જોઈએ. (ક્રમશઃ)

✦ ✦ ✦

# મણિબહેન વલ્લભાઈ પટેલ એક સમર્પિત જીવન વિશેની મારી અનુભૂતિ

**મેધા ત્રિવેદી**

**મ**ણિબહેન પટેલ તેમના પિતા સરદાર વલ્લભભાઈ પટેલના પગલે - પગલે ચાલી નીકળનાર તેમની દીકરી એક સ્વતંત્ર, સક્ષમ અને બહાદુર નારી, જેઓએ સ્વેચ્છાએ પોતાના જીવનને તેમના બાપુની સેવામાં સમર્પિત કરી નાખ્યું અને સેવાનો ભેખ તેમના બાપુ હોય કે ના હોય એ જ રસ્તે જીવનના અંત સુધી ચાલવાનો નિર્ણય લીધો હોય અને તેને પાળી પણ બતાવ્યો હોય, ત્યારે આવો સંઘર્ષ કંઈ એમ નેમ તો નહીં આવ્યો હોય ને એ જાણવું અનિવાર્ય થઈ પડે છે. આ સંઘર્ષ પાછળ રહેલ મક્કમ મનોબળ અને તેને કેળવવાની હિંમત, ગાંધીજીના આશ્રમમાં મણિબહેન જ્યારે ત્યાં રહેતા હતા ત્યારે ત્યાંના સાદા કરકસરભર્યા અને સ્વચ્છ જીવનને કારણે તેમને ટેવ પડી હતી. પોતે શિક્ષિત બની બીજાને એ જ્ઞાન આપવા માટેની તૈયારી, દેશ કાજે ભોગવવી પડેલી સખત જેલ અને એવા જીવનમાંય જરાય વિચલીત થયા વિના સ્વતંત્રતાના કેદીઓને માર્ગદર્શન આપવું અને બિમાર કેદીઓની રાત દિવસ જોયા વિના સેવા કરી તેમને અંકે કર્યું હતું. પરંતુ આ ઘડતર પાછળ ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન સૌથી મોટું હતું. સરદાર પટેલ અને ગાંધીજી, જેમને મણિબહેન (ગાંધીજીને) બાપુજી કહીને બોલાવતા હતા તેઓ એક જ સ્થળે બિરાજમાન રહેતા નહતા. તો આવું ઘડતર તેઓ કેવી

રીતે કરી શક્યા હશે, તો એનો જવાબ છે પત્રો. ગમે તે સ્થળે સરદાર પટેલ કે ગાંધીજી હોય તેઓ પત્ર વ્યવહાર દ્વારા આશ્રમવાસીઓ અને બીજા અનેક વ્યક્તિઓ સાથે સંકળાયેલા રહ્યા છે. મણિબહેનની બાબતમાં, ગાંધીજી અને સરદાર પટેલ સતત મણિબહેન પર પત્રો લખતા રહેતાં હતાં. આ પત્રો દ્વારા આપણે દરેક ઘટનાઓ ક્યારે બની તેનું શું મહત્વ હતું અને શું પરિણામ આવ્યું તે જાણી શકીએ છીએ. મણિબહેનના શબ્દો અહીં મૂકીએ તો ''બાપુજી (ગાંધીજી) પત્રો દ્વારા માણસને કેવી રીતે ઘડતા અને એની પાસે લેવા ધારેલા કામ માટે તૈયાર કરતા, તેનો આ (પત્રોનો) સંગ્રહ એક નમૂનો છે. આ પત્રો જેમ મારા જીવનના ઘડતરમાં મને ઉપયોગી નીવડ્યા એમ વાચકને પણ જરૂર નીવડશે. મને ઘડવામાં પૂ. બાપુજીએ કેટલી મહેનત લીધી છે. મારા પર તેમણે કેટલો પ્રેમ વરસાવ્યો છે, આજે મારામાં જો કાંઈ સારા ગુણો કે ટેવો હોય તો તે બધું મારા જીવનના બે ઘડવૈયા – પૂ. બાપુજી અને પૂ. બાપુ (સરદાર પટેલ) એ મારી પાછળ લીધેલા પરિશ્રમને આભારી છે.'' આ પત્રોને આપણે આઝાદી કાળના મહામૂલા દસ્તાવેજ ગણી શકીએ. જેની જાળવણી અતિશય જરૂરી બને છે. ઇતિ નષ્ટ થતી નથી કારણ કે એ બની ગયેલી હકીકત છે અને તે આવા દસ્તાવેજ દ્વારા જ મળી શકે છે.

જીવનના દરેક તબક્કે મણિબહેનને નિર્ણય લેવાનો આવ્યો હતો અને એ દરેક તબક્કે તેમણે સ્વનું બલિદાન. ઐહિક સુખોને જતા કરવાં અને સ્થાન કે મિલ્કત પ્રાપ્ત ના જ કરવી એનો સંઘર્ષ કર્યો હતો. આવી પરિપક્વતા તેમણે ખૂબ નાની ઉંમરથી કેળવી હતી. તેમાંય કપરો સંઘર્ષ મણિબહેનને યુવાકાળના પ્રવેશે આવ્યો હતો. આ સમય દરમ્યાન મણિબહેનને એકલાપણું સતાવતું રહેતું હતું. અને તેઓ ઉદાસ રહેતા હતા. આનો અર્થ ગાંધીજીએ તો મણિબહેનને કોઈ સાથીની જરૂર છે તેવો જ કાઢ્યો હતો. કુટુંબ વસાવી લેતી સ્ત્રીઓ એકંદરે શાંત થઈ જતી હોય છે તેવું ગાંધીજીનું માનવું હતું. યુવાવસ્થામાં માંદગી ભોગવતાં મણિબહેન, સરદાર પટેલ અને ગાંધીજી માટે ચિંતાનો વિષય રહ્યા હતા. ૧-૧-૨૭ના રોજ ગાંધીજીએ મણિબહેન પર લખેલ એક પત્ર જોઈએ. 'તમારી નીરસતાનું કારણ ઊંડે ઊંડે સાથીની કમી તો નથી ને? મને તમારા એક હિતેચ્છુએ આગ્રહપૂર્વક કહ્યું છે, તેમને મારે પરણાવી જ દેવી જોઈએ.' પરંતુ મણિબહેનની મનઃસ્થિતિ કંઈ જુદું જ બતાવતી હતી. તેમણે તો લગ્ન ના કરવાનો નિર્ણય લઈ જ લીધો હતો.

૧૯૨૭માં મણિબહેને ગાંધીજીને લખેલ એક પત્ર અને તેમાં કરેલ તેમની સ્થિતિનું સ્પષ્ટ વર્ણન જોઈએ. ''જ્યારથી ના પરણવાનો નિશ્ચય કર્યો છે ત્યારથી આજની ઘડી સુધી તો મને કદી પરણવાનો વિચાર નથી આવ્યો. ગમે તેટલું મન વ્યગ્ર હોય છતાં મને એમ નથી થયું કે જો લગ્ન કરું તો શાંતિ મળે. ઉલટું એમ જ થયું છે કે લગ્ન કર્યું હોત મારી સંમતિથી કે બાપુના કહેવાથી તો વધારે દુઃખી થઈ હોત.''

મણિબહેન તેમની સાચી પરિસ્થિતિને વર્ણવતા આગળ ગાંધીજીને લખે છે કે, ''હું સંસારથી ધરાઈ ગઈ છું. આખડતી અથડાતી અનેક જણના હાથ નીચે સુખે દુઃખે ઉછરી છું. મારી દૃષ્ટિએ અત્યાર સુધી કંઈ ઓછું નથી ભોગવ્યું. એમાંથી બાપુને તો કદાચ ઘણું ખરું ખબર પણ નહીં હોય. મારો સ્વભાવ જ એવો છે કે હું ભાગ્યે જ કોઈને એ વિષે કહું છું.'' મારા બાળપણના બધાં જ તરંગો, તે તરંગોરૂપે જ રહ્યા હતા. કંઈ તે બધા હવાઈ કિલ્લા નહોતા પણ સંજોગો જ એવા હતા કે જેની અંદર દેખાતી હું સ્વતંત્ર હતી. પાટીદાર જ્ઞાતિમાં જન્મેલી છોકરી એટલે થોડાં ઘણા એનાપણ ફળ ભોગવ્યાં મારો ઉમળકા, મારો ઉત્સાહ આમ બાળપણથી જ નાશ પામવા લાગ્યો. લગભગ ૧૫ની સાલથી આ પ્રકારની ચિત્તની વ્યગ્રતા અનેક વાર થતી આવી છે. ઘણી ખરી વાર એકલી રડી શાંતિ પામી છું. હું એમ માનું છું ખરી કે જો બાપુ સાથે મારી જીભ જરા વધારે છૂટી હોત તો મારામાં આટલી બધી વ્યગ્રતા કે નીરસતા ન હોત.

મણિબહેને પત્રમાં ગાંધીજી સાથે કરેલી પેટ છૂટી વાતથી આપણને એ સમજાય છે કે મણિબહેન તેમના મા વિના કેટલું તો સોસરાતા હતા. આ ઉણપને પૂરી કરવા ગાંધીજી મણિબહેનની મા બન્યા હતા. અને તેમની આગળ મણિબહેન દિલ ખોલીને વાત કરી શકે એવી રીતનો માહોલ ગાંધીજીએ રચ્યો હતો. બીજી બાજુ મણિબહેનને સરદાર પટેલ પર એક માતા પોતાના પુત્ર પર જે પ્રેમ વરસાવી શકે એવો પ્રેમ વરસાવ્યો હતો. છેવટે ગાંધીજી મણિબહેનની વાતને સમજ્યા અને તેમને ખાત્રી આપી કે તેમને પરાણે પરણાવવાનું તો તેઓ વિચારી પણ ના શકે અને મણિબહેનને પોતાનો રસ્તો પોતે નક્કી કરી લીધો.

કુદરતે એક સ્ત્રી જાતિમાં મૂકેલા ગુણોને શ્રેષ્ઠતાના ઉત્તમ માર્ગ પર મૂકી દેવા એ જ મણિબહેનની નારી શક્તિ હતી. આવી શક્તિને દુનિયાની બીજી કોઈપણ શક્તિથી ઓછી કેવી રીતે આંકી શકાય. કોઈપણ વ્યક્તિ જ્યારે સાચો માર્ગ ક્યો છે તેની સમજણ કેળવી લે છે ત્યારે માનવ સભ્યતાને, તેની સંસ્કૃતિને ચોક્કસ ઘાટ આપવા માટે સક્ષમ બને છે. મણિબહેનમાં આવી સમજણ તેમના બાપુને લીધે અને બાપુજીને લીધે આવી હોય એ શક્યતા નકારી

શકાય નહીં.

એક સામાન્ય વિધાન એવું કરવામાં આવે છે કે મણિબહેનનું જીવન કંઈક શુષ્ક અને નીરસ હતું. વાણી સ્પષ્ટ અને તોછડી રહી હતી. જો આપણે દૂરથી ઉપરછલ્લું તેમના જીવનને જોવા જઈએ છીએ તો એવું અનુમાન લગાવી શકાય કે વેરાન જમીન પર ઉગેલ એક ડાળ કે પાંદડા વિનાનું સૂક્કુ ભઠ્ઠ વૃક્ષ. સરદાર વલ્લભભાઈ પટેલ આઝાદીના પ્રખર નેતાએ ભારત દેશ માટે સર્વસ્વનો ત્યાગ કર્યો, એની પાછળ ચાલતી તેમની દીકરી મણિબહેન પણ એ જ માર્ગે. સતત દેશ માટેના કાર્યો, દેશ માટે રમવું પડતું રાજકારણ લક્ષ્ય સુધી પહોંચવા માટે અપનાવવા પડતા શામ, દામ, દંડ, ભેદ. જેમાં કોઈપણ જાતની સંવેદના કે લાગણીને સ્થાન નથી. આવી પરિસ્થિતિમાં પ્રેમ શું કહેવાય કે એની અનુભૂતિ કેટલી તો ઋજુ હોય તે ભૂલાતું જાય, ત્યારે એ કડક મનોવલણનો સાક્ષાત્કાર તેમની વાણી પર આવીને બેસી જાય, એવું બની શકે. બીજી બાબત મણિબહેન વિષે એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે કે તેમના બાપુ માટે અતિશય લાગણી, તેમના સ્વાસ્થ્યની ચિંતા, જે તેમને વલ્લભભાઈના રક્ષણહાર પણ બનાવી દેતી હતી. લોકોના ટોળે-ટોળાં સરદાર પટેલને મળવા આવતાં હતા. તેમના બાપુનો નીજી સમય એમાં ક્યાંય હોમાઈ જતો હતો. સરદાર પટેલના સ્વાસ્થ્યની દેખરેખને વિસારે પાડી દેવામાં આવતી, ત્યારે મણિબહેનને આવતા મહેમાનો સાથે કડક વલણ અપનાવવું પણ પડ્યું હોય, એમાં મણિબહેને ઘણા મહત્વના અને અગત્યના સંબંધો બગાડી નાખ્યાં હતાં. શબ્દોને જરાક વરખ લગાડી રજૂ કરવામાં તેઓ હારી જતા હતા, અને તેમની સાથે પનારો પાડનારના મનમાંથી તેઓ સદાય માટે ઉતરી જતા હતા.

તોય શું મણિબહેનના સમર્પિત જીવનને નીરસ ગણી શકાય ખરું. બરડતાને જરાક જ ખોતરતા એમાંથી તો ભીનાશનો અનુભવ આપણે કરીએ છીએ. પોતાના પિતા માટેનો અને એમ કરીને દેશ માટેનો આવો સેવા ભાવ શોધ્યો જડે નહીં. વારે વારે દેશના ભલા માટે સમજૂતી કરી લેતા તેમના બાપુ, સંજોગો અને રાજ રમતમાં સરદાર પટેલના હેઠાં પડી જતા હાશ અને દયનીય સ્થિતિમાં મૂકાઈ જતા બાપુને જોઈ મણિબહેન અંદરને અંદર વલોવાઈ જતા હતા. કશું જ ના થઈ શકવાનો વલોપાત બાપ અને દીકરી સરખો અનુભવતા હતા. કુટુંબ નથી કંઈ વાંધો નથી, કોઈ વારસ નથી કોઈ વાંધો નથી, પરંતુ માનવતાવાદમાંથી જન્મેલ સેવાભાવ હજુયે રુક્ષ થઈ ગયેલી ડાળીઓને લીલી રાખી શકે છે. તેમના ભાઈ ડાહ્યાભાઈને ફરી પરણાવામાં રહેલ નાના બાળ બિપીન તરફ રહેલ માતૃત્વનો ભાવ કે ભેળગાંવની જેલમાં નાની ઉંમરની યુવતીઓની કોફી પીવાની ઇચ્છાને પૂરી કરવામાં રહેલી મમતામાં, મણિબહેનમાં રહેલી ભીનાશનો અનુભવ આપણે કરી શકીએ છીએ. વળી એ કેમ ભૂલી જવાય કે ફરી એ જ ડાળીઓ પર નવેસરથી ક્યારેક સેવાની કૂંપળો ફૂટી પણ શકે છે. સેવામાં રહેલ પ્રેમના ફૂલો ખીલી પણ શકે છે. મણિબહેનના સમર્પિત જીવનનો આનાથી વધારે સારો નિષ્કર્ષ શું હોઈ શકે!

મણિબહેનનું સમર્પિત જીવન અંતિમ સમયે વિષાદપૂર્ણ રહ્યું. એક ઓરડો અને રસોડા સાથેનું નાનું ઘર, જેમાં ના કોઈની અવર-જવર કે ના કોઈની દેખભાળ. એકલાપણાને દૂર કરી નાખતો હંમેશનો તેમનો સાથી ચરખો, તેમની સાથે છેલ્લે સુધી રહ્યો હતો. ગાંધીજીના મૂલ્યોને, સાદું સ્વાવલંબી, અને સ્વચ્છ જીવન અંતિમ સુધી જીવી, મણિબહેને સાચવ્યા હતા. કોઈ વ્યક્તિ જીવનના ભરેલા ગાડામાંથી એક પછી એક સામાન ફેંકતો જાય તેમ મણિબહેન તેમના પાછલા જીવનમાં લીધેલી દરેક જવાબદારીમાંથી મુક્ત થતા ગયા હતા અને છેવટે ૧૯૯૦ના માર્ચ મહિનાની ૨૬ તારીખે પંચતત્વમાં હંમેશ માટે ભળી ગયા. એક સમર્પિત જીવન છેક છેલ્લે સુધી સ્વતંત્ર રહ્યું એ તો ખરું પરંતુ ભારત દેશે અને તેની પ્રજાએ પણ તેમની જરૂરિયાતો વિષે દુર્લક્ષ્ય સેવ્યું તે અક્ષમ્ય છે. મણિબહેન વિષે આપણને ઘણા ઓછા સંદર્ભો મળે છે. પુસ્તકોમાં તેમના વિષેના અલપ-ઝલપ નિર્દેશો તેમના બાળપણ વિષે, તેમના સ્વભાવ વિષેની માહિતી અને તેમના બાપુ સરદાર પટેલે અને તેમના બાપુજી ગાંધીજીએ મણિબહેનને લખેલા પત્રો આપણને માહિતીગાર કરતા રહે છે, એટલું જ. અહીં નોંધ કરી લેવી જરૂરી બને છે કે મણિબહેનનું જીવન સરદાર પટેલ સાથે સંકળાયેલું રહ્યું હતું. આથી સરદાર પટેલનું જીવન અને તેમના કાર્યોને સાંકળી લેવા અનિવાર્ય બને છે. મણિબહેનની અંગત ડાયરીમાં નોંધાયેલ વિગતો તેમનું સાતત્ય અને ચોકસાઈ દર્શાવે છે. ''કપાસિયા લોઢાય, રૂ પીંજાય, પૂણી બને, એ ચરખે કંતાય અને એના તાણાવાણા શાળે ચઢી તેમાંથી કાપડ તૈયાર થાય'' એવી જ રીતે મણિબહેન પાસેથી ગાંધીજી અને સરદાર પટેલે એક કુંવારી સેવિકામાં ગંભીરતા, શાંતિ, સંતોષ, વિવેક, મર્યાદા, નિશ્ચય, સત્યપરાયણતા, તીવ્રતા, અભ્યાસ, ધ્યાન ઈત્યાદિ ગુણોની અપેક્ષા રાખી મણિબહેનના આખા જીવનનું કાપડ વણ્યું હતું. મણિબહેનને એ અપેક્ષા પર ખરા ઉતરવા અંત સુધી પ્રયત્નો કર્યા હતા.

✦ ✦ ✦

# તિરૂક્કુરળ ચિંતનિકા-૪

**પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ.સા. (બેન મ.સા.)**

## ગૃહસ્થ જીવનનું સૌંદર્ય

**आश्रवाः खलु चत्वारस्तेषु;**
**धन्या गृहस्थिताः ।**
**मुख्याश्रया हि ते सन्ति,**
**भिन्नाश्रम निवासिनाम् ।।**
(परिच्छेदः ५, गाथा-१)

**જી**વનની શોભા **પ્રસન્નતા,**
સાધુ જીવનની શોભા **ક્ષમા,**
ગૃહસ્થ જીવનની શોભા **સ્નેહ-ક્ષમા,**
કુમાર જીવનની શોભા **પવિત્રતા,**
પ્રૌઢાવસ્થાની શોભા **ધૈર્ય.**

ઉદ્યાન વૃક્ષથી શોભે છે. ગૃહસ્થ વિનય-વિવેકથી શોભે છે.

વિનય વ્યક્તિને નમ્ર બનાવે. વિવેક વ્યક્તિને સમજુ બનાવે.

વિનયી-વિવેકી વ્યક્તિનું વિશ્વ આદર કરે છે, બહુમાન કરે છે શ્રેષ્ઠ.

વિનયી-વિવેકી આત્મા સંત-મહંત બને છે. સંત-મહંત વિશ્વમાં પૂજનીય વંદનીય-નમનીય આત્માઓ છે.

સ્નેહથી વ્યવહાર શોભી ઉઠે છે. ધર્મથી જીવન સુશોભિત બને છે. સંસારમાં ચાર પરિબળો છે. સંત, સતી, ગૃહપતિ, ગૃહલક્ષ્મી. કોઈ પણ પદ પ્રાપ્ત કરવા ગુણી બનવું જરૂરી છે. ગુણ પ્રાપ્ત કરવા ગુણીનો સંગ, સંસર્ગ, સહવાસ જરૂરી છે. સંત, સતી, ગૃહપતિ, ગૃહલક્ષ્મીની ગણના વિશિષ્ટ વ્યક્તિમાં થાય છે. વિશિષ્ટ વ્યક્તિની ગણના સર્વશ્રેષ્ઠ આત્મામાં થાય છે. જૈન ધર્મમાં કલ્પસૂત્ર શાસ્ત્રમાં ચોવીશ તીર્થંકર પ્રભુના ચરિત્રવર્ણનમાં માતા-પિતા, ભાઈ-બેનનું પણ સુવર્ણાક્ષરે આલેખન કર્યું છે. પ્રભુના સાધુ-સાધ્વીજી, શ્રાવક અને શ્રાવિકાગણની પણ સંખ્યાનો ઉલ્લેખ આવે છે.

વિશ્વની કરોડરજ્જુ સદાચાર, સત્જ્ઞાન, સત્શ્રધ્ધા છે. સાધુ-સાધ્વી સદાચારમય હોય છે. સદાચારના પ્રચારક છે, રક્ષક છે. જીવનને સદાચારથી ધન્ય-પુણ્ય બનાવ્યું છે. જ્યારે શ્રાવક-શ્રાવિકા એટલે ગૃહપતિ ગૃહલક્ષ્મી સદ્‌ગુણના ચાહક છે, ઉપાસક છે અને શક્ય સદ્‌ગુણ મેળવે છે અને જીવનને ગુણમય બનાવી ધન્ય બને છે.

બે સંસ્થા સદ્‌ગુણી છે. બે સંસ્થા સદ્‌ગુણીની ઉપાસક છે. ધર્મરૂપ મેરૂથી શોભતી આ ચાર સંસ્થા છે. ધર્મશાસ્ત્રો આ ચાર સંસ્થાની સર્વત્ર નોંધ લે છે. તેના આચાર-વિચાર માટે વિશાળ અને ગહન આચાર સંહિતા છે. સાધુ માટે પાંચ મહાવ્રતો છે. શ્રાવક માટે બાર વ્રતો છે. વ્રતીમાંથી મહાવ્રતી બનવા માટે શ્રાવકોના મનોરથો હોય છે. તેથી તેઓની ગણત્રી શાસ્ત્રોમાં થાય છે. મહાપર્વાધિરાજ પર્યુષણમાં અંતરના ઉલ્લાસે હૃદયના વિશિષ્ટભાવે ચતુર્વિધ સંઘની કલ્પસૂત્રમાં વંદના થાય છે.

પંદર દિવસના પાપોથી પીછેહઠ રૂપ પ્રતિક્રમણની ક્રિયામાં શાંતિ-પાઠ કરતાં ઉદ્‌ઘોષણા કરે છે – **"અસ્મિંશ્ચ ભૂમંડલ આયતન-નિવાસિ સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકાણાં રોગોપસર્ગ વ્યાધિદુઃખ દુર્ભિક્ષ દૌર્મનસ્યોપશમનાય શાંતિર્ભવતુ ॥"**

રોગથી – ઉપસર્ગોથી શાંતિ થાઓ.

શરીરજન્ય પીડા શાંત થાઓ. દુષ્કાળથી થતી પીડા શાંત થાઓ.

મનની વિહ્‌વળતાથી થતી પીડાનો નાશ થાઓ.

ચતુર્વિધ સંઘની ચિંતા છે. તેથી તેમના માટે શાંતિની પ્રાર્થના કરીએ. શ્રમણ સૂત્રમાં તેત્રીશ આશાતના ફરમાવે છે. જેઓ પૂજ્ય છે, તેમની પૂજા થવી જ જોઈએ. જીવનમાં વર્ષમાં ચાર માસમાં પંદર દિવસમાં કે રાત્રિમાં પૂજાનું ઉલ્લંઘન થયું – પૂજ્ય વ્યક્તિ પ્રત્યે આદર-બહુમાન ન રહ્યું હોય, તેનું નામ જ **"આશાતના."** આશાતના દ્વારા અશાતા વેદનીય કર્મ બંધાય. તેમાં પણ જણાવ્યું છે – **"સાહૂણં આસાયણાએ સાહૂણીણં આસાયણાએ, સાવયાણં આસાયલાએ, સાવિયાણં આસાયણાએ".**

ચતુર્વિધ સંઘનું આદર-બહુમાન ખૂબ જરૂરી છે. શાસ્ત્રે ચતુર્વિધ સંઘની ખૂબ જ મહત્તા કરી છે. જે ધર્મ માટે જરૂરી છે તેનું રક્ષણ-

સંરક્ષણ કરવું અને સદ્ભાવ રાખવો જોઈએ. ભગવતી જેવા મહાસૂત્રમાં જયંતી શ્રાવિકાએ પ્રભુ મહાવીરને સમવસરણમાં પ્રશ્ન પૂછીને સમાધાન મેળવ્યું હતું, તેવો ઉલ્લેખ છે. પ્રભુ મહાવીર અંબડ શ્રાવક સાથે રાજગૃહીનગરીમાં વસતી સુલસા શ્રાવિકાને ધર્મલાભ કહેવડાવે તે શું શ્રાવિકાના ગુણની ઉપબૃંહણા નથી? આ પ્રસંગ પણ શાસ્ત્રોના પૃષ્ઠોમાં લેખિત જણાય છે.

પ્રાતઃકાળની પ્રતિક્રમણની મંગલ ક્રિયામાં ''ભરહેસર સજ્ઝાય'' બોલતાં ચતુર્વિધ સંઘના મહાન-શ્રેષ્ઠ આત્માઓના ગુણ ગવાય છે.

**॥ જેસિં. નામગ્ગહણે, પાવપ્પબંધા વિલયં જંતિ ॥**

મસ્તક નમાવી હાથ જોડીને બોલતાં આ સૂત્રમાં વ્યક્તિની પૂજા નથી, પણ ગુણની પૂજા છે. ગૃહસ્થ જીવનમાં સ્નેહ – પ્રેમ – ઉચિત આવકાર હોય. સ્વજનો પ્રત્યે આત્મીયતા હોય. અતિથિ-અભ્યાગતના સન્માન હોય. ''આવો... પધારો... અમ આંગણું પાવન કરો...'' – આવી મીઠી વાણી હોય તો ગૃહસ્થ જીવન શોભે છે.

સ્નેહ-પ્રેમ સાથે ધર્મભાવ પણ ખૂબ જરૂરી છે. ધર્મ વ્યક્તિને વિશાળહૃદયી-દીર્ઘ ચિંતક બનાવે છે. તેથી તે નિષ્પાપ પુણ્યાત્મા બનાવે છે. આવા પુણ્યાત્મા પ્રતિ-વ્યવહારની, બદલાની આશા-અપેક્ષા રાખે નહીં. બીજાંએ શું કરવું જોઈએ? મારી સાથે કેવો વ્યવહાર રાખવો જોઈએ? આવી તુચ્છ વિચારણા હોતી નથી.

ધર્મ કર્તવ્ય માર્ગ ચીંધે છે. તેથી ગૃહસ્થ જીવન સ્નેહ-ધર્મના પંથે દીપી ઉઠે છે. ગૃહસ્થ જીવનના બે ગુણો, તેના ફળ અને સફળતા છે. સર્વ ગૃહસ્થો, સ્નેહ અને ધર્મ માટે ઇચ્છુક બને. સફળ બને.

**''બાલ્યાવસ્થાની શોભા નિર્દોષતા.**
**યુવાવસ્થાની શોભા સાહિસકતા.**
**વૃદ્ધાવસ્થાની શોભા વાત્સલ્યતા.''**

આવી માનવજીવનની ગુણ સૌંદર્યતા પ્રાપ્ત કરી જીવનને શોભાયમાન કરી ધન્ય બનો.

✦ ✦ ✦

Email : 2yash89@gmail.com

# જ્ઞાન-સંવાદ - ૧૪

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

**સુ**જ્ઞ વાચકગણ,

ગયા અંકમાં બારમા દ્વાર પર્યાપ્તિ વિશે જાણ્યું. હવે આ અંકમાં તેરમા દૃષ્ટિ દ્વાર વિશે વિગતવાર જાણીએ.

જૈનદર્શનમાં દૃષ્ટિનું અદકેરું મહત્ત્વ છે દૃષ્ટિ કેવી છે એના પર જ આત્માનો પુરુષાર્થ સાર્થક થશે કે નિરર્થક એનો ખ્યાલ આવે છે.

દૃષ્ટિ = દૃશ્ ધાતુ પરથી દૃષ્ટિ શબ્દ બન્યો છે. જેના મુખ્યત્વે જોવું, અવલોકન, જ્ઞાન, સમજણ, માન્યતા મત, અભિપ્રાય, પક્ષ, દર્શન વગેરે અર્થ થાય છે. ભગવદ્ ગોમંડળમાં એનાં ૩૧ અર્થ બતાવ્યા છે.

જૈનદર્શન અનુસાર દૃષ્ટિ એટલે માન્યતા, આત્માનો અભિપ્રાય, સમજણ, શ્રદ્ધા એ અર્થો વધારે યોગ્ય છે.

અનાદિકાલીન જીવ પાસે એકેન્દ્રિયપણામાં માત્ર એક જ દૃષ્ટિ હોય છે તે મિથ્યાદૃષ્ટિ હોય છે. જેમાં બિલકુલ જાણપણું હોતું નથી. જીવ જ્યારે સંજ્ઞી પચેંદ્રિયમાં આવે છે ત્યારે જો એને યોગ્ય સમજણ આવે કે પ્રાપ્ત થાય તો સમ્ય્દષ્ટિની પ્રાપ્તિ થાય છે. એ સમજણથી ચ્યુત (પતીત) થાય તો પાછો મિશ્રદૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિમાં જતો રહે છે. પણ એક વખત સાચી સમજણ પ્રાપ્ત થાય તો દેશેઉણા અર્ધપુદ્ગલ પરાવર્તનકાળથી વધારે સમય સંસારમાં રહેતો નથી એટલે કે વધારેમાં વધારે એટલા સમય પછી મોક્ષને પ્રાપ્ત કરે છે. આમ દૃષ્ટિ એટલે સમજણ એ અર્થ વધુ બંધબેસતો છે. એ સમજણ સાચી, ખોટી કે મિશ્ર હોય એના આધારે જ દૃષ્ટિ ત્રણ પ્રકારની છે. સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ.

**(૧) સમ્યગ્ દૃષ્ટિ –** આત્માનો સવળો અભિપ્રાય હોય, યથાર્થ અભિપ્રાય કે માન્યતા હોય જેનાથી પૂર્ણ શ્રદ્ધા પ્રગટ થાય તે સમ્યગદૃષ્ટિ છે. 'શ્રી પન્નવણાસૂત્ર'માં કહ્યું છે કે જેની દૃષ્ટિ સમ્યક્ એટલે યથાર્થ છે, વિપરીત નથી તે જીવને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. (પન્નવણાસૂત્ર પદ-૧૮, સૂત્ર-૯) સમ્યગ્દૃષ્ટિ જીવને સમકિતી અને સમ્યક્ત્વી પણ કહેવાય છે.

કર્મગ્રંથ અનુસાર જીવાદિ નવ તત્ત્વોની જેના વડે શ્રદ્ધા કરાય તે તત્ત્વોની રૂચિસ્વરૂપ આત્મપરિણામોને સમ્યક્ત્વ કહેવાય. (કર્મગ્રંથ-૧ ધીરજલાલ મહેતા પૃ. ૮૨)

તત્ત્વાર્થસૂત્રમાં 'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्'માં પણ એ જ ભાવ છે. (તત્ત્વાર્થસૂત્ર પં. સુખલાલ પૃ. ૮)

ભગવદ્ ગોમંડળ પૃ. ૮૫૨૨માં દર્શાવ્યું છે એ અનુસાર જે

પ્રગટ થવાથી પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ થાય તે ગુણ સમ્યગ્દષ્ટિ છે. સામાન્યતઃ સત્યતત્ત્વ પર શ્રદ્ધા થવી, સુદેવ, સુગુરુ અને સુધર્મની ઓળખાણ થવી તે વિવેકદષ્ટિ. જે સમ્યગ્દષ્ટિ કે સમ્યકત્ત્વ છે.

હરિજનબંધુમાં લખેલ છે કે જૈનધર્મ આપણને સર્વાંગીદષ્ટિ રાખવાનું કહે છે અને એ લોકોએ એ દષ્ટિને સમ્યકત્ત્વ એવું નામ આપ્યું છે.

આમ સમ્યગ્દષ્ટિ એટલે અરિહંતદેવ દ્વારા પ્રતિપાદિત વસ્તુતત્ત્વ પર જેની પ્રતીતિ, રૂચિ અગર શ્રદ્ધા કરવાની છે એ તત્ત્વોની પ્રરૂપણા આઠ બાબતોને ધ્યાનમાં થવી જોઈએ જેમ કે :

(૧) દ્રવ્ય – પદાર્થની મૂળજાતિ

(૨) ક્ષેત્ર – સ્થિતિક્ષેત્ર

(૩) કાલ – સમય

(૪) ભાવ – પદાર્થગત મૂળશક્તિ

(૫) પર્યાય – શક્તિનાં આવિર્ભાવ પામતાં કાર્યો

(૬) દેશ – વ્યાવહારિક જગ્યા

(૭) સંજોગ – આજુબાજુની પરિસ્થિતિ

(૮) ભેદ – પ્રકારો (સન્મતિ પ્રકરણ પૃ. ૩૧૮)

કોઈપણ તત્ત્વોનું સ્વરૂપ બતાવવું હોય તો ઓછામાં ઓછી આઠ બાબતોતનું બરાબર લક્ષ્ય રાખવું જોઈએ, તો જ તત્ત્વનું સ્વરૂપ બરાબર પ્રસ્થાપિત થઈ શકે. એવી રીતે અરિહંત ભગવાન દ્વારા પ્રરૂપેલા તત્ત્વો પર શ્રદ્ધા રાખવી તે સમ્યગ્દષ્ટિ કહેવાય છે. સત્ ને સત્ સ્વરૂપે જાણવું એ સમ્યગ્દષ્ટિ.

ચાર અનંતાનુબંધી કષાય અને ત્રણ દર્શન મોહનીય (દર્શન સપ્તક)ના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયથી સમકિતના કે સમ્યગ્દષ્ટિનાં પાંચ ભેદ પડે છે. પાંચ સમક્તિ નીચે મુજબ છે. (બૃહદ જૈન થોક સંગ્રહ ૧૦૧ થોકડા – પૃ. ૪૩૭)

**(૧) ઉપશમ –** સમક્તિ-દર્શન સપ્તકને દબાવી દે, ઉદયમાં ન આવવા દે એને ઉપશમ સમક્તિ કહે છે. આ સમક્તિ જઘન્ય ૧ સમયથી ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત સુધી જ રહે છે. અને આખા સંસારકાળ દરમ્યાન પાંચ જ વખત આવે છે. એક ભવ દરમ્યાન બે વખત જ આવી શકે છે.

**(૨) ક્ષયોપશમ સમક્તિ –** દર્શન સપ્તકમાંથી ઉદયમાં આવેલાનો ક્ષય કરે ને અનુદયનો ઉપશમ કરે એવી અવસ્થા ક્ષયોપશમ સમક્તિની હોય છે. આ સમક્તિ જઘન્ય અંતમુહૂર્ત ઉત્કૃષ્ટ છાસઠ સાગરોપમ ઝાઝેરું સુધી રહે છે. તે સમક્તિ સંસારકાળ દરમ્યાન અસંખ્યાતી વાર આવે છે.

**(૩) ક્ષાયક સમક્તિ –** દર્શન સપ્તકનો જડમૂળમાંથી ક્ષય થઈ જવાથી ક્ષાયક સમક્તિની પ્રાપ્તિ થાય છે. આ સમક્તિ આવ્યા પછી જતું નથી. તેની સ્થિતિ સાદિ અનંત છે. સમક્તિ થવા પૂર્વે આયુષ્યનો બંધ ન પડ્યો હોય તો તે જ ભવે મોક્ષે જાય છે. અને બંધ પડ્યો હોય તો ત્રીજા કે ચોથા ભવે મોક્ષે જાય છે.

**(૪) વેદક સમક્તિ –** દર્શન સપ્તકમાંથી સમ્યક્ત્વ મોહનીયનું વેદન જેમાં થાય તે વેદક સમક્તિ છે. આમાં ત્રણ ભેદ છે. ક્ષયોપશમ વેદક, ઉપશમ વેદક અને ક્ષાયક વેદક. વેદકની સ્થિતિ જઘન્ય ૧ સમયથી ઉત્કૃષ્ટ ૬૬ સાગરોપમ ઝાઝેરાની (ક્ષયોપશમ સમક્તિ આશ્રી.)

**(૫) સાસ્વાદન સમક્તિ –** ઉપશમ સમક્તિ પામ્યા પછી ત્રણ દર્શન મોહનીય ઉપશમાવેલ હોય છતાં અનંતાનુબંધી ચતુષ્કનાં જો ઉદય થઈ જાય તો સાસ્વાદન સમ્યક્ત્વ કહેવાય. મિથ્યાત્વ તરફ જઈ રહેલો જીવ સમ્યક્ત્વના કંઈક આસ્વાદવાળો હોવાથી એને આસ્વાદન સમ્યક્ત્વ કહેવાય છે. સમક્તિ ઉપશમ સમક્તિથી પડિવાઈ થઈ રહેલા જીવને જ હોય. તે પણ વધારેમાં વધારે આખા સંસારકાળ દરમ્યાન પાંચ જ વાર આવે. તેની સ્થિતિ જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ છ આવલિકા છે. (આવલિકા એટલે સેકંડનો ૯૭૧મો ભાગ).

સમ્યક્ત્વ દષ્ટિનો કાળ સાદિ અનંત અને સાદિ સાંત છે. ક્ષાયક સમક્તિ સાદિ અનંત છે. બાકીના સમક્તિ સાદિ સાંત છે.

**(૨) મિથ્યાદષ્ટિ** – જેની દષ્ટિ મિથ્યા અર્થાત્, વિપરીત હોય તે મિથ્યાદષ્ટિ કહેવાય છે. આત્મભાનથી શૂન્ય બાહ્ય જગતમાં જ પુરુષાર્થ કરનાર શરીરાદિ પર્યાયોમાં રત રહેનાર મિથ્યાદષ્ટિ ગણાય છે. મિથ્યામોહનીય કર્મના ઉદયથી વશીભૂત જીવ મિથ્યાદષ્ટિ કહેવાય છે. વિતરાગની વાણીમાં ઓછી, અધિકી કે વિપરીત પ્રરૂપણા કરવી તે મિથ્યાદષ્ટિ છે. જેમકે જીવતત્ત્વ માટે કહે કે જીવ અંગુઠા માત્ર છે. દીપક માત્ર છે. શામા માત્ર છે. એ ઓછી પ્રરૂપણા કરી કહેવાય, એક માત્ર જીવ બ્રહ્માંડમાં વ્યાપીને રહ્યો છે તે અધિકી પ્રરૂપણા કરી કહેવાય. અને જીવ પાંચ ભૂતમાંથી ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, એ વિપરીત પ્રરૂપણા કહેવાય. કુદેવ, કુગુરુ, કુધર્મમાં શ્રદ્ધા રાખવી તે મિથ્યાદષ્ટિ છે. મિથ્યાદષ્ટિને કારણે જીવ પરપદાર્થોને પણ પોતાના માને છે.

સત્ અને સત્‌રૂપે ન જાણે તે મિથ્યાદષ્ટિ કહેવાય કે મિથ્યાતત્વ પણ કહેવાય છે. મિથ્યાદષ્ટિ જીવ ત્રણ પ્રકારના હોય છે. (કાળ

આશ્રી.)

**(૧) અનાદિ અનંત** – જે અનાદિકાળથી મિથ્યાત્વી છે અને અનંતકાળ સુધી મિથ્યાત્વી રહેવાના છે. જેમ કે અભવ્યજીવ.

**(૨) અનાદિ સાંત** – જે અનાદિકાળથી મિથ્યાત્વી છે પણ ભવિષ્યમાં જેને સમક્તિ પ્રાપ્ત થશે તે ભવ્ય જીવ આશ્રી.

**(૩) સાદિ સાંત** – જે સમ્યક્ત્વને પ્રાપ્ત કર્યા પછી પાછા મિથ્યાદષ્ટિ બની ગયા છે અને ભવિષ્યમાં ફરી સમ્યક્ત્વને પ્રાપ્ત કરશે એનો કાળ જઘન્ય અંતમુહૂર્ત ઉત્કૃષ્ટ અનંતકાળ વ્યતીત થયા પછી સમક્તિ થાય.

**(૩) મિશ્રદષ્ટિ કે સમામિથ્યાત્ત્વદષ્ટિ** – મિશ્ર મોહનીય કર્મના ઉદયથી વશીભૂત જીવ મિશ્રદષ્ટિ કહેવાય છે. સમક્તિ કે મિથ્યાત્વની જાણકારીનો મિશ્ર પણ નિર્ણય એકેયનો નહીં એવી અવસ્થા તે મિશ્રદષ્ટિ. જેને તત્ત્વ પ્રત્યે રૂચિ પણ નથી અને અરૂચિ પણ નથી એ મિશ્રદષ્ટિ કહેવાય. મિશ્રદષ્ટિ જઘન્ય. ઉત્કૃષ્ટ અંતમુહૂર્ત સુધી જ રહે છે. પછી જીવ કાં તો સમ્યક્દષ્ટિ થઈ જાય છે કે પછી મિથ્યાદષ્ટિ થઈ જાય છે.

આમ ત્રણ દષ્ટિની સામાન્ય વ્યાખ્યા કરી વિશેષ વર્ણન આવતા અંકમાં કરવામાં આવશે. (ક્રમશઃ)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

# શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

**ગાથા - ૩૮**

**હસ્તિ ભયનાશક**

**શ્ચ્યોતન્ મદાવિલ-વિલોલ કપોલ-મૂલ**
**મત્તભ્રમદ્ ભ્રમર – નાદ – વિવૃધ્ધ કોપમ્ ।**
**ઐરાવતા ભમિભમુધ્ધત માપતન્તં**
**દૃષ્ટ્વા ભય ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥૩૮॥**

ભાવાર્થ : હે અભયદાતા પ્રભો! ઝરતા મદથી મલિન થયેલ. તેમ જ ચંચલ ગંડસ્થલવાળા તથા તેના પર મેલા મદના કારણે ઉન્મત્ત થઈને ફરતા ભમરાઓના ગુંજારવથી જેનો ક્રોધ વધી રહ્યો છે જે ઐરાવત હાથી સમાન છે. એવા ઉધ્ધત હાથીને સામે આવતા જોઈને પણ જેઓએ આપનો આશ્રય લીધો છે તેવા ભક્તજનોને જરાપણ ભય લાગતો નથી.

વિવેચન : પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ મદોન્મત્ત ભયજનક ગજરાજનો ઉલ્લેખ કરી તેનાથી ભયભીત થયેલ મનુષ્ય કેટલો નિર્ભય બની જાય છે, તેનું વર્ણન કર્યું છે. પ્રાચીનકાળમાં મોટી અટવીઓને પાર કરવામાં હાથી આદિનો ઉપદ્રવ રહેતા, તે બધાથી મુક્ત થવા માટે સંતો ગુરુમંત્ર આપતા હતા. પ્રસ્તુત શ્લોકમાં હાથીને લક્ષ્ય કરીને નિર્ભય થવાનો મંત્ર પ્રદાન કરેલ છે. અર્થાત્ નિર્ભય થવાની સાધના બતાવી છે. કવિશ્રીએ મદોન્મત્ત હાથીનું ચિત્રણ દર્શાવી તેના દ્વારા મનુષ્યના આધ્યાત્મિક વિકારી કે અવિકારી ભાવો તેમના પૌદ્ગલિક શરીરમાં પણ પ્રવાહિત થઈને પ્રગટપણે પોતાના ગુણોનો પણ આવિર્ભાવ કરે છે, તેનું સુંદર વિવરણ કર્યું છે.

શ્લોકના પ્રારંભમાં જ 'શચ્યોતન્ મદ' શબ્દ હાથીના અભિમાનને પ્રગટ કરવા માટે મૂકવામાં આવેલ છે. 'શચ્યોતન્ મદ' અર્થાત્ ઝરતા મદનો પ્રવાહ. જેના દ્વારા કવિશ્રીએ પ્રકૃતિના નિયમની લીલા તરફ પણ સંકેત કર્યો છે કે પ્રકૃતિ સ્વયં આંતરિક ભાવોને પદાર્થ ઉપર કેવી રીતે અંકિત કરે છે. જેમ બાવળના વૃક્ષમાં પરિપાક થાય, ત્યારે તેના સ્કંધમાંથી ઘાટોરસ – ગુંદર રીતે પ્રગટ થાય છે. અને એ ગુંદરથી ઘણાં ઔષધીય લાભ મળે છે. ગુંદર પણ તે જીવાત્માના કોઈ આંતરિક ભાવોનું પરિણામ છે. તેમ હાથીના ગંડસ્થલમાં પ્રગટ થયેલો મદ પણ પોતાના વિશેષ ગુણો ધરાવે છે. અને જ્યારે હાથી પોતાની પ્રચંડ કાયાના અભિમાનથી અને તેના દૈહિક ભૌતિક પરિબળથી પોતાને જ પ્રભાવિત કરે છે ત્યારે તેના મદનો પારો ઉપર ઊઠે છે. અને આ મદ તેના ગંડસ્થલમાંથી ઝરવા માંડે છે. મદના રજકણોનો ગુણધર્મ ભલે અલગ હોય પરંતુ આ મદ ગજરાજના આંતરિક ભાવોને પણ પ્રદર્શિત કરે છે. જો કે વિશ્વના કોઈ પણ પ્રાણી જ્યારે પોતાના આંતરિક ભાવોથી આચ્છાદિત થાય છે, ત્યારે તેના દ્રવ્ય ભાવો પણ સાકાર બનીને દશ્યમાન થાય છે. એટલા માટે જ કવિશ્રીએ પણ અહીં મદમાં ઝૂલી રહેલ ગજરાજનું તાદશ્ય ચિત્ર આલેખી તેમની કવિત્ત્વશક્તિનો પણ પરિચય કરાવ્યો છે.

ત્યાર પછી કવિશ્રીએ 'આવિલ' મદની વાત કરી છે. 'આવિલ' એટલે રૂપ-રંગથી મેલો. મદ જ્યાં ઝરે છે. તેનું સ્થાન કપોલ છે. ગંડસ્થલના મૂળમાંથી ઝરતો મદ કોઈ નિમિત્તોથી મેલો થઈ હાથીના બદરૂપમાં વધારો કરે છે. એટલું જ નહીં આવિલ રસના પિપાસુ

ભમરાઓ ચારે તરફ ભ્રમણ કરી ગુંજાયમાન બની હાથીને છંછેડે છે, જેથી હાથી વધારે કોપાયમાન બન્યો છે. મદથી માન પેદા થયું છે, અને ભમરાઓથી ક્રોધ ઉત્પન્ન થયો છે, આમ હાથી બે વિકારી ગુણોનો શિકાર બન્યો છે. જાણે કે અત્યારે આ બે ક્ષણિક દંતશૂલ પ્રગટ થયા હોય એવું દૃશ્ય ઉદ્ભવે છે. તેથી હાથી શું કરવું કે શું ન કરવું? એવા આંતરિક બળના પ્રભાવે એક પ્રકારે ગર્જના કરી રહ્યો છે.

પ્રસ્તુત શ્લોકનાં ત્રીજા પદમાં આ ઉધ્ધત હાથીને કવિશ્રી ઐરાવત જેવો ગણાવે છે. દેવતાઈ હાથીને આમ તો ઐરાવત કહેવામાં આવે છે. કે જે કેટલાક દિવ્ય ગુણોથી અલંકૃત હોય છે. પરંતુ અહીં સ્તુતિકારે ઉધ્ધત હાથી સાથે તેની તુલના કરી વિપરીત ગુણાલંકારનો ઉપયોગ કર્યો છે. આ અલંકારમાં કાવ્ય અસામ્ય ગુણો વચ્ચે સામ્યગુણોનો સ્પર્શ કરે છે. જેમ ઐરાવત દિવ્યગુણોથી શોભે છે, તેમ આ ઉધ્ધત હાથી પોતાની આસુરી વૃત્તિથી શોભી રહ્યો છે. ઐરાવત હાથી વિવેકની સીમાને ઓળંગતો નથી, જ્યારે ઉધ્ધત હાથી દરેક પ્રકારની સીમા ઓળંગીને નિર્ભયભાવે આવી સામે ઊભો રહી જાય છે. એટલે જ કવિશ્રીએ અહીં 'આપતન્તમ્' શબ્દ પ્રયોગ કર્યો છે.

કવિશ્રીએ ત્રીજા પદમાં હાથી અને ભક્ત એમ સામ-સામે બે પક્ષ ઉપસ્થિત કર્યા છે. એક પક્ષમાં હાથીનું અભિમાન, ક્રોધ અને હિંસક ભાવો છે. ઊધું-ચત્તુ કરવા માટે હાથી ગરજી રહ્યો છે, જ્યારે બીજા પક્ષમાં ભક્ત ગભરાઈને ચૂપચાપ ઊભો છે. કિં કર્તવ્યમૂઢ જેવી તેની પરિસ્થિતિ છે. ત્યારે કવિશ્રી કહે છે કે, આવી કઠિન પરિસ્થિતિમાં હે પ્રભુ! તમારું નામ માત્ર એક આધાર છે. અર્થાત્ પરમાત્માનો જ આશ્રય કરવાનો રહે છે. ત્યારે ભક્તને પણ એક જ ઉપાય દેખાય છે, અને મનમાં પ્રભુનું સ્મરણ થતાં તે પરમાત્માને આશ્રિત થઈ જાય છે. મનોમન પ્રભુનું સ્મરણ થતાં જ 'મિત્તિ મે સવ્વભૂએષુ'ની ભાવના ભક્તના હૈયામાં પ્રગટે છે. જગતના સર્વ પ્રાણી મારા મિત્ર સમાન જ છે પછી ભય શાનો? આવી અભયની ભાવના પરમાત્માના શરણે જનાર ભક્તના દિલમાં પ્રગટે છે.

અને ખરેખર! ચમત્કાર થાય છે. ભક્તનો ભય ભાગી જાય છે. તેને પ્રચંડ હાથી એક ગાય સમાન દેખાય છે. તેને કોઈ જાતનો ભય રહેતો નથી. હાથી હાથીના રસ્તે ચાલ્યો જાય છે. અને ભક્ત પોતાના રસ્તે ચાલ્યો જાય છે. તેને પ્રભુ પ્રત્યે વિશ્વાસ અને અનન્ય શ્રદ્ધા છે. પરમાત્માનું નામ સ્મરણથી તેની રગેરગમાં શક્તિ પ્રગટ થાય છે, તેથી તેની સામે ગમે તેવી વિકટ પરિસ્થિતિ હોવા છતાં તે મનથી ભયાક્રાંત થતો નથી. એટલે જ સ્તુતિકાર કહે છે કે, આ તો હાથીનું એક માત્ર નામ છે. બાકી તો હે પ્રભુ! આપનો આશ્રય કરનારને કોઈ પણ પ્રકારનો ભય રહેતો નથી. ગમે તેવી પરિસ્થિતિમાં પ્રભુનું દર્શન કે પ્રભુનું શરણું અભય આપનારું છે. આમ પ્રસ્તુત શ્લોકમાં ભયંકર હાથીનો સામનો કરવા માટે પ્રભુનું દર્શન કે નામ સ્મરણ માત્ર જ પર્યાપ્ત છે. તેવું જણાવી કવિશ્રીએ અહીં પ્રભુના નામનો ચમત્કાર દર્શાવ્યો છે.

પ્રસ્તુત શ્લોકમાં છાયાવાદનું અવલંબન લઈને આધ્યાત્મિક ભાવોને ઉજાગર કરવામાં આવ્યા છે. હાથી ખરેખર તો અંદરના કોઈ પ્રચંડ વિકારી ભાવનું રૂપક છે. કે જે મનુષ્યની સાધનાનો ભંગ કરી શકે છે. એટલે જ સ્તુતિકાર પરોક્ષભાવે કહે છે કે આવો પ્રચંડ વિકારીભાવ, અહંભાવ કે ક્રોધની પ્રબળતાએ ઘણા સાધકોને ભયભીત કરી પરાસ્ત કર્યા છે. પરંતુ જે સાધક અરિહંતદેવને આશ્રિત છે, જેણે શુદ્ધાત્મ રૂપ અરિહંતનું અવલંબન લીધું છે, તેવા ભવદાશ્રિત આત્માઓ નિર્ભય બની જાય છે. ક્રોધાદિ અહંકાર ઉદય પામીને ખરી પડે છે, સત્તાના ક્ષેત્રમાં જ નષ્ટ થઈ જાય છે. જેથી સાધક નિર્ભય બનીને પ્રભુના ચરણ સુધી પહોંચી જાય છે. બાહ્ય હાથી કરતા આભ્યંતર હાથીને પરાસ્ત કરવો, તે જ આ શ્લોકનું હાર્દ છે.

કવિશ્રી પણ નિર્ભય બની અરિહંત પ્રભુનું અવલંબન લઈને ભક્તિભાવમાં તલ્લીન બની આગળ વધી રહ્યા છે.

**ઋદ્ધિ :–** ॐ ह्रीं अर्हं णमो मणबलीणं।

**મંત્ર :–** ॐ नमो भगवते महा-नाग-कुलोच्चाटिनीकाल-द्रष्ट मृतकोत्थापिनी पर-मंत्र प्रणशिनी देविदेवते ह्रीं नमो नमः स्वाहा। ॐ ह्रीं शत्रुविजयरणरणाग्रे ग्री ग्रः नमोनमः स्वाहा।।

**વિધિ-વિધાન :** પવિત્ર થઈને પીળા વસ્ત્ર ધારણ કરી ઉત્તર દિશાની તરફ મુખ રાખી યંત્ર સ્થાપિત કરવું. યંત્રની પૂજા કરવી. ત્યાર પછી પીળા આસન ઉપર બેસી પીળી માળા દ્વારા એક હજાર અને આઠ વાર ઋધ્ધિ-મંત્રનું સ્મરણ કરી મંત્ર સિદ્ધ કરવું.

**ફલાગમ :** આડત્રીસમી ગાથા, ઋધ્ધિ તથા મંત્રનું વારંવાર સ્મરણ કરવાથી તેમ જ યંત્ર પાસે રાખવાથી મદોન્મત્ત હાથી વશમાં થાય છે. તેમ જ અર્થની (ધનલાભ) પ્રાપ્તિ થાય છે.

શ્રી ભક્તામર સ્તોત્રની ૩૮મી ગાથાનું સ્મરણ કરવાથી શું લાભ થાય તે દર્શાવતી એક પ્રાચીન કથા –

**શેઠ સોમદત્તની કથા :**

ઘણા વર્ષો પહેલાની વાત છે. વીરપુરનગરમાં રાજા સોમદત્ત રાજ્ય કરતા હતા. એમને સુખાનંદ નામનો એક જ પુત્ર હતો ને તે

પણ દુરાચારી અને જુગારી હતો. એની કુસંગતિ અને દુરાચાર જોઈને પડોશી રાજાએ સોમદત્ત રાજાની સારી સંપત્તિ લૂંટી લીધી તેમ જ તેમને ગાદી પરથી ઉતારી મૂક્યા. જેથી સોમદત્ત રાજા પહેલા તો કુપુત્રથી અને હવે દરિદ્રતાને કારણે નિરાધાર બની ગયા અને ખૂબ ઉદાસ-ઉદાસ રહેવા લાગ્યા.

એક વાર બિચારા સોમદત્તજી સ્વામીવર્ધમાન મુનિના દર્શન-વંદન કરવા ગયા. મુનિના વંદન-નમસ્કાર કરી તેમણે પોતાની સારી દુર્દશાની વાત કરી. તેમ જ પોતાની દરિદ્રતા દૂર થાય તેવી કૃપા કરવાનું પણ કહ્યું. ત્યારે પેલા કૃપાળુ મુનિરાજે તેમને શ્રી ભક્તામર સ્તોત્રની ૩૮મી ગાથા વિધિવિધાનપૂર્વક શિખવાડી. તેમણે પણ પૂરી શ્રદ્ધાથી સારી રીતે શ્રી ભક્તામરની ૩૮મી ગાથાનું આરાધન કરી મંત્રસિદ્ધ કરીને ધનની ચિંતામાં હસ્તિનાપુર ગયા.

હસ્તિનાપુરના રાજા વિજયસેન પાસે એક વિશાળ મદોન્મત્ત હાથી હતો, જે ઘણો જ પ્રચંડ અને ઉદ્દંડ હતો. એક દિવસ તે મહાવતોની અસાવધાનીના કારણે છૂટો થઈ ગયો અને શહેરમાં પ્રવેશ કરીને ચારેબાજુ ઉત્પાત મચાવવા લાગ્યો. સેંકડો નર-નારીઓને તેણે ઘાયલ કર્યા. હજારો દુકાનો કચડી નાંખી. રસ્તાની બન્ને બાજુ રહેલ વૃક્ષોને ઉખેડી-ઉખેડી આમતેમ ફેંકવા લાગ્યો. લોકો ભયભીત બની આમ-તેમ દોડવા લાગ્યા. ચારેકોર અંધાધૂધી ફેલાઈ ગઈ. લોકોને ઘરથી બહાર નીકળવાનું અસંભવ બની ગયું.

રાજા વિજયસેન અને એની સેનાએ વિધ-વિધ પ્રકારથી હાથીને કાબૂમાં લેવાના પ્રયત્નો કર્યા, પરંતુ બધા જ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. છેવટે તેમણે હારીને ઘોષણા કરી કે, "જે કોઈ હાથીને વશ કરી શકશે, તેની સાથે હું મારી પ્રિય પુત્રીના વિવાહ કરાવીશ. તેમ જ તેને રાજ્યનો ચોથો ભાગ આપીશ." આ શર્ત જ્યારે સોમદત્તે સાંભળી, ત્યારે તેમણે 'શ્ચ્યોતન્મદા' વગેરે ૩૮મી ગાથાનું સ્મરણ કરી હાથીના કાન પકડી લીધા. અને તેના પર સવાર થઈ દરબારમાં ગયા. રાજા આ જોઈને ખૂબ જ ખુશ થયા. પરંતુ તેમનું કુલ-જાતિ વગેરેની કાંઈ પણ ખબર ન હોવાથી પોતાની પુત્રી આપવાને બદલે મન માગ્યું ધન આપવાનો નિશ્ચય કર્યો.

બીજી બાજુ રાજકુમારી મનોરમાની દૃષ્ટિ સોમદત્તજી પર પડી, તો મદનના પ્રકોપથી તે વિહ્વળ બની ગઈ અને અચેતન બની ભૂમિ પર પડી ગઈ. અર્થાત્ બેહોશ થઈ ભૂમિ પર પડી. ત્યારે આ જોઈ રાજા ગભરાઈ ગયા. રાજકુમારીની બેહોશી દૂર કરવા અનેક ઉપાયો કર્યા. પરંતુ એક પણ ઉપાય કામયાબ ન થયો, અને મૂર્છા તો વધતી જ ગઈ. ચિંતિત રાજાએ ન છૂટકે ઘોષણા કરી કે, જે કોઈ મનુષ્ય રાજકુમારીને સચેત કરી આપશે, તેને હું મારી આ પુત્રી તેમ જ અડધું રાજ્ય આપીશ. ત્યારે સોમદત્તજી ફરીથી ૩૮મી ગાથાનું મનમાં સ્મરણ કરી રાજાની સાથે રાજકુમારી પાસે ગયા. રાજકુમારી તેમને (સોમદત્તજી) જોઈને જ સચેત બની ગઈ. અને બોલી, "અહીં આટલી બધી ભીડ કેમ જમા થઈ છે? મને સ્નાન કરાવો, ભૂખ લાગી છે."

આ ચમત્કાર જોઈને મંત્રીએ સોમદત્તજીનો પરિચય પૂછ્યો. તેમની જાતિ-કુલ વગેરે સારો વૃત્તાંત જાણવા જણાવ્યું. ત્યારે તેઓએ સવિસ્તાર પોતાની સારી વાત કહી સંભળાવી. જે સાંભળીને રાજા વિજયસેન ખૂબ પ્રસન્ન થયા. તેમ જ પોતાની પુત્રી મનોરમાના વિવાહ સોમદત્તજી સાથે કરાવ્યા અને પોતાનું અર્ધું રાજ્ય પણ સોંપ્યું. ત્યારે રાજા સોમદત્તજીને મનોરમા જેવી રાણી મેળવીને ખૂબ હર્ષ થયો, એટલું નહીં પોતાના સારા કુટુંબને વીરપુરથી હસ્તિનાપુર બોલાવી લીધા. અને શ્રેણિક રાજા તેમ જ રાણી ચેલણાની જેમ રાજ્ય-ભોગ કરીને ગૃહસ્થ ધર્મ પાલન કરવા લાગ્યા.

જુઓ! રાજા સોમદત્તને શ્રી ભક્તામરની એક ગાથાના પ્રભાવથી કુબેર જેવી સમ્પદા અને ઈન્દ્રાણી જેવી મનોરમા પત્ની પ્રાપ્ત થઈ. ખરેખર, શ્રી ભક્તામરની એક-એક ગાથા પણ અમૂલ્ય છે. અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : khimji_chhadwa@yahoo.com

# મૈત્રીથી પ્રેમ તરફની પાવક યાત્રા

## તખુભાઈ સાંડસુર

ગુલઝારના શબ્દો છે કે' જિંદગી તું ગમે તેટલી ખૂબસુરત કેમ ન હોય, પણ ખુશમિજાજ દોસ્તો વગર સારી નથી લાગતી'. મૈત્રી એટલે સમ્યક્ વિચાર, આચાર અને વ્યવહારનો સમન્વય. મૈત્રી સમય-સંજોગો કે પછી અન્ય કોઈ પાસાને વિચાર્યા વગર ફૂટી પડનારો નિત્ય ઉત્સવ છે. ત્યાં છે એકમેકના ભાવો-પ્રતિભાવો અને સ્નેહના તંતુઓનું સાંધણ છે. જીવનની ગલીકુંચીમાંથી પસાર થતાં દરેક પગદંડીઓ અલગ-અલગ પ્રકારના ફૂલોથી સજાવેલી હોય છે, તેના સહયાત્રીઓ, સહપંથીઓ આ યાત્રાને મનોહર તો બનાવે જ છે. પરંતુ વાટનો થાક તો ન લાગે અને વિસરવી ન ગમે તેવી બનાવે! ઉત્તમ મૈત્રી થાક ઉતારે અને આનંદનો પાક સૌને વહેંચે છે.

સખ્યભાવએ જીવનનો સૌથી શ્રેષ્ઠ ભાવ છે. તેવી સખ્યતા આપદ્કાળમાં કર્તવ્ય બનીને ઉભી રહેતી હોય છે. દ્રોપદી જ્યારે પોતે જેની આશ્રિત છે તે બધા નીર્વીર્ય થઈ, મૌનની મુરત બની જાય છે ત્યારે સખા કૃષ્ણ જ ઔષધિ બનીને આવી પહોંચે છે. બસ તે છે દોસ્તીની દિલદારી અને તેની ખરી ઓળખાણ. સંબધો આફતમાં મૂળસ્વરૂપે પ્રગટે છે. કોઈ મુશ્કેલી કે દખના દાડા દફન થાય પણ સંબંધનું ખરાપણું ત્યારે ભળકડુ કરે.

મૈત્રી સમજણ છે, તો પ્રેમ એ ગાંડપણ છે. મૈત્રી મર્યાદાનું સ્વરૂપ છે, ત્યાં અસ્ખલિત ઉતાવળ કરવાની છૂટ નથી. અહીં આવતાં પુરના પોરસપટ્ટાઓ સીમારેખાને ઓળંગી શકતા નથી. પ્રેમમાં પોતાની જાતને પણ ખપાવી દેવાની કે ખોઈ નાખવાની સંપૂર્ણ હળવાશ હોય છે. મૈત્રીને લાગણીનો વીરડો ગણો તો પ્રેમને પ્રેમના મહાસાગર તરીકે ઓળખાવી નવાજવો પડે. મૈત્રી સિક્કાની બે બાજુ ગણો પણ પ્રેમમાં કોઈ બાજુ ન હોય પણ ફક્ત એકાકાર હોય. આ એકરૂપતા ખુશનસીબને હાથ લાગે અને લાગે પછી તેનો ધોધ અને ધખારો સતત ઝીલવાની તાકાત પણ કેળવવી અઘરી, અસામાન્ય હોય છે.

મૈત્રીએ પ્રેમનો પ્રારંભ છે પરંતુ પ્રેમ લાગણીઓનો અંત નથી. જ્યાં સામાજિક સંબંધોનું અલ્પવિરામ આવી જાય ત્યાં મૈત્રીના સંબંધો નેતૃત્વ કરતાં હોય છે. મૈત્રી ન્યોછાવર થવામાં કે આપદ્કાળમાં હંમેશા અગ્રેસર હોય છે. પ્રેમ મૈત્રી પાસે ક્યારેક દયામણો દેખાય છે. આપણી પ્રાચીન પરંપરાઓમાં અને સાંસ્કૃતિક ધરોહરમાં કૃષ્ણની મૈત્રી કદાચ 'ન ભૂતો ન ભવિષ્યતિ' તેવી કહી શકાય. તેમણે સુદામાને પણ અસ્ખલિત રીતે વહાલ વરસાવીને મૈત્રીનો દરિયો કેટલો ઊંડો હોય તેની સુંદર સાબિતી આપી છે. સુદામાના તાંદુલ આરોગતાં આરોગતાં રુકમણી વગેરે પણ અકળામણ અનુભવવા લાગે તે પ્રકારનો પ્રેમ કરનારો માણસ તમને આ દુનિયામાં મૈત્રીનો રોલ મોડલ ક્યાં મળે? કૃષ્ણ એમ તો જ્યાંથી લઈએ ત્યાંથી મીઠો અને મધુર લાગે છે. તો પણ માત્ર તેમને મૈત્રીના ચોકઠામાં મૂકી દેવાની પણ આપણે ગુસ્તાખી કરી શકીએ તેમ નથી. પણ તેમનું સઘળું માધુર્ય મૈત્રીમાંથી વહેતુ ખળખળ ઝરણું છે. રાધા સાથે દોસ્તી અને પછી તે સંબંધોને કન્વર્ટ થવામાં કોઈ સમય લાગે છે?

બસ બધાં રસ્તાઓ થકાવટનો અનુભવ કરાવે છે પરંતુ મૈત્રીથી પ્રેમ સુધીમાં એક જ અનુભવ ન થકાવટ ન રુકાવટ પણ મઘમઘાહટ. ડેસ્ટિનેશન હંમેશા દૂર લાગે પરંતુ આ સ્થળ એવું છે કે જ્યાં પહોંચ્યા પછી ખબર પડે કે યે કહા આ ગયે હમ! જીવનના આ માધુયે રસને જાળવી રાખવામાં અને મમળાવવામાં પણ મજા છે પ્રેમ દેવો ભવ.

મરમ વાત.

**कुछ लोग खुदा की रहमत से नसीब होते हैं।**
**कोई रिश्ता भी नहीं, पर बहुत करीब होते हैं।**

***– राजेश तिवारी***

## Lokaswaroop Bhavana :
# Reveal The True Nature Of the Universe

**Prachi Dhanvant Shah**

***"This innocent soul is ignorant of its origin and existence"***

Don't we often wonder where we came from? What was our life like at our last birth? Where would we go from this birth? Of Course, this relates to our soul and not our physical body! Jain philosophy explains that this soul transmigrates from one birth to another as per the karma attached to its soul and pertains to one destiny (Gati) to another unless the soul is free from all the karmas and attains liberation. i.e., as explained by Jain philosophy, there are four Gatis - Human, Plant or animal, Heavenly being, and Hellish being, every soul emigrates through these Gatis unless and until it detaches all the attached Karmin particles. We also might try to illustrate these Gatis and wonder about the structure of this Universe. This structure is described as Lok in Jain philosophy. Our universe is truly an architectural marvel and through the study of Cosmology and layout of Lok (Universe), as explained by Jain doctrines, we can extricate our baffled mind from such questions and baffles.

Bhagwaan Mahavir when attained Kevalgyaan and pronounced the right knowledge through his first sermons (Deshana) he emphasized this ignorance of the soul being unaware of its existence and its advent into this universe. This led to the structural layout of this Universe through which one can discern the existence of the cosmos. This Jain terminology is described as Lok Swaroop which comprises 14 Rajlok. In other words, Lok Swaroop is the framework of this universe. Through this comprehensive understanding, one can identify the purpose of their existence and understand the true nature of its soul. That being said this knowledge would emphasize one's determination to strive on the path of liberation and spiritual upliftment. “Let the soul decide where it ought to lead”.

In life, to attain the right path and seek liberation, it is very much vital to implement what is worthy of knowing, what's worthy of leaving and what is worthy of following. Once we identify and implement this in life, one can get a brighter picture and solution to living an ideal life so as to attain liberation from the cycle of birth and death. But to visualize and parenthesize the same, one needs to cogitate and analyze the existence of its soul. Decide in which direction you want your soul to lead and where do you want your soul to reside. For instance, when you go on a trip and you have a list of destinations to visit but based on your choices and feasibility, you would want to choose the destination. And then you would want the proper direction and map to reach the said destination. Similarly, in this universe, it is up to us to decide where we would want our soul to dwell and how can we attain the eligibility to implement the same. But before we analyze the same, we need to have a map of this universe, and to explain this map, Jain doctrines have elaborated the framework of this universe which is termed as Lok. It is well said that “While great art makes you wonder at times, a great design makes things clearer”. Contemplation and desire to follow the right knowledge and path in life might make you wonder as to how-to, and where to, but a clear layout and design of this universe would certainly make things clearer and wiser. One of the Bhavnas as illustrated in Jain philosophy is Lokswaroop Bhavna which is relevant to the nature of Lok, and contemplation of this Bhavna augments our mind and invigorates the reason why we must strive hard to attain Nirvana or Moksh. But to contemplate this Bhavna, we must first understand the layout and outer structure of this Lok - Universe. It is essential to gain knowledge of this cosmos before we contemplate attaining liberation. Without the right knowledge, persuasion and practice are ineffectual.

**LOK (Cosmos) :** One of the Jain logos itself represents the structure of Lok which resembles the shape of a man standing with legs wide apart and arms around his waist resting. This structure is broad at the top, narrow in the middle, and again broad at the bottom. It is explained that this universe is filled with substances called “Dravya” which are further broadly categorized into Jiv ( Living beings) & Ajiv (non-living beings). The elements of Lok which are identified as six substances - Dravyas are - Dharmastikaay( Principle of Motion), Adharmastikaay ( Principle of Rest), Akashaktikaaya (Space), Pudgalakastikaaya (matter), Kaal (Time) & Jivastikaaya ( Living beings ). Here Dharmastikaay and Adharmastikaya themselves are not motion and rest respectively, but they facilitate mode of motion and rest to other bodies such as soul or materials and they are believed to pervade the entire universe. Pudgal, which is the matter, is predominant with the basic fundamental qualities of touch, taste, color & smell. Kaal, which is time, represents change & Jivastikaaya beholds the basic quality of consciousness. All living beings are blessed with this sense of Conciousness. Beyond or around this Lok exists Alok (Supracosmos) which is filled with only one substance and that is Akash (Space) and is infinite. All these Dravyas are enduring, immortal, and indestructible but are bound to undergo transformation.

The structure of Lok is divided into three levels:

on top is the Urdhva Loka (upper cosmos) where heavenly beings (Dev) exist, then the Madhya Loka (middle cosmos) where humans, plants, animals, etc. resides, and Adho Loka (lower cosmos) which earmarks hellish (Daanav) beings. The pinnacle of the upper cosmos remarks Siddhashila which beholds liberated souls (Siddhas). This is a place where enormous liberated souls reside in the state of bliss. Siddhashila is in the shape of a half-moon arched upward and is made up of Prithvikaaya Jeev - Ekindriya Jeev ( one sensed being). These Ekindriya Jeevs , though they are in the place of Siddhashila, cannot attain liberation and Moksh. The primary reason being they are one sensed and they do not have the sense or desire to attain moksha, they do not have consciousness, and are mithyatva. But, we as humans are blessed with this sense, and hence Siddhashila is the place where every soul should strive to be in and escape the cycle of death and birth. However, this would be feasible only by giving up Raga (attractions/greed) & Dwesha (aversion/avoidance) & pursuing the path of spirituality with Samyakgyan (knowledge), Samyakdarsh, and Samyakcharitra (right conduct). Immersing in the process of identifying our soul through interrogation and seeking bliss within oneself and not outside. The upper cosmos - Urdhva Lok which consists of 26 Devlok in all (12 Devlok, 9 Greveyak, and 5 Anuttar Vimans) is the place where the soul after attaining Samyaktva can revel in abundant pleasure. Though the only drawback in Urdhva Lok is that the soul does not possess the quality of “Tyaag”, which apparently is possible only in Madhya Loka (Middle cosmos) where human beings reside.

The middle level which is the narrower portion of Lok is the Madhya Lok which consists numerous amount of islands and oceans but primarily we need to emphasize only on 2.5 Dvips (Islands) on this Madhya Lok where humans exists. They are, - Jambudvip which is surrounded by Lavan Ocean(Salt – ocean), Ghatki Khand Dvip which is surrounded by the Kalodadhi ocean (Black sea), and the inner half of Pushkara Dvip which is surrounded by Puskaroda (Lotus Ocean). Human beings reside only on these 2.5 islands. The earth on which we dwell at the moment is a very minute portion on Jambudvip. Jambudvip can mainly be divided into three primary Kshetras (regions). The top is Airavat Kshetra where the 1-6 era of the time cycle goes on. In the center is Mahavideh Kshetra where only the fourth era of the time cycle goes on and is always inhibited by Tirthankar Bhagwaan. This place is always lived-in by a minimum of 20 Tirthankars or a maximum of 170 Tirthankars. At the bottom is Bharat Kshetra and here the 1-6 era of the time cycle goes on. This is the place we exist at the moment and also there exists 24 Tirthankars. The earth we reside on is a very tiny portion of this Bharat Kshetra. These kshetras are considered as Karma bhumi where there are possibilities of practicing austerities and spiritualities to seek liberation. And that being said, we yet have a choice and chance to choose a path that will take our soul on the course of liberation and escape the cycle of death and birth, escape sufferings.

In the structure of Lok, all the way at the bottom is Adho Lok (lower cosmos) which consists of seven hells. This place is dominated by Bhavanpati demigods and hellish beings. Adho Lok pertains to immense pain and suffering. In this universe, it might surprise us to learn that our soul has taken infinite times of births in all these Loks and this soul is constantly transmigrating in these realms. Only when this soul attains Samyaktva it would be eligible to escape this cycle of birth and death and attain Moksha.

Now that the structure of this universe is clearer, it prevails the fact that it is time for us to contemplate and decide where would we want our soul to be directed to and dwell? I am sure noone wants to go through the ongoing cycle of pain and suffering. As practice makes a man perfect, contemplation and interrogation lead the soul to the right path of spirituality to seek liberation. Jain philosophy, through Lokswaroop Bhavna, emphasizes the nature

of Lok and explains the fact that this universe, Lok, which is made up of the substances (Pudgal) and living beings (Jiv) are subject to the law of origin, existence, and destruction. Thus this cosmos is bound to modification and is transitory and hence it is fatal to get attached to worldly substances and materials which are frivolous. At the same time, it is also the fact that there is no eternal supreme power responsible for the existence of this universe and this cosmos operates on its own laws of nature. This universe is an uncreated and nondestructive entity as a whole. It might be challenging for some to accept this fact, as this universe has its own laws of operation and the innocent human mind is bound to understand that anything that is governed by set rules and regulations, has to be created by someone, leaving them in a dilemma to accept the fact that no one is a creator or destroyer of this universe. But at the same time, this human mind also accepts the fact proposed by science, as per the law of physics that energy cannot be created nor destroyed. Hence it is a conceivable fact that this universe is eternal, but the substances that are present in this universe are bound to change and transform. Our soul has to focus on the eternal universe and not on transitory substances. Contemplation of Lokswaroop Bhavna makes one realize the fact that how vast is this entire universe and how infinitely microscopic is our existence in this universe which facilities our mind and soul to focus on eternal bliss, attain samyaktva and seek absolute knowledge as explained by Bhagwaan Mahavir to pertain Moksha.

***The true nature of the soul is right knowledge, right faith, and right conduct. The soul so long as it is subject to transmigration is undergoing evolution & involution. - Virchand Gandhi***

✦ ✦ ✦

Contact: 49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
(+1-917-582-5643)

***Note : These days as science evolves and as per the research of many acharyas and scholars, there might be a lot of contradictory opinions on the structure of Lok. But with this article, I have just tried to express some knowledge on the Universe as proposed in Jain doctrines ( Aagams). Hence with my sincere heart, I seek forgiveness "Michaami Dukkadam" if by any means my words do not justify anyone's understandings & knowledge. Also, I express my sincere kritagyosmi to Samani Dr.Amal Pragyaji & Param Sambodhiji Mahasatiji for bestowing me with the knowledge & explanation on Jain Cosmology***

# Upadhyaya Yasovijayaji Maharaja - A Thinker

**Dr. Kamini Gogri**

He was born around V.S. 1675 in Kanoda (Gujarat). His father's name was Narayana & mother's Sobhagde. His first name was Jaswant. He was given LaghuDiksa at Patan by Guru Nyayavijaya who was also his Vidyaguru. He was named Jasavijaya Muni. His PakkiDiksa also took place in the same year, but Guru was Devasuri. He received Ganipada in V.S. 1701 and was given the name Yasovijayaji.In V.S. 1699, he performed Avadhana before the Sangha. SravakaDhanaji was so impressed with the Avadhana that he donated money for Muniji's further study at Kasi.

**In Kasi:** He thoroughly mastered the rich philosophical heritage of both the Digambaras and the Svetambaras and became well-versed in all contemporary systems of Indian philosophy like Nyaya, Mimamsa, Vaiseika, Sankha, JaiminiSiddhanta (PurvaMimamsa), Cintamani (Tattvacintamani of Gangesa), Buddha Siddhanta, Vedanta etc. under the teaching authority of AcaryaPrabhakara Bhatta,

also known as Kumaril Bhatta. In this respect he can only be compared with Vidyananda of 9th Cent. A.D. He was mainly known for his erudite scholarship. Yasovijayaji was awarded the title of 'Nyaya Visarada' and 'Tarkika' when he defeated one of the Sanyasis in disputation.

It is said that he had meditated on the mantra on the bank of the river Ganga when Goddess Saraswati gave him the boon of 'Tarka Siddhi' and Kavya Siddhi'. 'Sat-Grantha', which contains 2 lakh slokas with Mula and Tika, is attributed to him.

**In Agra:** From Varanasi, Yasovijayaji travelled to Agra city where he studied for four years under the authority of Nyayacandra and became a master in TarkaSiddhanta' and Pramana. His 'Pothi' composition was distributed among the school-going children by Agra Sangha. He defeated, in disputation, a famous poet of Agra, known as Banarasidasa, by becoming a critic on his philosophical point view. After that, the writings of both of them, seem to be presented in a similar form in 'Padyakriti'.

It is said that during Muniji's travel from Agra to Ahmedabad, many scholars were defeated by him in disputation. This showed the multi-faceted character of his intellectual personality.

**In Ahmedabada:** Muslim Minister MohabbataKhana was said to have eagerly awaited the arrival of Muniji in the city. As soon as Muniji arrived, he was invited to the palace where he performed 18 'Avadhanas' before the Minister and his multisided philosophical genius won him the degree of 'Aksobha Pandit' and was also graded as 'Upadhyaya / Vacaka' by his own Guru, Devasuri Maharaja in V. S: 1718.

Muniji was a great copywriter. His own composition 'Nyayacakravrtti', which contains 18,000 slokas in 309 pages with Mula& Tika, was written within 15 days with the help of his disciples. This is a historic record. It is said that his compositions were all written down by himself.

The reasons for him not being graded as an Acarya till his last days were; first, his Gacchadhipati was a powerful muni; second, he is said to have raised a hue and cry against backbiters against the will of his Guru; and last, he had very courageously pointed out the wrong activities of his Gacchadhipati. He had given a challenge to prove the same before the Sangha with the help of scriptures. As a result, some of the Sravakas became atheists and some of the Munis became Yatis, which meant, Muniji had committed a sin for which, he finally apologized in writing.

### As a Thinker:

1) He showed the insignificance of Kriyas and put emphasis on knowledge.

2) He pointed out the evils prevailing in the group.

3) He criticized the wicked ones.

4) He had a contact with Anadaghanji Maharaja, who is said to be excommunicated from his group..

5) He did not inspire the Sravakas to build temples etc.

With the above, he historians say, that he made more enemies than followers. Therefore, no one preserved his vast literature. His literature contains Stotras, Cauvisies, Sajjayas, Stavanas, Rasas, KatharatnaKosa, Philosophical views, etc. in 173 books, mostly in Sanskrit, Hindi & Gujarati.

### List of Yasovijayaji'sBooks :

01. AdyatmaPariksa
02. Adhyatma Sara
03. AdhyatmopanisatPrakarana
04. Adhyatmopanisat
05. AnekantaVyavasthaPrakarana
06. AnekantavadamahatmayaVimsika
07. Asprusyagativada
08. AstasahastriTatparyavivarana
09. Atmakhyati
10. Atmasaktiprakasa
11. AdyatmikamataKhandanaPrakarana
12. AdyatmamataPariksaVrtti
13. Aradhaka – ViorodhakaCaturbhangiPrwakarana
14. UtpadasiddhiVivaranaVadamala

15. UpadesaRahasya
16. UpadesaRahasyaPrakarana
17. Sivsarmaurikaruta 'Karma Prakrti' (Malayagiri Tika and Yasovijaya Tika)
18. KoopadrashantavisasiPrakarana
19. Jaina Tarkabhasa
20. JnanabinduPrawkarana (San.)
21. Jnanasara
22. DravyaGunaParyaya Rasa
23. Jambuswami Rasa
24. Godi Parsvanatha Stotra
25. Nyaya SiddhantaManjari
26. Anekantavada
27. Jaina TarkaParibhasa
28. Vicarabindu
29. Saptabhangi
30. Bara Bhavana
31. Sripala Rasa

**Adyatmopanisatprakarana :**

Adyatmopanisatprakarana is attributed to MahamahopadhyayaYasovijayaji, an outstanding Jaina saint. He flourished towards the end of 17th Cent. A.D. - beginning of 18th Cent. A.D. Some Jaina historians opine that he was the last great author, with whom ended the history of Jaina philosophical speculation. Gifted with multifaceted philosophical genius, Yasovijayaji enriched the Jaina philosophical thought with a number of original contributions. His writings, large in number and most diverse in contents, are a standing testimony to the multifaceted character of his intellectual personality. He has not given any new doctrine, but his originality lies in making clear to us, the meaning of the cardinal doctrines of old Jaina writers, often obscurely worded and often mutually conflicting. Even his independent writings are essentially an elaboration of and an indication of the traditional Jaina doctrines. However, the presentation of them is genuinely independent. The mystical side of his sainthood accompanied by philosophical height is not yet fully explored by the learned world.

He was extremely reconciliatory of all the systems of Indian philosophy. An attempt, which was started by SiddhasenaDivakara (Circa 5th Cent. A.D.) and Samantabhadra to reconcile different philosophical viewpoints, culminated in the writings of Yasovijaya. History of Jaina logical literature tells us that the texts belonging to this category are mostly devoted to the vindication of Anekantavada and general evaluation and reconciliation of non-Jaina philosophical viewpoints. In this book also he tried to uphold the same tradition. He does not stop there, but goes beyond and speaks like a complete mystic. This work is the product of the mature mind of the author, who has tasted the ambrosia of spiritual experience. In this matter, this work seems to be a later work of die author.

Adyatmopanisatprakarana is written in beautiful melodious Sanskrit in 209 verses and contains four chapters viz. Sastrayogasuddhi, Jnanayogasuddhi, Kriyayogasuddhi and Samyayogasuddhi. This is a very important work from the point of view Jaina philosophy and religion.

The work appears to be a spontaneous expression of a mystic mind in its attempt to realise the Supreme Soul. The underlying current of this work is UmaswatiVacaka's statement viz., 'Right Faith, Right Knowledge and Right Action (Conduct) are the means of liberation. He goes a step further and describes the state of Liberation or Moksa (state of Samata), which is a necessary consequence of following the path of liberation.

The first chapter is devoted to show the importance of Right Faith in the words of Jina; Right Knowledge is glorified in second chapter; importance of Action is described in third and the last chapter is dedicated to describe the state of Samata (Sameness), the undivided blissful state, which is the result of Right Faith, Right Knowledge and Right Action. These three gems together constitute one path and are to be simultaneously pursued. If one of them is absent, the faith of salvation is incomplete. Right Faith is responsible for placing a person on the right path. Right Knowledge illuminates the path

and Right Conduct leads to the goal. Thus, it is emphatically maintained that all these aspects must be present in a person if one is to reach his spiritual goal. It seems that on the basis of the foundation laid by Umaswati, Yasovijayaji has presented in such an independent way, that it is very difficult to say that he is propagating clearly. Let us make a chapter-wise survey to understand the mind of Yasovijaya.

In the beginning of the first chapter, he explains the correct meaning of the word Adhyatma. Adhyatma has two meanings. Evambhuta point of view (which declares that a thing bears a particular name only while it performs Action or Kriya which entitles it to bear that name, not always) means all kinds of religious or moral activities of the individual Jiva, which assist in the spiritual advancement of one's own Atman or Self. In the second case, Citta or Antakarana, which is purified by the practice of virtues in one's life, such as, friendliness, compassion etc., is entitled to be called as Adhyatma from the point of view of Vyavahara and Rjusutra. The first meaning is concerned with spiritual activity (Kriya) and the second is with internal purification (Bhava). But real meaning of Adhyatma is to be understood on the basis of Anekantavada, which is free from any kind of contradiction and reconciles different viewpoint. From Anekanta point of view, Adhyatma means combination of spiritual activities and the purification of Citta (i.e. Kriya & Bhava). Then he tells us that there are many things in the world that are beyond our sense organs and mere reason, which have to be understood with the help of scriptures (Agamas ) utilising reasoning. To achieve the highest goal, the knowledge of Sastra (authority) is essential. The scripture; which is possessed of the governing capacity and irreproachable power of protection, is called real Sastra and the Sastra is only the words of Omniscient and not any other: Since an untruth cannot come out of the mouth of passionless and desireless Jina, therefore, one must have the Right Faith in the words of the Omniscient. Untruth in his words is nothing but the exhibition of great ignorance. The Right Faith in his words is so powerful that it brings attainment of all kinds of Siddhis. In other words, the highest state can be obtained by having film faith in the words of Vitaraga, which is also called as eternal state, permanent abode, and peaceful state.

The question that arises is that there are many systems (and their Sastras) and on what basis can we consider that only the Jaina Sastras are the real Sastras? Is it not a narrow-mindedness to say that ours is the only right system? The answer of Yasovijayaji is that the statement i.e., 'Jina-Sasana is the real Sasana", is not made on the basis of sectarian approach, but on the basis of examination, purity and truthfulness of words of all the different systems (Sastras). Just as gold is tested on touch-stone by rubbing, cutting and heating, similarly, genuineness of Sastra is to be determined by Kasa, Cheda and Tapa. JinaSiisana alone can get through this severe method of examination. In Kasa-Suddhi, we have to see whether prescribed injunctions and prohibitions for one and the same act are non-contradictory or not! If these are non-contradictory, then it is real Sastra. For example, Jainism prescribes injunctions and prohibitions in the case of self-restraint (Samyama). In this case, injunction is to observe carefulness in walking, speaking, talking, food, keeping & receiving things and evacuating bowels etc. and control of psycho-physical activities of mind, speech and body, which are known as Samitis and Guptis respectively. Prohibition is to avoid injury to all living beings, speaking untruth, stealing, acquisition and so on. Here injunctions and prohibitions are for the protection of Samyama, and not contradictory in nature. Throughout JinaSasana, the same method is followed. In other words, JinaSasana prescribes the means of liberation and obstacles in the path of liberation are prohibited. This is not the case with other systems (Sastras) where Artha and Kama are dominant factors and Moksa is secondary. Secondly, in Jainism, non-contradictory injunctions and prohibitions are

prescribed to protect particular religious action while in other systems, injunctions are found contradictory. Statements like 'No living being can be injured and injury done for sacrifices, is not injury' make that nature very clear. Such kind of Sastra cannot be purified by Cheda method. All other Sastras hold only one-sided view and Anekanta alone reconciles different view-points giving all-sided meaning of reality, thus, JinaSasana, which upholds Anekanta alone is real Sastra. According to it, Atman is one from the point of view of sub tance and many from the point of view of modifications. To judge things from all sides, Anekanta is the only alternative.

Anekantavada is a systematic reconciliation of different kinds of Nayas. Naya is a partial viewpoint about reality. It cannot give a complete picture of a thing. It is right in its own way. But when only one aspect is taken to be real, then it becomes fallacious, because reality has many aspects. There is no contradiction involved and no violation of law of contradiction in applying opposite predicates to the same thing in different capacities because they are applied to its aspects such as matter, state, space and time. It is seen that mutually contradictory elements can exist in one and the same thing in different capacities because they are applied to its different capacity, such as, the same man is a father to his son, son to his father, husband to his wife and so on.

In fact, positive and negative aspects must both belong to everything. If only positive aspects belong to it, there would be nothing to distinguish it from another and all things would become 'Sat'. If instead, only the negative aspects belong to a thing, it would have no intrinsic value. So, production, destruction and permanence is the nature of Reality and this many-sided characteristic of reality is the basis of Anekantavada.

Anekantavada combines all viewpoints and this is the only way to know the real nature of a thing. By saying Anekanta is a real method we are not emphasising Anekantavada in the form of Anekanta, because, in this, on the basis of context and intention of the speakers particular viewpoint becomes dominant and other viewpoint becomes subordinate. Anekanta is not a single doctrine; it is a combination of many Nayas and does not uphold particular viewpoint. Thus, it cannot be said that, it is also Ekantavada. This is a doctrine of reconciliation and acceptable to almost all the systems of Indian philosophy. It harmonises all the conflicting views and sees unity in diversity.

Yasovijaya beautifully describes how no system of Indian philosophy can reject Anekantavada. Samkhya system cannot reject Anekamtavada because it upholds the view that mutually contradictory attributes can exist in one and the same thing by stating that Prakrti consists of Sattva, Rajas and Tamas. Anekantavada is not unacceptable to Vijnanavadi Buddhist because he claims - that Vijnana is one but takes different forms. That means Vijnana is one and many. Again, Nyayayikas cannot reject Anekanta because according to them, through the conglomeration of several mutually exclusive Rupas belong to a single substance (citrarupa), and its knowledge is authentic; it is one and many. In other words, according to Nyaya-Vaisesikas, Citrarupas can exist in one and the same substance. PrabhakaraMimamsakas will not object because they hold that, though knowledge is one, still indirect knowledge is different from direct knowledge. Kumaril Bhatta, who claims that reality is both universal and particular, identity-cum-difference, upholds the Anekantavada. Even AdvaitaVedantists cannot refute Anekanta because, for them, Atman is bound as well as unbound. From the phenomenal point of view, Atman is bound and Atman is unbound, ever free, from the transcendental point of view. The Vedas, upholding the different meanings of Mantras, would not have any complaint against Anekantavada. In this way, Yasovijaya tries to show all pervasiveness of Anekanta doctrine. He mentions that Materiatist's (Carvakas) approval or disapproval of Anekanta is not worth considering because they

are too ignorant about metaphysical problems.

Yasovijaya points out that both absolute eternalism and absolute non-eternalism are unalterable because of their one-sidedness. If Atman is exclusively eternal, the experience of happiness and misery will thereby be rendered impossible. Eternal, (Nitya) means unchangeable. Unless Atman could pass from one state to another, there cannot be an experience of happiness and misery, one after another. Every injury and non-injury, merit and demerit etc. is not possible, if Atman is taken as absolutely eternal. Similarly, if Atman is absolutely non-eternal (Anitya), then merits and demerits, bondage and liberation become meaningless. Absolute non- eternity means an end of the law of retribution, which requires personal identity of the doer and the enjoyer. So, both these views suffer from one-sidedness and the truth is that Atman is neither absolutely real nor absolutely unreal or changing, but real as well as unreal, eternal as well as non-eternal. Atman is eternal, never changing. Atman is eternal, never changing from the point of view of substance and it is ever changing, non-eternal from the point of view of modifications. Viewed from the transcendental standpoint, it is unchained, but viewed from the phenomenal point of view, it is chained. It is one from the point of view of Atmatva, it is many from the point of view of Sarhsara. This is a proper approach to everything, which gives correct picture of reality. This approach is called Anekantavada. The peculiarity of this doctrine is that it treats all the different viewpoints (Nayas) impartially like a father. It has no special affection towards any single Naya. Ignorant of this fact many others c1i.ticise it as a method of doubt and so on. Really speaking, one who is aspirant of liberation, must have, not only emdite scholarship of this Jaina Sastra, but have firm faith in it.

**Jnana Yoga Suddhi :**

The second chapter deals with the importance of knowledge and the consequences of its practical aspects. Mere knowledge of Sastras cannot lead to the highest goal. The main aim of Sastras is to give a dear idea about the reality and to show the path to realise it. But, on its own, it does not bestow the realisation of Atman. Realisation is a result of practice of those principles taught by the Siistras. It is a matter of personal experience. This highest goal is achieved by thinking that everything is a play of matter like magical figures produced by magicians and meditating on qualities of the Atman. The Muni who is engrossed in the knowledge of the Atman, cannot have attachment towards worldly objects. Atman is self-luminous and realisation of Atman is real happiness. To attain this highest happiness is in one's own hand. Running after worldly things means invitation to misery. Thus, realisation of self-luminous Atman is a state supreme happiness, which cannot be described in words and cannot be compared with any mundane pleasure, such as embracing one's beloved or anointment of body with sandalwood.

In describing the nature of Atman, Yasovijay follows the Upanisadic path. He even quotes Upaniadas. Atman is pure consciousness and this characteristic demarcates Atman from other objects. Atman is really indescribable, beyond thought and words and independent from all kinds of objects. This Atman is pure Brahman and it cannot be known through even thousands of arguments of Sastra. It can only be realised by direct, pure experience. This non-dual experience of Brahman cannot be gained either by scriptures or mind or intellect. It is indescribable, undivided experience. It is the highest state - Turyavastha, which is beyond the states of waking, dreaming and deep sleep. Existence of Atman cannot be logically demonstrated but it is felt within. Realisation of Atman is called Svasamaya (Transcendental State). Atman is pure consciousness by nature, free from all kinds off blemishes. This so called impurity is superimposed on Atman by Karmic matter. When the conception of duality about

Brahman (such as pure and impure Atman) vanishes, then there remains a non-dual / pure Atman. Here our author speaks like Advaitin by stating that Brahman is the highest universal in which all divisions born out of different view-points merge, like waves of ocean produced by ghastly winds, which ultimately merge in the ocean. This highest universal touches all the six substances on account of substantiality. But from the phenomenal point of view, particulars are accepted for practical purpose. Finally, Yasovijaya wants to say that nature of Atman is 'Existence', Consciousness & Bliss". It is non-contradicted by any kind of reasoning because it transcends all reasoning. It is a matter of yogic perception. Just as a small girl cannot understand the pleasure derived from the husband, similarly, the bliss, which is produced by yogic method, cannot be known by ordinary people.

In this chapter itself, Yasovijaya says that, in the beginning aspirants of liberation must follow self-restraint, celibacy etc. when they become really competent, then only the real nature of Atman and everything is Brahman etc. must be taught. To teach 'Everything is Brahman' from the very beginning is dangerous because an incompetent cannot understand such a high levelthought and it may lead him to self-destruction. Thus, Guru must be careful in imparting his knowledge.

**Kriya Yoga Suddhi :**

Third chapter is devoted to explain the importance of action. Yasovijaya sometimes speaks in terms of Bhagvadgita. He states that even after the realisation of the Self, the realised person perfonns actions, but he is unaffected by those actions. He performs actions for the benefit of others. His actions are ideals for the society. He who wants to achieve the highest goal, must follow the religious and moral duties. Without action, without practice, having just the knowledge is futile. Without walking, just by standing at one place, no one can reach his destination. So, without conduct, knowledge cannot lead us to our destination. Actions are to be performed to develop spiritual qualities and to keep Sari1yama. Following the code of conduct only, one attains a state of Sthitaprajna. Wrong knowledge is destroyed by both the Right Knowledge and the Right Action. So, both have to be simultaneously pursued. There are some hypocrites in the world who claim that knowledge alone is enough to lead us to self-realisation and action is not necessary. Really speaking, they are neither Jnanis nor men of action. Equal respect is to be shown to both knowledge and action.

**SamyayogaSuddhi :**

In the fourth chapter, Yasovijaya describes the state attained by the Yogi. An aspirant of moksa riding on the chariot of sameness along with knowledge and action, reaches the transcendental state. It is the state of desirelessness and equanimity. He is unmoved by any kind of worldly attraction. This state itself is like blissful ocean. In this state all kinds of illusions vanish. Reaching this state, one enjoys only bliss, nothing else. To reach the state of sameness (Samatva) one has to give up 'mine'ness (mamatva). In this state Atman shines in its pristine purity. In this state of permanent bliss, neither worldly pain nor pleasures exist. It is a state of liberation. Yasovijaya tells us that for common people Samata is a means to achieve liberation, but for the liberated, it is a state of liberation itself.

This work of the author is undoubtedly, an outcome of profound knowledge and experience. He originally can be seen to be presenting the same old ideal presented by Umaswati in a different and convincing manner. He tries to reconcile different philosophical viewpoints on the basis of Anekantavada. Yasovijaya's speciality here is, like Upanisada sages, he describes his mystical experience in similar terms. This book of the learned author is a very important contribution to philosophy and deserves more attention of the scholars of comparative religion and philosophy.

✦ ✦ ✦

Contact: 96193 7958

# જો મારો હોય અંતિમ પત્ર તો...

(અનુસંધાન કવર પાનું ૫૬થી)

પર રાખવાથી તમારી આત્મશ્રધ્ધા વધારે મજબૂત બનશે. તેનો અર્થ તમારા પોતાના આત્મા પર વિશ્વાસ કરવો કારણ આત્મા એ જ પરમાત્મા છે. તેમાં શુધ્ધ મન દ્વારા ઊતરો તેને જાણો અને તમારા પોતાના આત્મિક સત્યમાં સ્થિર થઈને જીવન જીવે જજો એ જ મારો ઉપદેશ છે.

બીજા જેવા થવા મથશો નહીં અને બીજા તમારુ કલ્યાણ કરશે તેવા ભાવમાંથી મુક્ત થાવ એમાં જરા પણ માલ નથી. તમે જ તમારી રીતે પવિત્ર જ છો. આ પવિત્રતાને પિછાણો માટે ઉપરોક્ત ચાર બાબતોનું ચિંતન કરીને તેનું અમલીકરણ કરવાથી, તમારું આગળનું જીવન સરળ, સુખ-શાંતિભર્યું રહેશે જેની ખાતરી આપું છું.

તમારા જીવનમાં બીજા શું કરે છે, તે વિચારોમાં તમારે શું કરવું જોઈએ તે જ સત્ય સ્વરૂપ થઈને વિચારો અને શુધ્ધ થઈને આચરણ કરો આચરણ એ જ સત્ય ધર્મ છે. આનાથી ઉત્તમ ધર્મ બીજો કોઈ આ જગતમાં નથી. કોઈ તમારો ઉદ્ધાર કરશે તેમાં માલ નથી. એમ સ્પષ્ટ કહ્યું.

જીવનમાં પોતાની જ જીવન સાધના માટે પોતાના જ સ્વ-પર અને સ્વ-પ્રયત્ન પર જ આધાર રાખીને પ્રત્યેક માણસે પોતાના નિર્વાણનો અધિકાર ધરાવે જ છે. એટલે પોતાએ જ પોતાના સ્વ-પ્રયત્ન દ્વારા જ નિર્વાણ મોક્ષ પ્રાપ્ત કરવાનો છે. આ માટે કોઈપણની કૃપા કે આશીર્વાદની જરૂરિયાત નથી. પરમાત્માની કૃપાની પણ જરૂરિયાત નથી, એવા ભાવમાંથી મુક્ત થાવ અને સાક્ષી ભાવનો સ્વીકાર કરો.

આમ તમો તમારા પોતાના જ આત્મા પર આત્મ શ્રધ્ધાનોશુધ્ધ ભાવ રાખી, આવા અંતરનાભાવમાં સ્થિર થઈને જ આંતર પ્રકાશ પ્રાપ્ત કરી જ શકો છો. આજ જીવનમાં સત્ય છે. તમારા પોતાના જ સત્યને વળગો અસત્યને છોડો. એ જ સત્ય ધર્મનું અનુસરણ છે.

આમ આપણે આપણી પરમ શાંતિ, પરમ આનંદ અને પરમ નિર્વાણ, કેવલી કે મોક્ષ માટે આપણે પોતાએ જ મથવાનું છે. આપણે જ આંતરસાધના દ્વારા આંતરિક રીતે શુધ્ધ થવાનું છે. અને પોતાની જ અંતઃસ્ફુરણાથી ચડિયાતી બીજી કોઈ સત્ય બાબત આ જગતમાં નથી. તેને પરમ આનંદ સાથે પ્રાપ્ત કરો અને આત્મિક સત્યમાં સ્થિર થઈને જીવો એ જ જીવન છે. એ જ સત્ય ધર્મનું અનુસરણ છે.

✦ ✦ ✦

સંપર્ક : sarujivan39@gmail.com, અમેરિકા

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

## જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૧૫૦/- | મહેશ પી. શાહ |
| ૨૦૦૦/- | અરૂણાબેન એમ. શાહ |
| ૨૦૦૦/- | નીલય શાહ |
| ૨૦૦૦/- | સોહલ શાહ |
| ૨૦૦૦/- | સુજલ શાહ |
| ૨૦૦૦/- | જય શાહ |
| **૧૨,૧૫૦/-** | |

## જરનલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૮૩,૦૦૦/- | એમ. કે. શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૮૩,૦૦૦/- | શ્રેયસ પ્રચારક સભા |
| ૧૫,૦૦૦/- | જયંતિલાલ જે. શેઠ (HUF) |
| ૧૧,૦૦૦/- | સુરેન્દ્ર બી. શાહ |
| ૨,૫૦૦/- | રસીકચંદ્ર ધીરજલાલ તુરખીયા |
| ૯૦૦/- | ઈન્દ્રવદન સી. શાહ |
| **૧,૯૫૪૦૦/-** | |

**સુધારો :** ૧. જનરલ ડોનેશન – રમાબેન જે. મહેતાની જગ્યાએ રમાબેન વી. મહેતા

૨. જનરલ ડોનેશન – શીલ્પા બુદ્ધદેવ, હેમાંગ બુદ્ધદેવ – ચારુ બુદ્ધદેવ આ ડોનેશન એજ્યુકેશન માટે છે.

૩. જનરલ ડોનેશન – બંસરીબેન પારેખ ૫૦,૦૦૦માંથી ૨૫,૦૦૦ જનરલ ડોનેશન અને ૨૫,૦૦૦ પ્રબુદ્ધ જીવન સૌજન્ય, ફેબ્રુઆરી-૨૨.

૪. એજ્યુકેશન ફંડ – ઈંદિરાબેન નગીનદાસ શાહની જગ્યાએ ઈંદિરાબેન નગીનદાસ ચેરિટેબલ ટ્રસ્ટ.

# સલાહ

**રતિલાલ બોરીસાગર**

એક વયોવૃદ્ધ પુરુષે કહ્યું, અમને સલાહ વિશે કહો.

ત્યારે તે બોલ્યા :

આ જગતને વિશે તમારો જન્મ સલાહ આપવા માટે જ થયો છે એમ તમે જાણજો.

આ જગતને વિશે અત્યારે જે સુખી મનુષ્યો છે, ભવિષ્યમાં જે સુખી મનુષ્યો થવાનાં છે, એ કેવળ તમારી સલાહનું સુપરિણામ છે અને આ જગતને વિશે જે દુઃખી મનુષ્યો છે ને ભવિષ્યમાં દુઃખી થવાનાં છે તે સૌ તમારી સલાહ ન માનવાને કારણે જ દુઃખી છે ને દુઃખી થવાનાં છે તેવી દઢ માન્યતા તમે સેવજો.

સલાહ લેનાર આપનાર પાસે જતો નથી, સલાહ આપનારે જ સલાહ લેનારને શોધી કાઢવાનો હોય છે; માટે કોઈ સલાહ લેવા આવે એની રાહ જોઈને તમે કદી બેસી રહેશો નહીં.

તમારાં સગાંસંબંધીઓ, મિત્રો-પરિચિતોનાં નામોનું કક્કાવારી પ્રમાણે હિટલિસ્ટ બનાવજો. દર વર્ષે, દર મહિને, દર અઠવાડિયે, દર કલાકે, દર સેકન્ડે કોને સલાહ આપવી એ નક્કી કરી રાખજો. પ્રાચીન કાળમાં રાજાઓ મૃગયા કરવા નીકળતા એમ તમે આ હિટલિસ્ટ પ્રમાણે મૃગયાએ નીકળજો. આવો મૃગયાકાળ જ તમારી જિંદગીનો ઉત્તમ કાળ છે એમ ગણજો.

તમારી સલાહમાં તમે અપાર વૈવિધ્ય દાખવજો. પરણવા તૈયાર થયેલાંને તમે નહીં પરણવાની સલાહ આપજો ને પરણવાની આનાકાની કરનારને પરણવાની સલાહ આપજો. પત્ની પર પ્રભાવ સ્થાપિત કરવા શું કરવું જોઈએ તેની સલાહ તમે પતિને આપજો અને પતિ જો પ્રભાવ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે તો એનો પ્રતિકાર કેમ કરવો એની સલાહ પત્નીને આપજો.

જે વિષયમાં તમે જાણતા હો તેમાં જ સલાહ આપવી એવી સંકુચિતા તમે કદી રાખશો નહીં. વાળ કાપવા અંગે તમે વાળંદને સલાહ આપજો. એમ કરતાં તમને અસ્ત્રો વાગી જાય તો એની પરવા કરશો નહીં. બસમાં બેઠા હો અને ડ્રાઈવરની સીટની નજીક તમારી સીટ આવે તો બસ ચલાવવા અંગે ડ્રાઈવરને સલાહ આપવાનું તમે ચૂકશો નહીં. લગ્નપ્રસંગે ખાસ વહેલા જઈ રસોઈ બનાવવા અંગે રસોઈયાને તમે જરૂર સલાહ આપજો.

તમે જેને ઓળખતા હો તેને જ સલાહ આપવી એવી સંકુચિતતા તમે કદી ન સેવજો. ગુજરાતી છાપામાં ચર્ચાપત્ર લખીને તમે અમેરિકા, રશિયા કે ફ્રાંસના પ્રમુખને, ઇંગ્લૅન્ડના વડાપ્રધાનને કે યુનોના મહામંત્રીને સલાહ આપજો. એ લોકો ગુજરાતી ભાષા જાણતા નથી એવું માની એ લોકોને તમારી સલાહથી કદી વંચિત ન રાખશો. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે કોની નિયુક્તિ કરવી એ અંગે સલાહ આપતા પત્રો તમે ક્રિકેટ કંટ્રોલ બોર્ડના પ્રમુખને લખતા રહેજો. ચૂંટણીમાં કોઈ પક્ષને બહુમતી ન મળે તે હંગામી પાર્લમેન્ટ રચાય તો શું કરવું એની સલાહ આપતો પત્ર ભારતના રાષ્ટ્રપતિને તમે લખજો.

સલાહ આ જગતનો શ્વાસપ્રાણ છે. કોઈ કોઈને સલાહ આપી રહ્યું ન હોય એવી એક પણ ક્ષણ પૃથ્વીની ઉત્પત્તિ થઈ ત્યારથી આજ સુધીમાં ક્યારેય આવી નથી ને પૃથ્વીનો

વિનાશ થશે ત્યાં સુધી કદી આવશે નહીં એમ નિશ્ચિત જાણજો.

બધાં બધાંને બધો વખત સલાહ આપે છે ને કોઈ કોઈની સલાહ ક્યારેય માનતું નથી તો સલાહ શા માટે આપવી એવું વિચારી કદી નિરાશ થશો નહીં. સલાહ ન માનનારને ફરીફરી સલાહ આપજો. બીજી સલાહોની સાથે તમારી સલાહ માનવાની સલાહ પણ આપજો.

આ સલાહ આપવાની મનુષ્યની વૃત્તિને પ્રવૃત્તિને કારણે જ આ જગત આટલું આનંદમય છે એવી શ્રદ્ધા તમે સદૈવ ટકાવી રાખજો.

✦ ✦ ✦

લેખકના પુસ્તક : **'જ્ઞ'થી 'ક' સુધીમાંથી સાભાર**

## ભાવ – પ્રતિભાવ

**ભા**રતની અતલમાં અમૂલ્ય રત્નો પડેલા છે. તે જ રીતે આજ ભૂમિમાં માનવ રત્નો છે. જેઓ સમાજના વિકાસ માટે પોતાનું જીવન સમર્પિત કરી રહ્યા છે. ભવિષ્યમાં પણ આવા જીવન સમર્પિત કરતા થતા રહેશે. ખરેખર તેઓને નમન કરવા જોઈએ.

સિંધુતાઈ સતકાળે અનેક સમસ્યાઓ વચ્ચે અનાથ બાળકોના નાથ બની હૃદયના ભાવથી પ્રેમ આપ્યો છે. તેમનું શરૂઆતનું જીવન પીડાદાયક રહ્યું. સંસાર જીવન એટલું જ દયાજનક રહ્યું. અનેક યાતનાઓ વેઠવી પડી હતી. પીડાને હિંમતથી દૂર કરી અનાથ બાળકોનાં 'મા' બની ગયા. તેમનું સન્માન થાય જ.

પ્રવાસ વર્ણન – તેના અનુભવ બીજા અનેકોને પ્રેરણાદાયી બની રહે છે.

માનન્ય શ્રી કુમારભાઈનો 'મારો અસબાબ'માં પોતાના બાલ્યવસ્થાના અનુભવોનો નિચોડ આપી રહ્યા છે. નાનપણથી અધ્યયન અને વાર્તા (બાળવાર્તા)ઓ લખતા થયા. અને સામયિકોમાં આપતા રહ્યા. તેઓના સમયના ગાળાઓમાં અનેક વિદ્વાનો, સાહિત્યકારો પોતાના પિતાશ્રી તેમ જ અન્યનો ભરપૂર લાભ મળ્યો, પ્રથમથી અભ્યાસદત્ત રહેતા તેના પરિણામ સ્વરૂપ આજે દેશ-દુનિયામાં ધર્મ તેમજ અન્ય વિષયો પર પોતાની વાણીનો લાભ આપી રહ્યા છે.

અગાઉ પોતાના પિતાશ્રીના જીવન-અનુભવો હતા. રજૂ કર્યા હતા. હવે પોતાના જીવનના અનુભવો-બનાવો સમાજના શરણે ધરી રહ્યા છે. તેઓને મારા પ્રણામ.

◆ ◆ ◆

**મનુભાઈ,** ભાવનગર

## ગાંધી બોલે છે...

**અનુવાદ : હેમંતકુમાર શાહ**

☛ લોકશાહીમાં વ્યક્તિના મત અને કાર્યની સ્વતંત્રતાનું કાળજીપૂર્વક રક્ષણ કરવામાં આવે છે. માટે હું એમ માનું છું કે લઘુમતીને બહુમતીથી અલગ આચરણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે.

☛ લોકોની મોટા ભાગની ભારે ગરીબી આર્થિક અને ઔદ્યોગિક જીવનમાં સ્વદેશીની વિનાશક વિદાય છે. ભારતની બહારથી કોઈ પણ વેપારી ચીજ લાવવામાં આવી ના હોત તો, આજે એ દૂધ અને મધની નદીઓ ધરાવતી ભૂમિ હોત.


# અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
સંપર્ક: ૯૮૧૯૩ ૭૨૯૦૮

## પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્રવિજય મહારાજ

**પ્ર**બુદ્ધ જીવનમાં ડૉક્ટરેટ, વિદ્વાનો, આચાર્ય, સાધુ-સંતો લેખકોની પેનલ નિયમિતપણે આધ્યાત્મિક, સર્જનાત્મક સામગ્રી પ્રદાન કરીને મેગેઝિનને સમૃદ્ધ બનાવતા રહ્યા છે. પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજયમહારાજના લેખોની સૂચિ નીચે મુજબ છે. વિગતવાર વાંચન માટે visit http://prabuddhjeevan.in

| | | | |
|---|---|---|---|
| May-02 | ભૂ-ર્ભુવ – સ્વઃ પદગર્ભિત જૈન સ્ત્રોતો | Feb-18 | પ્રાણ આધારિત વિવિધ સાધનાપદ્ધતિ |
| Oct-04 | પારિભાષિક પદ-પંક્તિઓનું વિવેચન | Apr-18 | જ્ઞાન-દર્શન-મીમાંસા |
| Jan-12 | નાદબ્રહ્મ | Apr-19 | જૈન પદોમાં પારિભાષિક પ્રયોગો |
| Nov-12 | બહુ પ્રયુક્ત વિશેષણ – એક વિશ્લેષણ | May-19 | જૈન દર્શનની દૃષ્ટિએ અહિંસા |
| May-13 | અનુપ્રેક્ષા આચમન Anupreksha | Aug-19 | પૂર્વ (East) અને પશ્ચિમ (West)ની સંસ્કૃતિને ઓળખીએ અને સાચા-ખોટાને પારખીએ |
| Dec-13 | ભૂ-ભુર્વઃ સ્વ પબ ગર્ભિત જૈન સ્તોત્રો | Apr-20 | ચાર આશીર્વચન |
| Jun-14 | ગજલક્ષ્મી – મહાલક્ષ્મી | Nov-20 | જિનનામ મંત્રનો મહિમા |
| Aug-16 | યશસ્તિલકચમ્પૂ (કાવ્ય) | May-21 | શરણાગતિ |
| Sep-16 | મિચ્છા મિ દિક્કડ્મ – એક અવલોકન | Nov-21 | શબ્દ ચિંતન |
| Sep-17 | જૈન સાહિત્યમાં પ્રાણી પ્રેમનાં દૃષ્ટાંતો | | |



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2022-24. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2022 - 24 & Published on 16th of Every Month & Posted on 16th & 17th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# અંતિમ ક્ષણ માટે વિચારો અને અમલ કરો...

તત્વચિંતક વી. પટેલ

**બૌ**દ્ધ ધર્મનાં પ્રણેતા ભગવાન શ્રી ગૌતમ બુધ્ધના જીવનની અંતિમ ક્ષણો હતી ત્યારે વાતાવરણ 'બુધ્ધમ્ શરણમ્ ગચ્છામિ'નાં પવિત્ર નાદથી ગુંજી રહ્યું હતું. એ વખતે ભગવાન બુધ્ધના ખાસ પટ્ટશિષ્યે પ્રણામ કરીને કહ્યું, 'હે ભગવંત આપની આ વિદાયની ક્ષણે અમે ખૂબ શોકાતુર છીએ. કૃપા કરીને આપ અમને કંઈક સંદેશો આપતા જાવ. જેના લીધે અમારું આગળનું જીવન ઉજ્જવળ બને.'

તથાગત બુધ્ધે ઉત્તરમાં જણાવ્યું, 'અપનદિવો ભવ. તું જ તારો સદાય દીપક બનીને રહે. માણસના પોતાના જીવનના રાહને ઉજાળવા સ્વયંનો આત્મિય પ્રકાશ ઉપયોગી બનતો હોય છે. બીજા દ્વારા ઉધ્ધાર થશે એમાં માલ નથી. જો થતો હોત તો આજે ઉધ્ધાર કરવા વાળા શેરીએ શેરી રખડતાં જોવા મળે છે. તો આખા ભારતનો ઉધ્ધાર થઈ જ ગયો હોત, પણ એ શક્ય જ નથી. તે તો ભટકાવી મારે એટલું નક્કી, બીજાનો પ્રકાશ ક્યારેક કામ આવતો નથી. અને 'બીજા મારો ઉધ્ધાર કરશે' એ ભ્રમમાંથી મુક્ત થાવ તેમાં જ તમારું કલ્યાણ છે. આ દુનિયામાં આશીર્વાદ જેવુ બીજું કોઈ મહા ગપ નથી, અને ચમત્કાર જેવુ કોઈ જુઠ નથી ગંગા નાવાથી પાપ ધોવાય જાય એના જેવુ છેતરવાનું બીજું કોઈ જગતમાં જુઠ નથી. એટલે આશીર્વાદ લેવા દોડો નહીં, તમે પોતે જ પરમાત્મા સ્વરૂપ છો. તેને આત્મસ્થ અને હૃદયસ્થ થઈ અંતરમાં ઉતારી જાણો અને આનંદથી જીવો.

એ જ પ્રમાણે ગ્રીસનાં મહાન ફિલસૂફ પ્લેટોએ પણ પોતાની અંતિમ સમયે, તેમનાં અનુયાયીઓને ચાર જીવનપયોગી મહત્વની વાત કરેલી. જે સૌના માટે અર્થપૂર્ણ અને અનુસરવા યોગ્ય છે, તેને જાણો અને આચારો.

પ્લેટોએ પોતાનાં શિષ્યોને કહેલું, ''આજે તમને હું ચાર મહત્વની વાતો જણાવું છું. જેમાંની બે બાબતો તમારા જીવનમાં હંમેશા યાદ રાખજો. બાકીની બે બાબતો જલદીથી ભૂલી જજો.''

પ્રથમ, જો કોઈએ તમારા વિરુદ્ધમાં નિંદા કરેલી હોય કે વિરોધી કૃત્ય કર્યું હોય તો તે હંમેશને માટે ભૂલી જજો. બીજા પર મનમાં રાખેલો રોષ, તેમના કરતાં તમને વધારે નુકશાન પહોંચાડતો હોય છે.

બીજી વાત, તમે જો ક્યારેય કોઈનાં ઉપર ઉપકાર કર્યો હોય, તેમનું કામ સમય અને કિંમત ચૂકવીને પણ જો કરી આપ્યું હોય તો હંમેશ માટે ભૂલી જજો જેથી તમારા મનમાં 'હું' પદનો શયતાન ચડી ન બેસે તે જોજો.

હવે હંમેશાં યાદ રાખવા જેવી વાત ધ્યાનથી સાંભળજો, મૃત્યુભાવનું સ્મરણ સદાય રાખવું. એ હકીકતને સતત યાદ રાખવાથી, તમે ખોટા કર્મો કરતાં અટકી જાવ છો અને આત્મિક સત્ય સ્વરૂપ થઈને કર્મો કરતાં થાવ છો. એ પછી તે બધું જ અસત્ય અર્થહીન લાગે છે.જે અસત્ય અર્થહીન લાગે તેનાથી મુક્ત થાવ અને તમારા પોતાના જ સત્યને જ અનુસરો. બીજાંનું સત્ય એ તમારું સત્ય કદી બનતું જ નથી. બીજાના સત્ય અનુસાર ચાલવું એટલે ભટકાવ છે. ભય અને ભ્રમ જાળમાં ફસાવું છે.

પોતાના આત્મિક સત્યમાં સ્થિર થવાથી બીજાને મદદરૂપ થવાની સદ્‌ભાવના ઉત્પન્ન થાય છે. અને તમારા આત્માને છેતરીને કે બનાવીને કોઈ કૃત્ય કરતાં જ નહીં. અને આત્મિક સત્ય સ્વરૂપ જીવન જીવજો.

ચોથી, પણ સૌથી મહત્વપૂર્ણ છેલ્લી વાત. એ વાતને હંમેશા યાદ રાખવા જેવી છે કે પરમેશ્વરની ઇચ્છા વિના વૃક્ષનું પાંદડું પણ હલી શકતું નથી. એની મરજી સર્વસ્વ છે. આવી આસ્થા પરમેશ્વર

*(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૨)*

Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Raod, Mumbai - 400 004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415

**Editor : Dr. Sejal M. Shah**

Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.